આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વર રચિત

પંચસૂત્ર

પ્રકાશિકા : શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ-૧૪.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિવર રચિત

પંચસૂત્ર (પાંચે સૂત્ર)

(મૂલ, સંસ્કૃત છાયા, શબ્દાર્થ, ભાવાર્થ સાથે)

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા

અમદાવાદ-૧૪.

વિ.સં. ૨૦૫૬, ગુરુપૂર્ણિમા

મૂલ્ય : પચીસ રૂપિયા

પ્રાપ્તિસ્થાન

૧. જિતેન્દ્રભાઈ કાપડીયા
અજંતા પ્રિન્ટર્સ
૧૨/બી, સત્તર તાલુકા સોસાયટી, પોસ્ટ : નવજીવન,
અમદાવાદ-૩૮૦ ૦૧૪.
ફોન : (ઓ) ૭૫૪૫૫૫૭, ૬૬૦૦૯૨૬

૨. શરદભાઈ ઘોઘાવાળા
બી-૧, વી. ટી. એપાર્ટમેન્ટ, કાળાનાળા,
ભાવનગર.

- કવરપેજ ડિઝાઈન : સી. નરેન
- નકલ : ૧૦૦૦
- મૂલ્ય : પચીસ રૂપિયા

• મુદ્રક •
રીલાએબલ આર્ટ પ્રિન્ટરી
ઘીકાંટા રોડ, અમદાવાદ.
ફોન : ૨૧૭૦૯૧૦, ૨૧૨૨૯૨૧

॥ નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે ॥

પ્રકાશકીયમ્

વર્ષો પહેલાં ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રતાકારરૂપે આ ગ્રંથ આ સ્વરૂપે પ્રકાશિત થયો હતો. વર્તમાન સમયમાં શ્રીસંઘમાં આ પંચસૂત્ર ગ્રંથનું પઠન-પાઠન અને નિત્યપાઠ સારા પ્રમાણમાં પ્રચલિત બન્યાં છે ત્યારે આ પાંચે સૂત્રના પ્રકાશનને જરૂર આવકાર મળસે એવી ખાત્રી છે.

પૂજ્યપાદ આ.મ. શ્રી વિજય દેવસૂરિ મહારાજ, પૂજ્યપાદ આ.મ. શ્રી વિજય હેમચન્દ્રસૂરિ મહારાજ તથા પૂજ્ય આ.મ. શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરિ મહારાજની પ્રેરણાથી સમ્યગ્ જ્ઞાનને પ્રસારવાની પ્રવૃત્તિ અમારી સંસ્થા તરફથી ચાલી રહી છે. તેમાં શ્રીસંઘની શુભેચ્છા અમને સાંપડતી રહો એ જ શુભકામના સાથે...

વિ. સં. ૨૦૫૬ - પ્રકાશક

અષાઢ મહિનો

શ્રુતલાભ

પોતાના પરિવારમાં

સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થાય

તે હેતુથી

શ્રી કંચનબહેન ચીનુભાઈ ત્રિકમલાલ

દોલતનગર, બોરિવલી પૂર્વ,

મુંબઈ-૪૦૦ ૦૬૬

श्री चिरंतनाचार्यकृतं

श्री पञ्चसूत्रम् ।

(मूल तथा शब्दार्थ अने भावार्थ)

१. पावपडिग्घायगुणबीजाहाणसुत्तं ।

(१. पापप्रतिघातगुणबीजाधानसूत्रम्)

પાપનો નાશ કરવો અને ગુણરૂપી બીજનું ધારણ કરવું એ નામનું આ પ્રથમ સૂત્ર છે.

मूलम् : (१) णमो वीतरागाणं सव्वण्णूणं देविंदपूइयाणं जहट्ठियवत्थुवाईणं तेलोक्कगुरुणं अरुहंताणं भगवंताणं जे एवमाइक्खंति-इह खलु अणाइजीवे, अणादिजीवस्स भवे अणादिकम्मसंजोगणिव्वत्तिए, दुक्खरुवे, दुक्खफले, दुक्खाणुबंधे ।

छाया : (१) नमो वीतरागेभ्यः सर्वज्ञेभ्यो देवेन्द्र पूजितेभ्यो यथास्थितवस्तुवादिभ्यस्त्रैलोक्यगुरुभ्योऽरुहेभ्यो भगवद्भ्यः य एवमाचक्षते-इव खल्वनादिजीवः,

अनादिजीवस्य भवोऽनादिकर्मसंयोगनिर्वर्तितः, दुःखरूपः, दुःखफलः, दुःखानुबन्धः ।

शब्दार्थ :

वीयरागाणं =	વીતરાગ, રાગદ્વેષ રહિત
सर्वज्ञ =	જગતના સર્વભાવોને સંપૂર્ણ રીતે જાણનારા
देविंदपूइआणं =	દેવેન્દ્રોએ પૂજેલા
जहट्ठिय =	યથાસ્થિત, જેવી હોય તેવી
वत्थु =	વસ્તુને
वाईणं =	કહેનારા
तेलुक्कगुरुणं =	ત્રણ જગતના ગુરુ
अरुहंताणं =	અરુહ, નહીં ઉત્પન્ન થનારા. હવે પછી કોઈ પણ વખત પુનર્જન્મ નહીં લેનારા
भगवंताणं =	ભગવંતોને
णमो =	નમસ્કાર થાઓ.
जे =	જે ભગવંત
एवं =	આ પ્રમાણે

आइक्खंति = કહે છે

इह = આ લોકમાં

खलु = નિશ્ચે

अणाइजीवे = જીવ અનાદિ છે.

अणादिजीवस्स = અનાદિ એવા જીવનો

भवे = ભવ, સંસાર (પણ અનાદિનો છે.)

अणादिकम्मसंजोगनिव्वत्तिए =

અનાદિ કર્મના સંયોગે કરીને બનેલો છે.

दुक्खरुवे = દુ:ખરૂપ છે.

दुक्खफले = દુ:ખના ફળવાળો છે.

दुक्खाणुबंधे = દુ:ખના અનુબંધવાળો છે.

ભાવાર્થ : સર્વથા રાગ-દ્વેષ રહિત, જગતના સર્વ પદાર્થોને સર્વથા પ્રકારે જાણનારા, સર્વ સુરેન્દ્રોએ પૂજેલા, યથાર્થ વસ્તુની પ્રરૂપણા કરનારા, ત્રણ લોકના ગુરુ અને આ સંસારમાં ફરીથી જન્મ નહીં લેનાર એવા સર્વ ભગવંતોને-જિનેશ્વરોને નમસ્કાર થાઓ. આ મંગલાચરણ કરતાં સૂત્રકારે પ્રભુના ચાર મૂળ અતિશયો પણ ગર્ભિતપણે સૂચવ્યા છે. તે સર્વ જિનેશ્વરો આ પ્રમાણે કહે છે કે - આ

જગતમાં જીવ અનાદિ છે. અને તે અનાદિજીવનો સંસાર અનાદિ એવા કર્મસંયોગે કરીને થયેલો છે. તથા તે સંસાર જન્મ, જરા, મરણ, વ્યાધિ વિગેરે દુઃખથી ભરેલો છે. તથા ચારે ગતિમાં જન્મમરણાદિક ચાલુ હોવાથી તેનું ફળ પણ દુઃખરૂપ જ છે. તથા આ સંસાર દુઃખના અનેક ભવો વડે વેદી શકાય એવી કર્મની પરંપરાને બાંધનારો છે.

मूलम् : (२) एयस्स णं वोच्छित्ती सुद्धधम्माओ । सुद्धधम्मसंपत्ती पावकम्मविगमाओ । पावकम्मविगमो तहाभव्वत्तादिभावाओ ।

छाया : *(२) एतस्य णं व्युच्छित्तिः शुद्धधर्मात्, शुद्धधर्मसंप्राप्तिः पापकर्मविगमात्, पापकर्मविगमस्तथाभव्य-त्वादिभावात् ।*

शब्दार्थ :

एअस्स णं = આ ભવનો
वोच्छित्ती = વિચ્છેદ
सुद्धधम्माओ = શુદ્ધ ધર્મથી થાય છે
सुद्धधम्मसंपत्ती = શુદ્ધ ધર્મની પ્રાપ્તિ

पावकम्मविगमाओ = પાપકર્મના વિનાશથી થાય છે
पावकम्मविगमो = પાપકર્મનો વિનાશ
तहाभव्वत्ताइभावाओ = તથાભવ્યત્વાદિપણાથી થાય છે

ભાવાર્થ : આ ભવનો (સંસારનો) વિચ્છેદ શુદ્ધ ધર્મથી થાય છે તથા શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મનો-મિથ્યાત્વ મોહનીય વિગેરેનો વિનાશ થવાથી થાય છે. તથા પાપકર્મનો વિનાશ તથાભવ્યત્વ આદિ કારણો મળવાથી થાય છે. એટલે કે સિદ્ધિગમનને યોગ્ય એવો જે અનાદિ પારિણામિક ભાવ તે તથાભવ્યત્વ કહેવાય છે. અને 'આદિ' શબ્દ છે તેથી તથાવિધ કાળ, નિયતિ, કર્મ અને પુરુષકાર એ પણ તેનાં કારણો છે.

मूलम् : (३) तस्स पुण विवागसाहणाणि-चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडासेवणं, अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं भुज्जो भुज्जो संकिलिसे, तिकालमसंकिलिसे ।

छाया : (३) तस्य पुनः विपाकसाधनानि-चतुःशरणगमनं, दुष्कृतगर्हा, सुकृतानामासेवनम् । अतः कर्तव्यमिदं

भवितुकामेन सदा सुप्रणिधानं भूयो भूयः संक्लेशे त्रिकालमसंक्लेशे ॥

शब्दार्थ :

तस्स पुण =	વળી તેના એટલે તથાભવ્યત્વ આદિના
विवागसाहणाणि =	ઉદયનાં પરિપાક થવાનાં સાધનો
चउसरणगमणं =	ચાર શરણ કરવાં તે
दुक्कडगरिहा =	દુષ્કૃતની ગર્હા-નિંદા કરવી તે
सुकडाणासेवणं =	સુકૃતની સેવા - અનુમોદના કરવી તે
अओ =	આ કારણથી
होउकामेणं =	મોક્ષના અર્થી ભવ્ય પ્રાણીએ
सया =	સદા
सुप्पणिहाणं =	શુભ એવા પ્રણિધાન વડે એટલે મન-વચન-કાયાની એકાગ્રતા વડે
कायव्वमिणं =	આ ચતુઃશરણાદિ કરવા લાયક છે
संकिलेसे =	તીવ્ર રાગાદિક સંક્લેશ હોય ત્યારે
भुज्जो भुज्जो =	વારંવાર કરવા

असंकिलिसे = સંક્લેશ ન હોય તો
तिकालं = ત્રણ કાળ કરવા

ભાવાર્થ : તે તથાભવ્યત્વ આદિનો ઉદય થવાનાં - પરિપાક થવાનાં - પાકવાનાં આ ત્રણ સાધન એટલે ઉપાય છે. તેમાં એક તો (૧) અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીભાષિત ધર્મ એ ચારનું શરણું કરવું. (૨) પાપકર્મની નિંદા કરવી અને (૩) સુકૃત કરણી કરવી અથવા તેની અનુમોદના કરવી. આ કારણથી મોક્ષના અર્થી ભવ્ય પ્રાણીએ હંમેશાં મન, વચન અને કાયાની એકાગ્રતા વડે આ ચાર શરણ આદિક કરવાલાયક છે. તેમાં જો તીવ્ર રાગાદિક રૂપ સંક્લેશ પરિણામ હોય તો તેણે વારંવાર એ બાબતો કરવી. અને સંક્લિષ્ટ પરિણામ ન હોય તો તેણે તે ત્રણ કાળ કરવી.

मूलम् : (४) जावज्जीवं मे भगवंतो परमतिलोगणाहा अणुत्तरपुण्णसंभारा खीणरागदोसमोहा, अचिंतचिंतामणी भवजलहिपोआ एगंतसरण्णा अरहंता सरणं ॥

छाया : (४) यावज्जीवं मे भगवन्तः परमत्रिलोकनाथा, अनुत्तरपुण्य संभाराः क्षीणरागद्वेषमोहा अचिन्त्यचिन्तामणयो भवजलधिपोता एकान्तशरण्या अर्हन्तः शरणम् ।

शब्दार्थ :

जावज्जीवं = જાવજ્જીવ સુધી

मे = મારે

भगवंतो = સમગ્ર ઐશ્વર્યાદિક વડે યુક્ત

परमतिलोगणाहा = ઉત્કૃષ્ટ ત્રિલોકના નાથ

अणुत्तरपुण्णसंभारा = સર્વોત્તમ પુણ્યના સમૂહવાળા

खीणरागदोषमोहा = ક્ષીણ થયા છે રાગ-દ્વેષ અને મોહ જેના એવા

अचिंतचिंतामणी = જેનું સ્વરૂપ ચિંતવી ન શકાય તેવા ચિંતામણી રત્ન સમાન

भवजलहिपोआ = સંસારરૂપી સમુદ્રને વિષે પ્રવહણ સમાન

एगंतसरण्णा = એકાંતપણે શરણ કરવાલાયક

अरहंता = અર્હંતો

सरणं = શરણરૂપ હો

ભાવાર્થ : જ્ઞાનાદિક સમગ્ર ઐશ્વર્યાદિક વડે યુક્ત, ત્રણ જગતના સર્વોત્તમ નાથરૂપ, સર્વોત્તમ પુણ્યના સમૂહવાળા, સર્વથા રાગ, દ્વેષ અને મોહ રહિત, ચિંતવ્યા વિના પણ મોક્ષ આપનાર હોવાથી અચિંત્ય ચિંતામણી રત્ન સમાન સંસારરૂપ સમુદ્રમાંથી તારનારા હોવાથી પ્રવહણ સમાન તથા સર્વ કોઈ આશ્રય કરનારના હિતકર હોવાથી એકાંતપણે શરણ કરવા યોગ્ય એવા અર્હંતો અર્થાત્ અશોક વૃક્ષાદિક આઠ મહાપ્રતિહાર્યરૂપ પૂજાને યોગ્ય એવા ભગવંતો મારે જીવિતપર્યંત શરણરૂપ છે.

मूलम् : (५) तहा पहीणजरामरणा अवेयकम्मकलंका पणट्ठवाबाहा केवलनाणदंसणा सिद्धिपुरवासी णिरुवमसुहसंगया सव्वहा कयकिच्चा सिद्धा सरणं ।

छाया : *(५) तथा प्रक्षीणजरामरणा अपेतकर्मकलङ्काः प्रणष्टव्याबाधाः केवलज्ञानदर्शनाः सिद्धिपुरनिवासिनो निरुपमसुखसंगताः सर्वथा कृतकृत्याः सिद्धाः शरणम् ॥*

शब्दार्थ :

तहा = तथा

पहीणजरामरणा =	ક્ષીણ થયાં છે જરા, વૃદ્ધાવસ્થા અને મરણ જેમનાં
अवेअकम्मकलंका =	નાશ થયું છે કર્મરૂપી કલંક જેનું
पणट्ठवाबाहा =	નાશ પામી છે સર્વ પ્રકારની પીડા જેને એવા
केवलनाणदंसणा =	કેવલજ્ઞાન અને કેવલદર્શનવાળા
सिद्धिपुरनिवासी =	મોક્ષપુરીમાં વસનારા
निरुवमसुहसंगया =	અનુપમ સુખને પામેલા
सव्वहा =	સર્વથા પ્રકારે
कयकिच्चा =	કર્યું છે કાર્ય જેણે, કૃતાર્થ થયેલા
सिद्धा =	સિદ્ધો
सरणं =	મારે સદા શરણરૂપ હો

ભાવાર્થ : તથા સર્વથા પ્રકારે કૃતાર્થ થયેલા સિદ્ધોનું મારે નિરંતર શરણ હો. તે સિદ્ધના જીવો (જન્મ) જરા અને મરણ રહિત છે, તેમનો કર્મમળ સર્વથા નાશ પામ્યો છે, તેમની સર્વે બાધાઓ સર્વથા નષ્ટ થઈ છે, તેઓ કેવળજ્ઞાન અને કેવળદર્શન સહિત છે, તેઓ સિદ્ધશિલા પર રહેલા છે અને તેઓ અનુપમ સુખમાં નિરંતર મગ્ન થઈ રહેલા છે.

मूलम् : (६) तहा पसंतगंभीरासया सावज्जजोगविरया पंचविहायारजाणगा परोवयारनिरया पउमाइणिदंसणा झाणज्झयणसंगया विसुज्झमाणभावा साहू सरणं ॥

छाया : (६) तथा प्रशान्तगंभीराशयाः सावद्ययोगविरताः पञ्चविधा-चारज्ञाः परोपकारनिरताः पद्मादिनिदर्शना ध्यानाध्ययनसंगता विशुध्यमानभावाः साधवः शरणम् ॥

शब्दार्थ :

तहा = तथा

पसंतगंभीरासया = શાંત અને ગંભીર છે આશય એટલે ચિત્તના પરિણામ જેમના

सावज्जजोगविरया = સાવદ્ય-પાપવાળા વ્યાપારથી વિરામ પામેલા

पंचविहायारजाणगा = પાંચ પ્રકારના આચારને જાણનારા-પાળનારા

परोवयारनिरया = પરોપકાર કરવામાં તત્પર

पउमाइनिदंसणा = પદ્માદિકની ઉપમાવાળા

झाणज्झयणसंगया = ધ્યાન અને અધ્યયન વડે યુક્ત

विसुज्झमाणभावा = વિશુદ્ધ છે ભાવ જેમના (એવાં)

साहू = સાધુઓનું
सरणं = મને શરણ હો

ભાવાર્થ : સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે મોક્ષને સાધનારા મુનિઓનું મારે શરણ હો, તે મુનિઓના ચિત્તના પરિણામ ક્ષાંતિને લીધે અત્યંત શાંત અને અગાધ હોવાથી ગંભીર હોય છે. તેઓ (નિંદ્ય) કરવું, કરાવવું અને અનુમોદવું એ રૂપ પાપવ્યાપારથી વિરામ પામેલા હોય છે. તેઓ જ્ઞાનાચારાદિક પાંચ પ્રકારના આચારને જાણનારા અને પાળનારા હોય છે. તેઓ એકાંત અને અત્યંત પરનો ઉપકાર કરવામાં તત્પર હોય છે, તેઓ પદ્મ (કમળ) જેવા નિર્લેપ રહેનારા છે. જેમ કમળ કાદવમાંથી ઉત્પન્ન થઈ જળમાં રહે છે તો પણ તે કાદવ અને પાણી બંનેથી ન્યારું રહે છે તેમ તેઓ કામભોગરૂપ પંકથી ઉત્પન્ન થઈ કામભોગવાળા સંસારમાં રહ્યા છતાં તે બંનેથી લેપાતા નથી - તેનો ત્યાગ કરે છે. વળી તેઓ એકાગ્ર ચિત્તે ધ્યાન કરવામાં અને સ્વાધ્યાય કરવામાં નિરંતર મગ્ન રહે છે, તથા તેમના ભાવ-ચિત્તના પરિણામ અત્યંત વિશુદ્ધ-નિર્મળ હોય છે.

मूलम् : (७) तहा सुरासुरमणुयपूइओ, मोहतिमिरंसुमाली, राग-दोसविसपरममंतो, हेऊसयलकल्लाणाणं, कम्मवणविहावसू, साहगो सिद्धभावस्स, केवलिपण्णत्तो धम्मो जावज्जीवं मे भगवं सरणं ॥

छाया : (७) तथा सुरासुरमनुजपूजितो मोहतिमिरांशुमाली रागद्वेषविषपरममन्त्रः, हेतुः सकलकल्याणानां, कर्मवनविभावसुः, साधकः सिद्धभावस्य, केवलीप्रज्ञप्तो धर्मो यावज्जीवं मे भगवान् शरणम् ॥

शब्दार्थ :

तहा = તથા

सुरासुरमणुअपूइओ = સુર, અસુર અને મનુષ્યોએ પૂજેલા

मोहतिमिरंसुमाली = મોહરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન

रागदोसविसपरममंतो = રાગદ્વેષરૂપી વિષનો નાશ કરવામાં ઉત્કૃષ્ટ મંત્ર સમાન

सयलकल्लाणाणं = સમગ્ર કલ્યાણનું

हेऊ = કારણ

कम्मवणविहावसु =	કર્મરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન
सिद्धभावस्स =	સિદ્ધપણાને, મોક્ષને
साहगो =	સાધનાર
केवलिपण्णत्तो =	કેવલી ભગવંતે પ્રરૂપેલો
भगवं =	ભગવાન
धम्मो =	ધર્મ
जावज्जीवं =	જાવજ્જીવ
मे =	મારે
सरणं =	શરણરૂપ હો

ભાવાર્થ : તથા કેવળી ભગવંતે પ્રરૂપેલો સમગ્ર ઐશ્વર્યાદિકે કરી યુક્ત એવો પૂજ્ય ધર્મ મારે જાવજ્જીવ શરણરૂપ હો. તે ધર્મ સુર, અસુર અને મનુષ્યોએ પૂજેલો છે, મોહરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન છે. રાગ-દ્વેષરૂપી વિષ દૂર કરવામાં ઉત્કૃષ્ટ મંત્ર સમાન છે. સ્વર્ગાદિક સુખનું કારણ છે. કર્મરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન છે તથા મોક્ષને સાધનારો - આપનારો છે.

सरणमुवगओ अ एएसिं गरिहामि दुक्कडं
शरणमुपगतश्चैतेषां गर्हे दुष्कृतम् ॥

शब्दार्थ :

अ =	તથા
एएसिं =	આ અરિહંતાદિકના
सरणं =	શરણને
उवगओ =	પામેલો હું
दुक्कडं =	દુષ્કૃતની
गरिहामि =	નિંદા કરું છું

ભાવાર્થ : આ રીતે ઉપર પ્રમાણે અરિહંતાદિક ચારનું શરણ કર્યા પછી દુષ્કૃતની નિંદા કરું છુ.

मूलम् : (८) जण्णं अरहंतेसु वा, सिद्धेसु वा, आयरिएसु वा, उवज्झाएसु वा, साहुसु वा, साहुणीसु वा, अन्नेसु वा धम्मट्ठाणेसु माणणिज्जेसु, पूयणिज्जेसु, तहा माईसु वा, पिईसु वा, बंधूसु वा, मित्तेसु वा, उवयारीसु वा, ओहेण वा जीवेसु, मग्गट्ठिएसु, अमग्गट्ठिएसु, मग्गसाहणेसु, अमग्गसाहणेसु, जं किंचि वितहमायरियं, अणायरियव्वं अणिच्छियव्वं पावं

पावाणुबंधि सुहुमं वा बायरं वा मणेण वा वायाए वा काएण वा कयं वा कारावियं वा अणुमोइयं वा रागेण वा दोसेण वा मोहेण वा, एत्थं वा जम्मे जम्मंतरेसु वा, गरहियमेयं दुक्कडमेयं उज्झियव्वमेयं वियाणियं मए कल्लाणमित्त गुरुभगवंतवयणाओ, एवमेयं ति रोइयं सद्धाए, अरहंत-सिद्धसमक्खं गरहामि अहमिणं दुक्कडमेयं उज्झियव्वमेयं । एत्थ मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं ॥

छाया : *(८) यत् णं अर्हत्सु वा सिद्धेषु वाऽऽचार्येषु वा उपाध्यायेषु वा साधुषु वा साध्वीषु वाऽन्येषु वा धर्मस्थानेषु वा माननीयेषु पूजनीयेषु, तथा मातृषु वा पितृषु वा बन्धुषु वा मित्रेषु वा उपकारिषु वा, ओघेन वा जीवेषु मार्गस्थितेषु, अमार्गस्थितेषु, मार्गसाधनेषु अमार्गसाधनेषु यत् किञ्चित् वितथमाचरितं, अनाचरितव्यं, अनेष्टव्यं पापं पापानुबन्धि सूक्ष्मं वा बादरं वा, मनसा वा वाचा वा कायेन वा, कृतं वा कारितं वा अनुमोदितं वा, रागेण वा द्वेषेण वा मोहेन वा, अत्र वा जन्मनि जन्मान्तरेषु वा गर्हितमेतत् दुष्कृतमेतत् उज्झितव्यमेतत् विज्ञातं मया कल्याणमित्रगुरुभगवद्वचनात् एवमेतदिति रोचितं श्रद्धया अर्हत्सिद्धसमक्षं गर्हेऽहमिदं दुष्कृतमेतत् उज्झितव्यमेतत् । अत्र मिथ्या मे दुष्कृतं, मिथ्या मे दुष्कृतं, मिथ्या मे दुष्कृतम् ॥*

शब्दार्थ :

जं =	જે દુષ્કૃત
अरहंतेसु वा =	અરિહંતોને વિષે અથવા
सिद्धेषु वा =	સિદ્ધોને વિષે અથવા
आयरिएसु =	આચાર્યોને વિષે
उवज्झाएसु =	ઉપાધ્યાયોને વિષે
साहुसु =	સાધુઓને વિષે
साहुणीसु =	સાધ્વીઓને વિષે
अन्नेसु =	બીજા એવા
धम्मट्ठाणेसु =	ધર્મનાં સ્થાનો, સામાન્યપણે ગુણો વડે અધિક
माणणिज्जेसु =	માનવાલાયક
पूअणिज्जेसु =	પૂજવાલાયક ગુણીઓને વિષે
तहा =	તથા
माईसु वा =	માતાઓને વિષે અથવા
पिईसु वा =	પિતાઓને વિષે અથવા
बंधुसु वा =	બંધુઓને વિષે અથવા
मित्तेसु वा =	મિત્રોને વિષે અથવા

उवयारिसु वा = ઉપકારીઓને વિષે અથવા
ओहेण वा = ઓઘે, સામાન્યપણે
जीवेसु मग्गट्ठिएसु = સમક્તિ આદિ માર્ગમાં રહેલા જીવોને વિષે
अमग्गट्ठिएसु = માર્ગમાં નહિ રહેલા સર્વ જીવો વિષે
मग्गसाहणेसु = માર્ગને સાધનારા પુસ્તકાદિને વિષે
अमग्गसाहणेसु = માર્ગને નહીં સાધનારા ખડ્ગાદિકને વિષે
जंकिंचि = જે કાંઈ
वितहं = વિપરીત
आयरिअं = આચરણ કર્યું હોય
अणायरिअव्वं = ક્રિયા વડે નહીં આચરણ કરવાલાયક
अणिच्छिअव्वं = મન વડે નહીં ઇચ્છવા
पावं पावाणुबंधि = પાપાનુબંધી પાપ
सुहुमं वा = સૂક્ષ્મ અથવા
बायरं वा = બાદર, મોટું એવું આચર્યું હોય
मणेण वा = મન વડે અથવા
वायाए वा = વાણી વડે અથવા

काएण वा = કાયા વડે અથવા
कयं वा = મેં પોતે કર્યું હોય અથવા
काराविअंवा = બીજા પાસે કરાવ્યું હોય
अणुमोइअं वा = બીજાએ કરેલું સારું માન્યું હોય
रागेण वा = રાગ વડે અથવા
दोसेण वा = દ્વેષ વડે અથવા
मोहेण वा = મોહ વડે
इत्थं वा जम्मे = આ જન્મને વિષે
जम्मंतरेसु वा = અન્ય જન્મોને વિષે
गरहिअमेअं = આ નિંદા કરવાલાયક છે
दुक्कडमेअं = આ દુષ્કૃત છે
उज्झिअव्वमेअं = આ ત્યાગ કરવાલાયક છે
मए = મેં
कल्लाणमित्त = કલ્યાણમિત્ર એવા
गुरुभगवंत = ગુરુ ભગવંતના
वयणाओ = વચનથી
विआणिअं = જાણ્યું છે તેથી
एवमेअं = આ એમ જ છે

ति = એ પ્રમાણે
सद्धाए = શ્રદ્ધા વડે
रोइअं = મને રુચ્યું છે - પસંદ પડ્યું છે
अरिहंतसिद्धसमक्खं = અરિહંત અને સિદ્ધ સમક્ષ
अहं = હું
इणं = એ સર્વ પાપને
गरिहामि = ગર્હું છું
दुक्कडमेअं = આ દુષ્કૃત છે
उज्झिअव्वमेअं = આ ત્યાગ કરવાલાયક એમ કહું છું. અંતઃકરણથી માનું છું.
इत्थ = આ સંબંધમાં
मिच्छामि दुक्कडं = મારું પાપ મિથ્યા થાઓ

ભાવાર્થ: અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, બીજાં ધર્મસ્થાન સામાન્યપણે અધિક ગુણવાળાં, માનવાલાયક, પૂજવાલાયક તથા માતા, પિતા, બંધુ, મિત્ર, ઉપકારી અથવા સામાન્ય રીતે સમ્યક્ત્વાદિક માર્ગમાં રહેલા જીવો, માર્ગમાં નહીં રહેલા સર્વ જીવો, માર્ગને સાધનાર પુસ્તકાદિક અને માર્ગને નહીં સાધનારા

ખડ્ગાદિક આ સર્વને વિષે જે કાંઈ શરીર વડે નહીં આચરવાલાયક અને મન વડે નહીં ઇચ્છવાલાયક સૂક્ષ્મ કે બાદર પાપાનુબંધી પાપ મેં વિપરીતપણે આચર્યું હોય, તે પણ મન, વચન કે કાયા વડે કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય, તે પણ રાગ, દ્વેષ કે મોહ વડે આ જન્મમાં કે અન્ય અતીત જન્મોમાં વિપરીત આચર્યું હોય તે સર્વે ગર્હિત છે, દુષ્કૃત છે, અને ત્યાગ કરવાલાયક છે એમ મેં કલ્યાણમિત્ર એવા ગુરુ ભગવંતના વચનથી જાણ્યું છે અને આ એમ જ છે એ પ્રમાણે શ્રદ્ધાથી મને રુચ્યું છે તેથી અરિહંત અને સિદ્ધની સાક્ષીએ આ ત્યાગ કરવાલાયક સર્વ દુષ્કૃતને હું ગર્હું છું - નિંદું છું અને આ સંબંધમાં મારું પાપ મિથ્યા થાઓ, મારું પાપ મિથ્યા થાઓ, મારું પાપ મિથ્યા થાઓ એમ ત્રણ વાર માફી માગું છું.

मूलम् : (९) होउ मे एसा सम्मं गरहा । होउ मे अकरणनियमो । बहुमयं ममेयं ति इच्छामि अणुसट्ठिं अरहंताणं भगवंताणं गुरुणं कल्लाणमित्ताणं ति । होउ मे एएहिं संजोगो । होउ मे एसा सुपत्थणा । होउ मे एत्थ बहुमाणो । होउ मे इओ मोक्खबीयं ।

छाया : (१) भवतु मे एसा सम्यग्गर्हा । भवतु मेऽकरणनियमः । बहुमतं ममैतत् (द्वयं) इति इच्छामि अनुशास्तिम् अर्हतां भगवतां गुरुणां कल्याणमित्राणामिति भवतु मे एभिः संयोगः । भवतु मे एसा सुप्रार्थना । भवतु मेऽत्र बहुमानः । भवतु मे इतो मोक्षबीजमिति ॥

शब्दार्थ :

मे =	મારે
एसा =	આ ઉપર કહી તે
सम्मं =	સમ્યક્ પ્રકારે, ભાવથી
गरिहा =	ગર્હા
होउ =	થાઓ
मे =	મારે
अकरणनियमो =	ફરી તેવું પાપ નહિ કરવાનો નિયમ
होउ =	હો
एअं =	આ બંને બાબત
मम =	મારે
बहुमयं =	બહુ સંમત છે

ति = તે હેતુ માટે
अरहंताणं = અરિહંત
भगवंताणं = ભગવંતની
कल्लाणमित्ताणं = કલ્યાણમિત્રરૂપ
गुरुणं = ગુરુ મહારાજની
अणुसट्ठि = અનુશાસ્તિને, હિતશિક્ષાને
इच्छामि = હું ઇચ્છું છું
मे = મારે
एएहिं = આ અરિહંતાદિકની સાથે
संजोगो = સંયોગ, ઉચિતયોગ
होउ = થાઓ
मे = મારી
एसा = આ અરિહંતાદિકના સંયોગવાળી
सुपत्थणा = સારી પ્રાર્થના
होउ = થાઓ
मे = મને
एत्थ = આ પ્રાર્થનાને વિષે
बहुमाणो = બહુમાન

होउ = થાઓ
मे = મને
इओ = આ પ્રાર્થનાથી
मुक्खबीअं = મોક્ષબીજ, કુશલાનુબંધી કર્મ
होउ = પ્રાપ્ત થાઓ

ભાવાર્થ : મારે આ ઉપર કહેલી ગર્હા ભાવરૂપ થાઓ અને મારે ફરીથી તેવું પાપ ન કરવાનો નિયમ હો. આ બંને બાબત મને બહુ સંમત છે. તેથી હું અરિહંત ભગવંતની તથા કલ્યાણમિત્ર એવા ગુરુ મહારાજની હિતશિક્ષા ઇચ્છું છું. મને આ અરિહંતાદિકની સાથે ઉચિત યોગ પ્રાપ્ત થાઓ. મારી આ અરિહંતાદિકના સંયોગવાળી પ્રાર્થના સારી સફળ થાઓ. આ પ્રાર્થનાને વિષે મને બહુમાન-હર્ષ ઉત્પન્ન થાઓ. તથા આ પ્રાર્થનાથી મને મોક્ષના બીજરૂપ શુભાનુબંધી કર્મ અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાઓ.

मूलम् : (१०) पत्तेसु एएसु अहं सेवारिहे सिया, आणारिहे सिया, पडिवत्तिजुत्ते सिया, निरइयार पारगे सिया ।

छाया : (१०) प्राप्तेषु एतेषु अहं सेवार्हः स्यां । आज्ञार्हः स्यां । प्रतिपत्तियुक्तः स्यां । निरतिचारं पारगः स्याम् ।

शब्दार्थ :

एएसु =	એ અરિહંતાદિક
पत्तेसु =	પ્રાપ્ત થયે છતે
अहं =	હું
सेवारिहे =	તેમની સેવાને લાયક
सिआ =	થાઉં
आणारिहे =	તેમની આજ્ઞાને લાયક
सिआ =	થઉં
पडिवत्तिजुत्ते =	તેમની સેવા-ભક્તિથી યુક્ત
सिआ =	થાઉં
निरइआर =	અતિચાર રહિતપણે
पारगे =	તેમની આજ્ઞાનો પરગામી
सिआ =	થાઉં

ભાવાર્થ : તે અરિહંતાદિકની પ્રાપ્તિ થવાથી હું તેમની સેવાને લાયક થાઉં, તેમની આજ્ઞા પાળવાને લાયક થાઉં,

તેમની ભક્તિ વડે યુક્ત થાઉં અને અતિચાર રહિતપણે તેમની આજ્ઞાનો પારગામી થાઉં. અર્થાત્ તેમની આજ્ઞાનું નિરતિચારપણે પાલન કરી ભવના પારને ઊતરી શકું એવો થાઉં.

मूलम् : (११) संविग्गो जहासत्तीए सेवेमि सुकडं । अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं, साहुकिरियं, सव्वेसिं सावगाणं मोक्खसाहण-जोगे, एवं सव्वेसिं देवाणं सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे ।

छाया : *(११) संविग्नो यथाशक्ति सेवे सुकृतम् । अनुमोदे सर्वेषामर्हतामनुष्ठानम् सर्वेषां सिद्धानां सिद्धभावं । सर्वेषामाचार्याणामाचारं । सर्वेषामुपाध्यायानां सूत्रप्रदानं । सर्वेषां साधूनां साधुक्रियां । सर्वेषां श्रावकाणां मोक्षसाधनयोगान् । सर्वेषां देवानां सर्वेषां जीवानां भवितुकामानां कल्याणाशयानां मार्गसाधनयोगान् ।*

शब्दार्थ :

संविग्गो = संवेगवाळो, मोक्षनो अभिलाषी थयेलो

जहासत्तीए = शक्ति प्रमाणे, आत्मवीर्य गोपव्या विना

सुकडं = सुकृतने

सेवेमि = सेवुं छुं

सव्वेसिं = सर्वे

अरिहंताणं = अरिहंतोना

अणुट्ठाणं = धर्मकथादिक अनुष्ठानने

अणुमोएमि = हुं अनुमोदुं छुं

सव्वेसिं सिद्धाणं = सर्व सिद्धोना

सिद्धभावं = अव्याबाध आदि सिद्धपणाने अनुमोदुं छुं

सव्वेसिं आयरियाणं - सर्व आचार्योना

आयारं = ज्ञानाचारादिक आचारने अनुमोदुं छुं

सव्वेसिं उवज्झायाणं- सर्व उपाध्यायोना

सुत्तप्पयाणं = द्वादशांगी सूत्रना प्रदानने अनुमोदुं छुं

सव्वेसिं साहूणं = સર્વ સાધુઓની
साहुकिरियं = સ્વાધ્યાય આદિ સારી ક્રિયાને અનુમોદું છું
सव्वेसिं सावगाणं = સર્વ શ્રાવકોના
मुक्खसाहणजोगे = વેયાવચ્ચ વિગેરે મોક્ષસાધનના યોગોને અનુમોદું છું
होउकामाणं = સિદ્ધ થવાની ઇચ્છાવાળા, આસન્નભવ્ય.
कल्लाणासयाणं = શુદ્ધ આશયવાળા
सव्वेसिं देवाणं = ઇંદ્રાદિક સર્વ દેવોના
सव्वेसिं जीवाणं = સર્વ જીવોના
मग्गसाहणजोगे = માર્ગસાધનના યોગોને, માર્ગાનુસારીપણાદિક કુશળ વ્યાપારોને હું અનુમોદું છું.

ભાવાર્થ : હું મોક્ષનો અભિલાષી થયો છું તેથી મારી શક્તિ પ્રમાણે સુકૃતને સેવું છું. તે આ પ્રમાણે - સર્વ તીર્થંકરોના ધર્મકથાદિક અનુષ્ઠાનની હું અનુમોદના કરું છું. એ જ રીતે સર્વસિદ્ધોના અવ્યાબાધિક સિદ્ધપણાને,

સર્વ આચાર્યોના જ્ઞાનાચારાદિક આચારને, સર્વ ઉપાધ્યાયોના દ્વાદશાંગીરૂપ સૂત્રપ્રદાનને, સર્વ સાધુઓની સ્વાધ્યાય ધ્યાન વિગેરે શુભ ક્રિયાને તથા સર્વ શ્રાવકોના વૈયાવચ્ચાદિક મોક્ષસાધનના યોગોને હું અનુમોદું છું. તેમજ આસન્નભવ્ય અને શુદ્ધ આશયવાળા ઇંદ્રાદિક સર્વ દેવોના અને સામાન્ય રીતે સર્વ જીવોના કુશળ વ્યાપારને એટલે માર્ગાનુસારીપણાને હું અનુમોદું છું.

मूलम् : (१२) होउ मे एसा अणुमोयणा सम्मं विहिपुव्विगा, सम्मं सुद्धासया, सम्मं पडिवत्तिरुवा, सम्मं निरइयारा, परमगुणजुत्त अरहंतादि सामत्थओ । अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो वीयरागा सव्वण्णू परमकल्लाणा परमकल्लाणहेऊ सत्ताणं । मूढे अम्हि पावे अणाइमोहवासिए, अणभिण्णे भावओ हियाहियाणं अभिण्णे सिया, अहियनिवित्ते सिया, हियपवित्ते सिया, आराहगे सिया, उचियपडिवत्तीए सव्वसत्ताणं, सहियं ति इच्छामि सुकडं, इच्छामि सुकडं, इच्छामि सुकडं ।

छाया : (१२) भवतु ममैषाऽनुमोदना सम्यग्विधिपूर्विका, सम्यक्शुद्धाशया, सम्यक् प्रतिपत्तिरूपा, सम्यग्निरतिचारा

परमगुणयुक्तार्हदादिसामर्थ्यतः । अचिन्त्यशक्तियुक्ता हि ते भगवन्तो वीतरागाः सर्वज्ञाः परमकल्याणाः परमकल्याणहेतवः सत्त्वानाम् । मूढश्चास्मि पापोऽनादिमोहवासितः, अनभिज्ञो भावतः हिताहितयोरभिज्ञः स्याम्, अहितनिवृत्तः स्याम्. हितप्रवृत्तः स्याम्, आराधकः स्यामुचितप्रतिपत्त्या सर्वसत्त्वानां स्वहितमिति । इच्छामि सुकृतम्, इच्छामि सुकृतम्, इच्छामि सुकृतम् ॥

शब्दार्थ :

मे =	મારી
एसा =	આ ઉપર કહી તે
अणुमोअणा =	અનુમોદના
सम्मं =	સમ્યક્ - સારી રીતે
विहिपुव्विआ =	સૂત્રમાં કહેલી વિધિપૂર્વક
सम्मं =	સમ્યક્ કર્મના વિનાશ વડે
सुद्धासया =	શુદ્ધ આશયવાળી થાઓ
सम्मंपडिवत्तिरुवा =	સમ્યક્ ક્રિયારૂપે - કરવારૂપે અંગીકાર થાઓ

सम्मं निरइआरा = સમ્યક્ નિર્વાહ કરવારૂપ અતિચાર રહિત થાઓ

परमगुणजुत्त = ઉત્કૃષ્ટ ગુણો વડે યુક્ત

अरहंतादि = અરિહંત, સિદ્ધ વગેરેના

सामत्थओ = સામર્થ્યથી મારી અનુમોદના સારી

होउ = થાઓ

हि = કારણ કે

ते = તે

भगवंतो = અરિહંતાદિક ભગવંતો, અચિન્ત્ય શક્તિવાળા

वीअरागा = રાગ-દ્વેષ રહિત

सव्वण्णू = સર્વજ્ઞ છે

सत्ताणं = પ્રાણીઓના

परमकल्लाणा = ઉત્કૃષ્ટ કલ્યાણકારક

परमकल्लाणहेऊ = ઉત્કૃષ્ટ કલ્યાણના હેતુ

अ = અને

म्हि = હું તો

मूढे =	મૂઢ છું
पावे =	પાપી છું
अणाइमोहभासिए =	અનાદિમોહથી વાસિત છું - સહિત છું
अणभिन्नेभावओ =	ભાવથી - પરમાર્થથી અજ્ઞાની છું તેથી અરિહંતાદિકના સામર્થ્ય વડે હું
हिआहिआणं =	હિત અને અહિતનો
अभिण्णे =	જાણનાર
सिआ =	થાઉં
अहिअनिवित्ते =	અહિતથી નિવૃત્તિવાળો
सिआ =	થાઉં
हिअपवित्ते =	હિતને વિષે પ્રવૃત્તિવાળો
सिआ =	થાઉં
सहिअं ति =	પોતાનું હિત છે તેમ ધારીને
सव्वसत्ताणं =	સર્વ પ્રાણીઓની
उचिअपडिवत्तीए =	ઉચિત સેવા કરવા વડે કરીને
आराहगे =	આરાધક
सिआ =	થાઉં

इच्छामि सुक्कडं = હું સુકૃતને ઇચ્છું છું
इच्छामि सुक्कडं = હું સુકૃતને ઇચ્છું છું
इच्छामि सुक्कडं = હું સુકૃતને ઇચ્છું છું

ભાવાર્થ : આ મારી અરિહંતના અનુષ્ઠાનાદિક અનુમોદના ઉત્કૃષ્ટ ગુણયુક્ત અરિહંતાદિકના સામર્થ્યથી સમ્યક્ સૂત્રમાં કહેલી વિધિપૂર્વક થાઓ. કર્મના વિનાશને લીધે શુદ્ધ આશયવાળી થાઓ, સમ્યક્ ક્રિયા કરવાથી અંગીકારરૂપ થાઓ અને સમ્યક્ નિર્વાહ કરવાથી અતિચારરહિત થાઓ કારણ કે તે અરિહંતાદિક ભગવંતો રાગ-દ્વેષ રહિત અને સર્વજ્ઞ છે. તથા પ્રાણીઓના તે તે ઉપાય વડે ઉત્કૃષ્ટ કલ્યાણકારક અને ઉત્કૃષ્ટ કલ્યાણના હેતુ કારણરૂપ છે. અને હું તો મૂઢ, પાપી, અનાદિ મોહ સહિત અને પરમાર્થથી હિતાહિતનો અજાણ છું. તેથી તે અરિહંતાદિકના સામર્થ્યથી હું હિતાહિતનો જાણકાર થાઉં, અને તેવો થઈ અહિતથી નિવૃત્તિ પામું, હિતમાં પ્રવર્તું અને પોતાનું હિત જાણીને સર્વ પ્રાણીઓની ઉચિત સેવા વડે આરાધક થાઉં એટલા માટે હું સુકૃતને ઇચ્છું છું, ઇચ્છું છું, ઇચ્છું છું.

मूलम् : (१३) एवमेयं सम्मं पढमाणस्स सुणमाणस्स अणुप्पेहमाणस्स सिढिलीभवंति परिहायंति खिज्जंति असुहकम्माणुबंधा । निरणुबंधे चाऽसुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं कडगबद्धे विय विसे अप्पफले सिया, सुहावणिज्जे सिया, अपुणभावे सिया ।

छाया : *(१३) एवमेतत् सम्यक् पठतः श्रृण्वतोऽनुप्रेक्षमाणस्य श्लथीभवन्ति परिहीयन्ते क्षीयन्तेऽशुभकर्मानुबन्धाः । निरनुबन्धं चाशुभकर्म भग्नसामर्थ्यं शुभपरिणामेन कटकबद्धमिव विषमल्पफलं स्यात्, सुखापनेयं स्यात्, अपुनर्भावं स्यात् ॥*

शब्दार्थ :

एवं =	આ પ્રકારે
एअं =	આ સૂત્રને
सम्मं =	સારી રીતે, સંવેગ સહિત
पढमाणस्स =	પાઠ કરનારના
सुणमाणस्स =	બીજાની પાસે સાંભળનારના
अणुप्पेहमाणस्स =	અર્થનું સ્મરણ કરનારના

असुहकम्माणुबंधा =	અશુભ કર્મના અનુબંધો
सिढिलीभवंति =	મંદ વિપાક થવાથી શિથિલ થાય છે.
परिहायंति =	કર્મનાં પુદ્ગલો દૂર થવાથી ઓછા થાય છે. પાતળા થાય છે.
खिज्जंति =	ક્ષીણ થાય છે. વિશેષ પ્રકારના અધ્યવસાય વડે મૂળથી જ નાશ પામે છે.
च =	તથા
निरणुबंधे =	અનુબંધ રહિત
असुहकम्मे =	અશુભકર્મ જે કાંઈક બાકી રહ્યું હોય તે
सुहपरिणामेणं =	આ સૂત્ર પાઠાદિકથી ઉત્પન્ન થયેલા શુભ પરિણામે કરીને
भग्गसामत्थे =	ભગ્ન સામર્થ્યવાળું - સામર્થ્યરહિત થાય છે.
कडगबद्धे =	મંત્રના પ્રભાવ વડે કંકણથી બાંધેલા
विसे विअ =	વિષની જેમ
अप्पफले =	અલ્પ ફળવાળું, થોડા વિપાકવાળું
सिआ =	થાય છે.

सुहावणिज्जे = સુખે કરીને દૂર કરવા લાયક, સંપૂર્ણ વિનાશ કરવા લાયક

सिआ = થાય છે.

अपुणभावे = ફરીથી તેવા પ્રકારનો કર્મબંધ નહીં કરવાથી અપુનર્ભાવવાળું

सिआ = થાય છે.

ભાવાર્થ : આ પ્રમાણે આ સૂત્રનો સંવેગ સહિત પાઠ કરનાર અથવા બીજા પાસે સાંભળનાર અથવા તેના અર્થનું ચિંતવન કરનાર મનુષ્યના અશુભ કર્મના અનુબંધ મંદવિપાકને લીધે શિથિલ થાય છે. પુદ્‌ગલો દૂર થવાથી હાનિને પામે છે - પાતળા થાય છે અને વિશેષ પ્રકારના અધ્યવસાયને લીધે મૂળથી જ ક્ષીણ થાય છે. ત્યાર પછી અનુબંધ રહિત જે કાંઈ અશુભ કર્મ બાકી રહ્યું હોય તે આ સૂત્રપાઠાદિક વડે ઉત્પન્ન થયેલા શુભ પરિણામે કરીને સામર્થ્ય-શક્તિ રહિત થાય છે. મંત્રના પ્રભાવથી કંકણ વડે બાંધેલા વિષની જેમ અલ્પ ફળ આપનાર થાય છે, સુખે કરીને સંપૂર્ણ વિનાશ કરવાલાયક થાય છે અને ફરીથી તેવા પ્રકારનો ઉત્કૃષ્ટ કર્મબંધ ન થાય તેવું અપુનર્ભાવવાળું થાય છે.

मूलम् : (१४) तहा आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा। साणुबंधं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभावज्जियं नियमफलयं सुप्पउत्ते विय महागए सुहफले सिया, सुहपवत्तगे सिया, परमसुहसाहगे सिया। अओ अप्पडिबंधमेयं असुहभावनिरोहेणं सुहभावबीयं ति सुप्पणिहाणं सम्मं पढियव्वं सोयव्वं अणुप्पेहियव्वं ति।

छाया : *(१४) तथा आसकलीक्रियन्ते परिपोष्यन्ते निर्माप्यन्ते शुभकर्मानुबन्धाः सानुबन्धं च शुभकर्म प्रकृष्टं प्रकृष्टभावार्जितं नियमफलदं सुप्रयुक्त इव महाऽगदः शुभफलं स्यात्, शुभप्रवर्तकं स्यात्, परमसुखसाधकं स्यात्। अतोऽप्रतिबन्धमेतत् अशुभभावनिरोधेन शुभभावबीजमिति सुप्रणिधानं सम्यक् पठितव्यं श्रोतव्यमनुप्रेक्षितव्यमिति।*

शब्दार्थ :

तहा = तथा

सुहकम्माणुबंधा = शुभ कर्मना अनुबंधो

आसगलिज्जंति = चोतरफथी એકઠા થાય છે.

परिपोसिज्जंति = ભાવની વૃદ્ધિ વડે પુષ્ટ - દૃઢ થાય છે

निम्मविज्जंति = નીપજે છે, સંપૂર્ણ પ્રાપ્ત થાય છે

च = અને
साणुबंधं = અનુબંધ સહિત
पगिट्ठं = પ્રકૃષ્ટ, પ્રધાન
पगिट्ठभावज्जिअं = પ્રકૃષ્ટ-શુભભાવ વડે ઉપાર્જન કરેલું
नियमफलयं = નિશ્ચે ફલ આપનારું
सुहकम्मं = શુભકર્મ
सुप्पउत्ते = સારી રીતે પ્રયોગ કરેલા
महागए विअ = મોટા-શ્રેષ્ઠ ઔષધની જેમ
सुहफले = શુભ ફળવાળું
सिआ = થાય છે
सुहपवत्तगे = અનુબંધે કરીને શુભને વિષે પ્રવૃત્તિવાળું
सिआ = થાય છે
परमसुहसाहगे = પરંપરાએ કરીને પરમસુખને, મોક્ષને સાધનારું
सिआ = થાય છે
अओ = આ કારણથી
एअं = આ સૂત્રને

अपडिबंधं = પ્રતિબંધરહિત, નિયાણારહિત
असुहभावनिरोहेणं = અશુભ ભાવના રુંધવા માટે
सुहभावबीअं = આ સૂત્ર શુભભાવનું બીજ છે
ति = એમ ધારીને
सुप्पणिहाणं = સારા પ્રણિધાન-ધ્યાન વડે
सम्मं = સમ્યક્, શાંતચિત્તે
पढिअव्वं = ભણવું, પાઠ કરવો
सोअव्वं = બીજા પાસે સાંભળવું
अणुप्पेहिअव्वंति = ભાવવું અર્થનું ચિંતવન કરવું

ભાવાર્થ : તથા વળી શુભ કર્મના અનુબંધ ચોતરફથી એકઠા થાય છે. ભાવની વૃદ્ધિને લીધે પુષ્ટ થાય છે. તથા સંપૂર્ણ પ્રાપ્ત થાય છે. અને ત્યારપછી અનુબંધ સહિત પ્રધાન શુભભાવ વડે ઉપાર્જન કરેલું અને અવશ્ય ફળ આપનારું શુભ કર્મ સારી રીતે પ્રયોગ કરેલા ઉત્તમ ઔષધની જેમ ફળદાયક થાય છે. અનુબંધે કરીને શુભને વિષે જ પ્રવૃત્તિવાળું થાય છે. તથા પરંપરાએ મોક્ષસુખને સાધનારું થાય છે. તેથી કરીને નિયાણા રહિતપણે અશુભ ભાવને રુંધી આ સૂત્ર શુભ ભાવનું બીજ છે એમ જાણી તેને સારા

ધ્યાન વડે એકાગ્રચિત્તે ભણવું, સાંભળવું તથા તેના અર્થનું ચિંતન કરવું.

मूलम् : (१५) नमो नमियनमियाणं परमगुरुवीयरागाणं। नमो सेसनमोक्कारारिहाणं। जयउ सव्वण्णुसासणं। परमसंबोहीए सुहीणो भवंतु जीवा, सुहीणो भवंतु जीवा, सुहीणो भवंतु जीवा। इति पावपडिघाय गुणबीयाधान सूत्तं।

छाया : *(१५) नमो नतनतेभ्यः परमगुरुवीतरागेभ्यः। नमः शेषनमस्कारार्हेभ्यः। जयतु सर्वज्ञशासनम्। परमसंबोधिना सुखिनो भवन्तु जीवाः सुखिनो भवन्तु जीवाः सुखिनो भवन्तु जीवाः॥*

इति पापप्रतिघात गुणबीजाधान सूत्रं समाप्तम्॥ १॥

शब्दार्थ :

नमिअनमिआणं = નમસ્કાર કરાયેલાએ નમસ્કાર કરેલા, સર્વ લોકોથી નમસ્કાર કરાયેલા દેવર્ષિઓ વડે નમસ્કાર કરાયેલા

परमगुरुवीअरागाणं = પરમગુરુ શ્રીવીતરાગને

नमो = નમસ્કાર થાઓ

सेसनमुक्कारारिहाणं = બીજા નમસ્કાર કરવાલાયક આચાર્ય વિગેરે ગુણાધિકને

नमो = નમસ્કાર થાઓ
सव्वण्णुसासणं = સર્વજ્ઞનું શાસન
जयउ = કુતીર્થના નાશ વડે જયવંત વર્તો
परमसंबोहीए = પરમ સંબોધિએ કરીને, શ્રેષ્ઠ બોધિના સમકિતના લાભે કરીને મિથ્યાત્વને દૂર કરી
जीवा = જીવો
सुहिणो = સુખી
भवंतु = થાઓ
जीवा = જીવો
सुहिणो = સુખી
भवंतु = થાઓ
जीवा = જીવો
सुहिणो = સુખી
भवंतु = થાઓ

ભાવાર્થ : સર્વ લોકોએ નમસ્કાર કરેલા જે દેવ અને ઋષિઓ, તેમણે પણ નમસ્કાર કરેલા પરમગુરુ વીતરાગ-તીર્થંકરોને નમસ્કાર થાઓ. તથા બીજા નમસ્કાર કરવા

યોગ્ય આચાર્ય, ઉપાધ્યાય વિગેરે રત્નાધિકોને નમસ્કાર થાઓ તથા સર્વજ્ઞ શ્રી જિનેન્દ્રનું શાસન અન્ય કુતીર્થના વિનાશ વડે જયવંતુ વર્તો તથા શ્રેષ્ઠ બોધિરત્નના-સમ્યક્ત્વના લાભ વડે મિથ્યાત્વ દોષની નિવૃત્તિ થવાથી સર્વ જીવો સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ.

अथ द्वितीयं साधुधर्मपरिभावनासूत्रम् ॥

मूलम् : (१६) जायाए धम्मगुण पडिवत्तिसद्धाए भावेज्जा एएसिं सरुवं पयइ सुंदरत्तं, अणुगामित्तं, परोवयारित्तं परमंत्थहेउत्तं । तहा दुरणुचरत्तं, भंगदारुणत्तं, महामोहजणगत्तं, भूयो दुल्लहत्तं त्ति । भावेऊणेवं जहासत्तीए उचियविहाणमेव अच्चंतभावसारं पडिवज्जेज्जा, तं जहा - थूलगपाणाइवायविरमणं १. थूलगमुसावाय विरमणं २. थूलग अदत्तादानविरमणं ३. थूलगमेहुणविरमणं ४. थूलगपरिग्गहविरमण ५. मिच्चाइ ।

छाया : (१६) जातायां धर्मगुणप्रतिपत्तिश्रद्धायां भावयेदेतेषां स्वरूपं प्रकृतिसुन्दरत्वमानुगामुकत्वं परोपकारित्वं परमार्थहेतुत्वम् । तथा दुरनुचरत्वं भङ्गे दारुणत्वं महामोहजनकत्वं भूयो दुर्लभत्वमिति । एवं यथाशक्ति उचितविधानेनात्यन्त भावसारं प्रतिपद्येत । तद्यथा स्थूर(ल) प्राणातिपातविरमणं १. स्थूरमृषावादविरमणं २. स्थूरादत्तादानविरमणं ३. स्थूरमैथुनविरमणं ४. स्थूरपरिग्रहविरमण ५. मित्यादि ।

शब्दार्थ :

धम्मगुणपडिवत्तिसद्धाए = ધર્મના ગુણને-વ્રતને અંગીકાર કરવાની શ્રદ્ધા

जायाए = ઉત્પન્ન થયે છતે,

एएसिं = આ ધર્મગુણોનું

सरुवं = સ્વરૂપ

भाविज्जा = ભાવવું તથા તેમનું

पयइसुंदरत्तं = પ્રકૃતિથી જ - સ્વભાવથી જ સુંદરપણું

अणुगामित्तं = ભવાંતરમાં અનુગામિપણું, જવાપણું

परोवयारित्तं = પરોપકારીપણું

परमत्थहेउत्तं = પરમાર્થપણું, પરંપરાએ મોક્ષનું સાધન હોવાથી - વાસ્તવિક કારણપણું ભાવવું, વિચારવું

तहा = તથા તે જ ધર્મગુણનું

दुरणुचरत्तं = દુઃખે કરીને આદરવાપણું, પાળવાપણું

भंगे = તે ધર્મગુણના ભંગને વિષે ભંગ કરવાથી

दारुणत्तं = દારુણપણું

महामोहजणगत्तं = મહામોહને ઉત્પન્ન કરવાપણું

भूओ = ફરીથી પ્રાપ્ત થવાનું

दुल्लहत्तं ति = દુર્લભપણું એ પણ ભાવવું

एवं = આ પ્રકારે

जहासत्तीए = યથાશક્તિ, શક્તિ પ્રમાણે

उचिअविहाणेणं = ઉચિત કરવા વડે કરીને, શાસ્ત્રમાં કહેલા વિધિએ કરીને

अच्चंतभावसारं = અત્યંત ભાવનું - પ્રધાનપણું હોય તેમ

पडिवज्जिज्जा = તે ધર્મગુણો અંગીકાર કરવા

तं जहा = તે ધર્મગુણો આ પ્રમાણે

थूलगपाणाइवायविरमणं =

સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ

थूलगमुसावायविरमणं = સ્થૂલમૃષાવાદવિરમણ

थूलग अदत्तादानविरमणं = સ્થૂલ અદત્તાદાનવિરમણ

थूलग मेहुणविरमणं = સ્થૂલ મૈથુનવિરમણ

थूलग परिग्गहविरमणं = સ્થૂલ પરિગ્રહવિરમણ

इच्चाइ = ઇત્યાદિ, આદિ શબ્દથી દિગ્વ્રતાદિક ઉત્તરગુણો સમજવા

ભાવાર્થ : તથા પ્રકારના કર્મના ક્ષયોપશમ વડે ભાવથી ધર્મગુણ અંગીકાર કરવાની શ્રદ્ધા ઉત્પન્ન થાય ત્યારે તે ધર્મગુણોનું સ્વરૂપ વિચારવું, આ ધર્મગુણો જીવના સંક્લિષ્ટ પરિણામને શુદ્ધ કરે છે. તેથી તે સ્વભાવથી જ સુંદર છે. ભવાંતરમાં પણ તેની વાસના ઉત્પન્ન થાય છે. તેથી તે ધર્મગુણો અનુગામી એટલે જીવની સાથે જનારા છે. તથાપ્રકારે સ્વપરને પીડાદિક નહીં કરવાથી પરોપકારી છે અને પરંપરાએ મોક્ષનું કારણ હોવાથી પરમાર્થના હેતુરૂપ છે એમ વિચારવું. વળી આ ગુણો નિરંતર અભ્યાસ નહીં હોવાથી પાળવા દુષ્કર છે. તેથી જો આ ધર્મગુણોનો ભંગ થાય તો ભગવંતની આજ્ઞાનું ખંડન થવાથી તે જ ગુણો દારુણ એટલે મહાભયંકર થાય છે. અર્થાત્ વ્રતભંગ થવાથી દુર્ગતિ આદિક પ્રાપ્ત થાય છે. તથા તે ભંગ કરનાર જીવ ધર્મને દૂષણ લગાડનાર થવાથી મહામોહનીય કર્મને બાંધે

છે. તેમ જ વળી વિપક્ષ(અધર્મ)ના અનુબંધની પુષ્ટિ થવાથી ફરીને-ભવાંતરમાં તે ગુણો પામવા દુર્લભ થાય છે. જેમ તેમ પામી શકતા નથી. આ પ્રમાણે વિચારીને પોતાની શક્તિ પ્રમાણે શાસ્ત્રમાં કહેલા વિધિ વડે અત્યંત ભાવના ઉલ્લાસપૂર્વક તે ગુણો અંગીકાર કરવા. પરંતુ તેનો ભંગ થતાં દારુણ ફળ - વિપાકપણું હોવાથી વિના વિચારે પ્રવૃત્તિ કરવી નહીં. તે ધર્મગુણો આ પ્રમાણે છે - સ્થૂલ હિંસાથી વિરામ પામવું-૧, સ્થૂલ અસત્યથી વિરામ પામવું-૨, સ્થૂલ ચોરીથી વિરામ પામવું-૩, સ્થૂલ મૈથુનથી વિરામ પામવું-૪, અને સ્થૂલ પરિગ્રહથી વિરામ પામવું-૫ ઇત્યાદિ એટલે આદિ શબ્દથી દિગ્વિરતિ વિગેરે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતો પણ જાણવાં.

मूलम् : (१७) पडिवज्जिऊण पालणे जइज्जा, सयाऽऽणागाहगे सिया, सयाऽऽणाभावगे सिया, सयाऽऽपरतंते सिया। आणा हि मोहविसपरममंतो, जलं दोसाइजलणस्स, कम्मवाहिचिगिच्छासत्थं कप्पपायवो सिवफलस्स।

छाया : (१७) प्रतिपद्य पालने यतेत, सदाज्ञाग्राहकः स्यात्, सदाज्ञाभावकः स्यात्, सदाज्ञापरतंत्रः स्यात्। आज्ञा

हि मोहविषपरममन्त्रः, जलं रोषादि (द्वेषादि) ज्वलनस्य, कर्मव्याधिचिकित्साशास्त्रं कल्पपादपः शिवफलस्य ।

शब्दार्थ :

पडिवज्जिऊण = તે અણુવ્રતોને ગ્રહણ કરી
पालणे = તેને પાળવામાં
जइज्जा = યત્ન કરવો. તે આ પ્રમાણે
सयाणागाहगे = સદા આજ્ઞાને ગ્રહણ કરનાર
सिआ = થાય - થવું
सयाणाभावगे = સદા આજ્ઞાની ભાવનાવાળા
सिआ = થવું - તથા
सयाणापरतंते = સદા આજ્ઞાને પરતંત્ર, આધીન થવું
हि = કારણ કે
आणा = આજ્ઞા એ
मोहविसपरममंतो = મોહરૂપી વિષને દૂર કરવામાં પરમ મંત્રરૂપ છે
रोसाइजलणस्स = દ્વેષાદિક અગ્નિને શમાવવામાં

जलं = જલરૂપ છે

कम्मवाहितिगिच्छासत्थं - કર્મરૂપી વ્યાધિનું ચિકિત્સાશાસ્ત્ર છે. તથા

सिवफलस्स = મોક્ષરૂપી ફળનું

कप्पपायवो = કલ્પવૃક્ષ છે

ભાવાર્થ : તે ધર્મગુણો અંગીકાર કર્યા પછી તેનું પાલન કરવામાં યત્ન કરવો તે આ પ્રમાણે - નિરંતર આગમનું અધ્યયન અને શ્રવણ કરવા વડે ભગવંતની આજ્ઞાને ગ્રહણ કરનાર થવું, હમેશાં તેના અર્થનું ચિંતવન કરવા વડે તેમની આજ્ઞાનું ભાવુક થવું તથા આગમમાં કહ્યા પ્રમાણે કરવા વડે ભગવંતની આજ્ઞાને આધીન થવું. કારણ કે ભગવંતની આજ્ઞા એટલે આગમનું વચન મોહરૂપી વિષને દૂર કરવામાં પરમ મંત્રરૂપ છે. દ્વેષાદિક અગ્નિને શાંત કરવામાં જળરૂપ છે. કર્મરૂપી વ્યાધિનો નાશ કરવામાં ચિકિત્સાના શાસ્ત્રરૂપ છે અને મોક્ષરૂપી ફલ આપવામાં કલ્પવૃક્ષ સમાન છે.

मूलम् : (१८) वज्जेज्जा अधम्ममित्तजोगं । चिंतेज्जा अभिणपाविए गुणे, अणाइभवसंगएय अगुणे, उदग्गसहकारित्तं अधम्ममित्ताणं उभयलोगगरहियत्तं, असुहजोगपरंपरं च ।

छाया : (१८) वर्जयेदधर्ममित्रयोगं, चिंतयेदभिनव प्राप्तान् गुणान् अनादिभवसंगतांश्चागुणान्, उदग्रसहकारित्वं अधर्ममित्राणां, उभयलोकगर्हितत्वं, अशुभयोगपरंपरां च ।

शब्दार्थ :

अधम्ममित्तजोगं = અકલ્યાણ મિત્રના સંબંધને

वज्जिज्जा = વર્જવો

अभिणवपाविए = નવા પ્રાપ્ત થયેલા

गुणे = સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ આદિ ગુણોને

चिंतिज्जा = ચિંતવવા

अ = તથા

अणाइभवसंगए = અનાદિ ભવને વિષે અનાદિકાળથી પ્રાપ્ત થયેલા

अगुणे = અવિરતિરૂપ અગુણોને તથા

अधम्ममित्ताणं = અકલ્યાણ મિત્રોના

उदग्गसहकारित्तं = ભયંકર સહચારીપણાને

उभयलोगगरहिअत्तं = બંને લોકના ગર્હિતપણાને, નિંદિતપણાને

च = તથા

असुहजोगपरंपरं = અશુભ યોગની પરંપરાને ચિંતવવી, ચિંતવીને ત્યાગ કરવો.

ભાવાર્થ : અકલ્યાણ મિત્રનો - અશુભકારી પાપ મિત્રોનો - અશુભ કરનાર મિત્રનો સંબંધ વર્જવો. નવા પ્રાપ્ત થયેલા અણુવ્રતોને ચિંતવવા તથા અવિરતિપણાને લીધે અનાદિ ભવને વિષે અનાદિકાળથી પ્રાપ્ત થયેલા અગુણોને (દુર્ગુણોને), અકલ્યાણ મિત્રોના ભયંકર સહચારીપણાને - તેમના સંબંધને, પાપની અનુમતિ વિગેરે બંને લોકના ગર્હિતપણાને (નિંદિતપણાને) અને અશુભ યોગની પરંપરાને - અનુબંધને વિચારી એ સર્વનો ત્યાંગ કરવો.

मूलम् : (१९) परिहरेज्जा सम्मं लोगविरुद्धे अणुकंपापरे जणाणं, न खिंसावेज्ज धम्मं संकिलेसो खु एसा, परमबोहिबीयं अबोहिफलमप्पणोत्ति । एवमालोचेज्जा न खलु एत्तो परो अणत्थो, अंधत्तमेएं संसाराडवीए, जणगमणिट्ठावायाणं,

अइदारुणं सरुवेणं, असुहाणुबंधमच्चत्थं ॥

छाया : (१९) परिहरेत् सम्यक् लोकविरुद्धानि करुणापरो जनानां, न खिंसयेद्धर्मं, संक्लेश एवैषा, परमबोधिबीजमबोधिफलमात्मन इति। एवमालोचयेत् – न खल्वतः परोऽनर्थः, अन्धत्वमेतत् संसाराटव्यां, जनकमनिष्टापातानां, अतिदारुणं स्वरूपेण अशुभानुबन्धमत्यर्थम् ।

शब्दार्थ :

जणाणं =	લોકોની ઉપર
करुणापरे =	કરુણામાં તત્પર એવો
लोकविरुद्धे =	લોકવિરુદ્ધ કાર્યને
सम्मं =	સમ્યક્ પ્રકારે
परिहरिज्जा =	ત્યાગ કરે
धम्मं =	ધર્મની
न खिंसाविज्ज =	નિંદા ન કરાવે
एसा =	આ નિંદા
संकिलेशो खु =	સંક્લેશરૂપ જ છે
परं =	ઉત્કૃષ્ટ
अबोहिबीअं =	અબોધિનું બીજ છે

अप्पणो =	પોતાને
अबोहिफलं =	અબોધિનાં ફળરૂપ છે
त्ति =	એમ ધારી ધર્મની નિંદા ન થવા દેવી
एवं =	આ પ્રમાણે
आलोएज्जा =	વિચાર કરવો કે
इत्तो =	આ અબોધિ ફળ થકી
परो =	બીજો
अणत्थो =	અનર્થ
न खलु =	નથી જ
एअं =	આ અબોધિ ફળ
संसाराडवीए =	સંસારરૂપી અટવીને વિષે
अंधत्तं =	અંધપણારૂપ છે
अणिट्ठावायाणं =	અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિને
जणगं =	ઉત્પન્ન કરનારું છે
सरुवेणं =	સ્વરૂપ વડે
अइदारुणं =	અતિ દારુણ છે
अच्चत्थं =	અત્યંત
असुहाणुबंधं =	અશુભનો અનુબંધ કરનારું છે.

ભાવાર્થ : લોકો પર અનુકંપા રાખતો, તેઓ અધર્મ ન પામે એટલા માટે લોકવિરુદ્ધ કાર્ય બિલકુલ કરવાં નહિ અને લોકવિરુદ્ધ કાર્ય કરીને માણસો પાસે ધર્મની નિંદા કરાવવી નહિ. કારણ કે એ નિંદા અશુભ અધ્યવસાય રૂપ હોવાથી સંક્લેશ એટલે સંક્લિષ્ટ પરિણામરૂપ જ છે. ધર્મ પરનો દ્વેષ ઉત્કૃષ્ટ અબોધિના બીજરૂપ છે. અર્થાત્ અબોધિ-મિથ્યાત્વ પમાડનાર છે. એમ ધારી ધર્મનિંદાનો સર્વથા ત્યાગ કરવો - થવા ન દેવી. વળી આ પ્રમાણે વિચારવું કે - આ અબોધિફળ (મિથ્યાત્વ) થકી બીજો કોઈ પણ અનર્થ નથી અર્થાત્ આ જ મોટામાં મોટો અનર્થ છે. આ અબોધિફળ સંસારરૂપી અટવીમાં હિતમાર્ગ દેખાડનાર નહીં હોવાથી અંધત્વરૂપ છે. નરકાદિકનું કારણ હોવાથી અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિને કરનારું છે. સંક્લિષ્ટ પરિણામની મુખ્યતા હોવાથી સ્વરૂપે કરીને જ અતિદારુણ છે તથા પરંપરાએ ઉપઘાત કરનાર હોવાથી અત્યંત અશુભનો અનુબંધ કરનાર છે. તે માટે જ કહ્યું છે કે, "ધર્મને આચરનારા સર્વને લોકોનો જ આધાર હોય છે. તેથી લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ કાર્યનો અવશ્ય ત્યાગ કરવો."

मूलम् : (२०) सेवेज्ज धम्ममित्ते विहाणेणं, अंधो विय अणुकड्ढगे, वाहिओ विव वेज्जे, दरिद्दो विय ईसरे, भीओ विय महानायगे । न इओ सुंदरतरमन्नं ति बहुमाणजुत्ते सिया, आणाकंखी, आणापडिच्छगे, आणाअविराहगे, आणानिप्फायगे त्ति ।

छाया : (२०) सेवेत धर्ममित्राणि विधानेन, अन्ध इवानुकर्षकान्, व्याधित इव वैद्यान्, दरिद्र इवेश्वरान्, भीत इव महानायकान् । न इतः सुन्दरतरमन्यदिति बहुमानयुक्तः स्यात् आज्ञाकांक्षी आज्ञाप्रतीच्छक आज्ञाऽविराधक आज्ञानिष्पादक इति ॥

शब्दार्थ :

धम्ममित्ते = धर्मभित्रोनी
विहाणेण = शास्त्रमां कहेली विधि वडे
सेविज्ज = सेवा करवी
अंधोविव = जेम आंधळो
अणुकट्टुए = दोरनारने सेवे
वाहिए विव = जेम व्याधिवाळो
विज्जे = वैद्यने सेवे

दरिद्दो विव = જેમ દરિદ્ર માણસ
ईसरे = લક્ષ્મીવંતને સેવે
भीओ विव = જેમ ભય પામેલ માણસ
महानायगे = મોટા નાયકોને સેવે તેમ
इओ = આ ધર્મમિત્રોની સેવા થકી
अन्नं = બીજું કાંઈ પણ
सुंदरतरं = અત્યંત સુંદર
न = નથી
त्ति = એમ ધારીને
बहुमाणजुत्ते = ધર્મમિત્રોને વિષે બહુમાનયુક્ત
सिआ = થવું
आणाकंखी = તેમની આજ્ઞાના ઇચ્છાવાળા થવું
आणापडिच्छगे = આજ્ઞાને અંગીકાર કરનારા થવું
आणाअविराहगे = આજ્ઞાના અવિરાધક થવું
आणानिप्फायगेत्ति =
આજ્ઞાને નીપજાવનાર, આજ્ઞા પ્રમાણે કરનાર થવું

ભાવાર્થ : જેમ અંધ માણસ પડી જવાના ભયથી પોતાને દોરનારનો આશ્રય કરે છે, જેમ વ્યાધિવાળો માણસ દુઃખના ભયથી વૈદ્યનો આશ્રય કરે છે, જેમ દરિદ્ર માણસ પોતાની આજીવિકા માટે ધનવંતનો આશ્રય કરે છે અને જેમ ભય પામેલો માણસ શરણને માટે મહાસુભટ નાયકનો આશ્રય કરે છે તેમ ભક્તિ વિગેરે વડે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ધર્મમિત્રોનો આશ્રય કરવો. તેમના આશ્રય વિના બીજું કાંઈ પણ સુંદર નથી, એમ જાણી તેમનું બહુમાન કરવું. તેમની આજ્ઞાની ઇચ્છા કરવી, આજ્ઞા આપે ત્યારે તેનો અંગીકાર કરવો, તેમની આજ્ઞા વિરાધવી નહીં, અને તેમની આજ્ઞા પ્રમાણે ઉચિતપણાએ કરીને ક્રિયાનુષ્ઠાન કરવું.

मूलम् : (२१) पडिवन्नधम्मगुणारिहं च वट्टिज्जा गिहिसमुचिएसु गिहिसमागारेसु परिसुद्धाणुट्ठाणे परिसुद्धमणकिरिए परिसुद्धवइकिरिए परिसुद्धकायकिरिए ।

छाया : (२१) प्रतिपन्नधर्मगुणार्हं च वर्तेत गृहिसमुचितेषु गृहिसमाचारेसु परिशुद्धानुष्ठानः परिशुद्धमनः क्रियः, परिशुद्धवाक्क्रियः परिशुद्धकायक्रियः ॥

शब्दार्थ :

च = તથા

पडिवन्नधम्मगुणारिहं = અંગીકાર કરેલ ધર્મગુણ-અણુવ્રતને લાયક

गिहिसमुचिएसु = ગૃહસ્થને ઉચિત

गिहिसमायारेसु = ગૃહસ્થીઓના આચારોમાં

परिसुद्धाणुट्ठाणे = શુદ્ધ અનુષ્ઠાનવાળા

परिसुद्धमणकिरिए = મનની શુદ્ધ ક્રિયાવાળા

परिसुद्धवइकिरिए = વચનની શુદ્ધ ક્રિયાવાળા

परिसुद्धकायकिरिए = કાયાની શુદ્ધ ક્રિયાવાળા શ્રાવકે

वट्टिज्जा = વર્તવું

ભાવાર્થ : તથા અંગીકાર કરેલા શ્રાવક ધર્મના ગુણને-વ્રતને લાયક ગૃહસ્થીને ઉચિત એવા સામાન્ય રીતે વિવિધ પ્રકારના ગૃહસ્થીના સર્વ આચારમાં સામાન્યપણે જ વિશુદ્ધ મન, વચન અને કાયાના વ્યાપારમાં સાવધાન રહી શુદ્ધ અનુષ્ઠાન - ક્રિયા કરનાર થવું.

मूलम् : (२२) वज्जेज्जाऽणेगोवघायकारगं गरहणिज्जं बहुकिलेसं आयइविराहगं समारंभं। न चिंतेज्ज परपीडं। न भावेज्ज दीणयं। न गच्छेज्ज हरिसं। न सेवेज्ज वितहाभिणिवेसं। उचियमणपवत्तगे सिया। एवं न भासेज्ज अलियं न फरुसं, न पेसुन्नं, नाणिबद्धं। हिय-मिय-भासगे सिया। एवं न हिंसेज्ज भूयाणि। न गिण्हेज्ज अदत्तं। न निरिक्खेज्ज परदारं। न कुज्जा अणत्थदंडं। सुहकायजोगे सिया।

छाया : *(२२) वर्जयेदनेकोपघातकारकं गर्हणीयं बहुक्लेशं आयतिविराधकं समारम्भं न चिन्तयेत् परपीडां। न भावयेत् दीनतां। न गच्छेत् हर्षं। न सेवेत वितथाभिनिवेशं। उचितमनः प्रवर्तकः स्यात्। न भाषेताऽलिकं, न परुषं, न पैशुन्यं, नानिबद्धं। हितमितभाषकः स्यात्। एवं न हिंस्यात् भूतानि। न गृहणीयाददत्तं। न निरीक्षेत परदारान्। न कुर्यादनर्थदण्डं। शुभकाययोगः स्यात्।*

शब्दार्थ :

अणेगोवघायकारगं = અનેક જીવોને ઉપઘાત કરનાર
गरहणिज्जं = ગર્હા કરવા લાયક

बहुकिलेसं = ઘણો કલેશ આપનાર
आयइविराहगं = આગામી ભવમાં વિરાધકપણું પમાડનાર
समारंभं = આરંભ-કર્માદાન
वज्जिज्जा = વર્જવા
परपीडं = પરને પીડા થાય એવું
न चिंतिज्जा = ચિંતવવું નહીં
दीणयं = દીનતાને
न भाविज्जा = ન ભાવવી
हरिसं = હર્ષ
न गच्छिज्जा = ન પામવો
वितहाभिनिवेसं = અતત્ત્વનો અધ્યવસાય, કદાગ્રહ
न सेविज्जा = ન સેવવો
उचिअमणपवत्तगे = વચનને અનુસારે ઉચિત મનની પ્રવૃત્તિવાળા
सिआ = થવું
अलिअं = ખોટું આળ વિગેરે અસત્ય
न भासिज्जा = ન બોલવું

न फरुसं = કઠોર વચન ન બોલવું

न पेसुन्नं = ચાડીનું વચન ન બોલવું

नाणिबद्धं = સંબંધ રહિત વિકથાદિક ન બોલવું

हिअ-मिअ भासगे =હિતકારક અને મિત વચન બોલનાર

सिआ = થવું

एवं = એ જ પ્રમાણે

भूआणि = પૃથિવ્યાદિક પ્રાણીઓની

न हिंसिज्जा = હિંસા ન કરવી

अदत्तं = અદત્તને, નહીં આપેલાને

न गिण्हिज्ज = ગ્રહણ ન કરવું

परदारं = પરસ્ત્રીને

न निरिक्खिज्ज = રાગદૃષ્ટિએ ન જોવી

अणत्थदंडं = અનર્થદંડ

न कुज्जा = ન કરવો

सुहकायजोगे = શુભ કાર્યયોગવાળા

सिआ = થવું

ભાવાર્થ : સામાન્ય રીતે અનેક જીવોને ઉપઘાત કરનાર, સ્વાભાવિક રીતે જ નિંદા કરવા લાયક, કાર્ય કરતાં પણ ઘણો કલેશ આપનાર, અને પરભવમાં દુર્ગતિ આદિકની પીડા કરનાર અને અધર્મ પમાડનાર એવા અંગાર-કર્માદિક આરંભો (કર્માદાનો) વર્જવા. તથા પરને પીડા ઊપજે એવો વિચાર પણ કરવો નહીં. ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ ન થવાથી દીનતા કરવી નહીં. પ્રાપ્તિ થવાથી હર્ષ કરવો નહીં તથા અતત્ત્વના અધ્યવસાયરૂપ કદાગ્રહ સેવવો નહીં - અતત્ત્વનો આગ્રહ કરવો નહીં પરંતુ પોતે જે વચન કહ્યું હોય તેને અનુસારે મનની પ્રવૃત્તિવાળા થવું. તથા અભ્યાખ્યાનાદિક આળ આપવા રૂપ અસત્ય, કઠોર, પિશુનતાવાળું અને વિકથાદિક અસંબંધવાળું વચન બોલવું નહીં. પરંતુ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અન્ય જીવને હિતકારક તથા પ્રમાણોપેત વચન બોલનાર થવું, એ જ પ્રમાણે પ્રાણીઓની હિંસા ન કરવી, અદત્ત ગ્રહણ ન કરવું, પરસ્ત્રી સામે રાગથી જોવું નહીં અને અનર્થદંડ કરવો નહીં, પરંતુ શુભ કાયયોગ (આચરણ)વાળા થવું.

मूलम् : (२३) तहा लाभोचियदाणे लाभोचियभोगे लाभोचियपरिवारे लाभोचियनिहिकरे सिया, असंतावगे परिवारस्स, गुणकरे जहासत्ति, अणुकंपापरे, निम्ममे भावेणं । एवं खु तप्पालणे वि धम्मो जहऽन्नपालणे त्ति । सव्वे जीवा पुढो पुढो, ममत्तं बंधकारणं ।

छाया : (२३) तथा लाभोचितदानो, लाभोचितभोगो, लाभोचितपरिवारो लाभोचितनिधिकारः स्यात् । असंतापकः परिवारस्य गुणकरो यथाशक्ति अनुकम्पापरो निर्ममो भावेन । एवं खलु तत्पालनेऽपि धर्मः यथाऽन्यपालने इति । सर्वे जीवाः पृथक् पृथक् । ममत्व बन्धकारणम् ।

शब्दार्थ :

तहा =	તથા
लाहोचियदाणे =	લાભને ઉચિત દાન દેનાર થવું
लाहोचियभोगे =	લાભને ઉચિત ભોગવનાર થવું
लाहोचियपरिवारे =	લાભને ઉચિત પરિવારવાળા, પરિવારનું ભરણપોષણ કરનાર થવું
लाहोचियनिहिकरे =	લાભને ઉચિત નિધાન કરનાર
सिआ =	થવું

परिवारस्स =	પરિવારને
असंतावगे =	સંતાપ કરનાર ન થવું
जहासत्तिं =	પોતાની શક્તિ પ્રમાણે
गुणकरे =	ભવની સ્થિતિ કહેવા વડે ગુણ કરનાર થવું
अणुकंपापरे =	પ્રત્યુપકારની અપેક્ષા રાખ્યા વિના અનુકંપામાં તત્પર થવું
भावेण =	ભાવથી-મનના અધ્યવસાયથી
निम्ममे =	મમતા રહિત થવું
खु =	કારણ કે
जह =	જેમ
अन्नपालणे त्ति =	અન્ય જીવોને પાળવામાં ધર્મ છે
एवं =	એ જ પ્રમાણે
तप्पालणे वि =	તે પરિવારને પાળવામાં પણ
धम्मो =	ધર્મ જ છે
सव्वे =	સર્વ
जीवा =	જીવો
पुढो पुढो =	જુદા જુદા જ છે

ममत्तं = તેમને વિષે જે મમતા રાખવી તે
बंधकारणं = બંધનું કારણ છે

ભાવાર્થ : તથા લાભને ઉચિત એટલે શ્રાવકનો ચોથો ભાગ વિગેરે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દાન દેવું. લાભને ઉચિત પોતાના ભોગમાં વાપરવું, લાભના પ્રમાણમાં પરિવારનું ભરણ-પોષણ કરવું અને લાભના પ્રમાણમાં નિધાનમાં રાખવું. તે વિષે કહ્યું છે કે "ચોથો ભાગ નિધાનમાં રાખવો (સંગ્રહી રાખવો), ચોથો ભાગ ધનની વૃદ્ધિમાં વેપાર-વ્યાજ વગેરેમાં રાખવો (રોકવો), ચોથો ભાગ ધર્મકાર્યમાં અને પોતાના ઉપભોગમાં વાપરવો તથા ચોથો ભાગ પરિવારના ભરણપોષણમાં વાપરવો." વળી અન્ય સ્થળે કહ્યું છે કે - "આવકમાંથી અર્ધ અથવા તેથી પણ અધિક ધન ધર્મમાં વાપરવું અને બાકી રહેલા ધન વડે યત્નથી આ લોક સંબંધી સર્વ તુચ્છ કાર્યો કરવાં વિગેરે. તથા પરિવારને સંતાપ ઉપજાવવો નહીં, તેમને પોતાની શક્તિ પ્રમાણે સંસારનું સ્વરૂપ સમજાવી ગુણકારક થવું. સામા ફળની ઇચ્છા રાખ્યા વિના તેમના પર અનુકંપા કરવી અને ભાવથી તેમના પર મમતારહિત રહેવું કારણ કે જેમ બીજા

જીવોને પાળવામાં ધર્મ છે તે જ પ્રમાણે જીવપણું સર્વમાં સમાન હોવાથી જો મમત્વબુદ્ધિ રાખવામાં ન આવે તો તેમને પાળવામાં પણ તેમનો ઉપકાર થવાથી ધર્મ જ છે. કારણ કે સર્વ જીવો પોતપોતાના લક્ષણના ભેદ વડે જુદા જુદા જ છે. માત્ર મોહથી તેમના પર જે મમતા રાખવી, એટલે કે આ પરિવાર મારો છે એવી જે બુદ્ધિ રાખવી તે જ બંધનું કારણ છે. કહ્યું છે કે - "આ સંસારસમુદ્રમાં સર્વ પ્રાણીઓ કર્મરૂપી તરંગોથી અથડાઈને એકઠા થાય છે અને જુદા પડે છે. ત્યાં કોને કોનો બાંધવ જાણવો ? કોઈ કોઈનો બંધુ પણ નથી ને શત્રુ પણ નથી." તથા - જેમાં વારંવાર જન્મ-મરણ થયા કરે છે એવા આ અત્યંત મોટા સંસારમાં કોઈ પ્રાણી એવો નથી કે જે અનેક વાર બંધુ ન થયો હોય ઇત્યાદિ. માત્ર સર્વથા પ્રકારે પોતાપણાની ભાવનાથી જ સ્વજન છે પણ વાસ્તવિક રીતે કોઈ કોઈનો સ્વજન નથી.

मूलम् : (२४) तहा तेसु तेसु समायारेसु सइसमन्नागए सिया, अमुगे अहं अमुगकुले अमुगसीसे, अमुगधम्मट्ठाणट्ठिए, न मे तव्विराहणा, न मे तदारंभो वुड्ढी ममेयस्स, एयमेत्थसारं, एयमायभूयं एयं हियं । असारमन्नं सव्वं विसेसओ

अविहिगहणेणं विवागदारुणं च त्ति। एवमाह तिलोगबंधू परमकारुणिगे सम्मं संबुद्धे भगवं अरहंते त्ति। एवं समालोचिय तदविरुद्धेसु समायारेसु सम्मं वट्टेज्जा भावमंगलमेयं तन्निप्फत्तीए।

छाया: (२४) तथा तेषु तेषु समाचारेषु स्मृतिसमन्वागतः स्यात् अमुकोऽहं, अमुककुलः, अमुकशिष्यः, अमुकधर्मस्थानस्थितः न मे तद्विराधना, न मे तदारम्भः वृद्धिर्ममैतस्य एतदत्र सारं एतदात्मभूतं एतद्धितं, असारमन्यत्सर्वं विशेषतोऽविधिग्रहणेन एवमाह त्रिलोकबन्धुः परमकारुणिकः सम्यक् संबुद्धो भगवानर्हन् इति। एवं समालोच्य तद्विरुद्धेषु समाचारेषु सम्यग् वर्तेत, भावमङ्गलमेतत् तन्निष्पत्तेः॥

शब्दार्थ:

तहा =	તથા
तेसु तेसु =	તે તે, ગૃહસ્થને ઉચિત
समायारेसु =	સમ્યક્ આચારોને વિષે
सइसमणागए =	સ્મૃતિયુક્ત
सिआ =	થવું

अमुगो हं = હું અમુક નામનો છું

अमुगकुले = અમુક કુળવાળો છું

अमुगसिस्से = અમુક ધર્માચાર્યનો શિષ્ય છું

अमुगधम्मट्ठाणठिए = અણુવ્રતાદિક અમુક ધર્મસ્થાનમાં રહેલો છું

न मे तव्विराहणा = અત્યારે તે ધર્મસ્થાનની મારે વિરાધના નથી

न मे तदारंभो = મારે તેની વિરાધનાનો આરંભ નથી

वुड्ढी ममेअस्स = મારે એ ધર્મસ્થાનની વૃદ્ધિ થાય છે

एए = આ ધર્મસ્થાન જ

इत्थ = આ સંસારમાં

सारं = સારભૂત છે

आयभूअं = પરભવમાં પણ આત્માની સાથે આવનાર હોવાથી આત્મભૂત છે

एअं = આ ધર્મસ્થાન

हिअं = હિતકારક છે

अण्णं = બીજું ધનાદિક

सव्वं = સર્વ

विसेसओ = વિશેષ કરીને

अविधिगहणेणं = વિધિરહિત ગ્રહણ કરવાથી

असारं = અસાર છે.

एवं = આ પ્રમાણે

तिलोगबंधू = ત્રિલોકના બંધુ

परमकारुणिगे = અતિ કરુણાવાળા

सम्मं संबुद्धे = સમ્યક્પ્રકારે બોધ પામેલા

भगवं = ભગવાન

अरिहंते त्ति = અરિહંત

आहं = કહે છે.

समालोचिअ = વિચારી - જાણી

तदविरुद्धेसु = પ્રકૃત ધર્મસ્થાનને અવિરુદ્ધ

समायारेसु = સમ્યક્ આચારોને વિષે

सम्मं = સમ્યક્, આગમમાં કહ્યા પ્રમાણે

वट्टिज्जा = વર્તવું

एअं = આ, આગમોક્ત વિધિ પ્રમાણે જે વર્તવું તે

तन्निप्फत्तीए = તેની નિષ્પત્તિનું, પ્રકૃત સમાચારની પ્રાપ્તિનું

भावमंगलं =   ભાવમંગળ છે.

ભાવાર્થ : તથા ગૃહસ્થને ઉચિત એવા તે તે સમ્યક્ આચારોને વિષે ઉપયોગવાળા થવું, કે હું અમુક નામનો, અમુક કુળનો, અમુક ધર્મગુરુનો શિષ્ય અને અણુવ્રતાદિક અમુક ધર્મસ્થાનમાં રહેલો છું. અત્યારે મારે તે ધર્મસ્થાનની વિરાધના થતી નથી (હું વિરાધના કરતો નથી) તેમ જ તેની વિરાધનાનો આરંભ પણ કરતો નથી. પરંતુ અત્યારે મારે તે ધર્મસ્થાનની વૃદ્ધિ થયા કરે છે. આ ધર્મસ્થાન જ આ જગતમાં સારભૂત છે. વળી આત્માની સાથે પરભવમાં જવાથી આત્મભૂત છે. અને સુંદર પરિણામરૂપ હોવાથી હિતકારક છે. બીજું સર્વ ધનાદિક વિશેષે કરીને વિધિરહિત ગ્રહણ કરવાથી અસાર છે. કહ્યું છે કે – "ધન મેળવવામાં અંધ થયેલ પ્રાણી પાપાનુબંધી પુણ્ય વડે કદાચ ધનપ્રાપ્તિરૂપ ફળને પામે તો પણ તે બડિશામિષ (માછલીને પકડવા માટે જેમ તેને લોટની ગોળી ખવડાવે છે અને પછી પકડી લે છે)ની જેમ પરિણામે તે પ્રાણીનો વિનાશ કર્યા વિના રહેતું નથી." એમ ત્રિલોકબંધુ, પરમ કરુણાવાળા અને

પરની અપેક્ષા વિના પોતાની મેળે જ સમ્યક્ બોધ પામેલા ભગવાન અરિહંત કહે છે. આ પ્રમાણે જાણીને પ્રસ્તુત ધર્મસ્થાનમાં વિરોધ ન આવે તેવા સમ્યક્ આચારોને વિષે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પ્રવર્તવું. કેમ કે આ પ્રમાણે જે વર્તવું તે પ્રસ્તુત આગમકથિત- સમાચારની પ્રાપ્તિનું ભાવમંગળ છે.

मूलम् : (२५) तहा जागरिज्ज धम्मजागरियाए को मम कालो, किमेयस्स उचियं । असारा विसया, नियमगामिणो विरसावसाणा, भीसणो मच्चू, सव्वाभावकारी, अविन्नायागमणो, अणिवारणिज्जो पुणो पुणोऽणुबंधी । धम्मो एयस्स ओसहं एगंतविसुद्धो महापुरिससेविओ सव्वहियकारी निरइयारो परमाणंदहेऊ ।

छाया : (२५) तथा जागृयात् धर्मजागरिकया, को मम कालः, किमेतस्योचितं, असारा विषया नियमगामिनो विरसावसानाः, भीषणो मृत्युः, सर्वाभावकारी अविज्ञातागमनोऽनिवारणीयः, पुनः पुनरनुबंधी । धर्म एतस्यौषधमेकान्तविशुद्धो महापुरुषसेवितः सर्वहितकारी निरतिचारः परमानन्दहेतुः ॥

शब्दार्थ :

तहा =	તથા
धम्मजागरियाए =	ભાવનિદ્રાનો ત્યાગ કરી તત્ત્વના વિચારરૂપ ધર્મજાગરણ વડે
जागरिज्ज =	જાગવું, વિચારવું
को मम कालो =	કયો મારો કાળ છે ?
एअस्स =	આ કાળને
किं उचिअं =	ઉચિત કયું ધર્માનુષ્ઠાન છે ?
असारा =	અસાર એવા
विसया =	આ કામભોગાદિક વિષયો
निअमगामिणो =	અવશ્ય ચાલ્યા જવાવાળા છે
विरसावसाणा =	જેનું પરિણામવિરસ કટુક હોય છે
भीसणो =	ભયંકર એવું
मच्चू =	આ મૃત્યુ
सव्वाभावकारी =	સર્વનો અભાવ-વિનાશ કરનાર છે
अविन्नायागमणो =	નથી જાણ્યું આવવું જેનું
अणिवारणिज्जो =	સ્વજનાદિક કોઈના બળ વડે નિવારી ન શકાય

पुणो पुणोणुबंधी = વારંવાર જન્માદિકનો અનુબંધ કરનાર
धम्मो = એક ધર્મ જ
एअस्स = આ વ્યાધિ જેવા મૃત્યુનું
ओसहं = ઔષધ છે
एगंतविसुद्धो = એકાંત વિશુદ્ધ, નિવૃત્તિરૂપ
महापुरिससेविओ = મહાપુરુષોએ સેવેલો
सव्वहिअकारी = સર્વને હિતકારક
निरइआरो = અતિચારરહિત પાળવાથી
परमाणंदहेऊ = મોક્ષનાં કારણરૂપ છે

ભાવાર્થ : તથા પ્રમાદાદિક ભાવનિદ્રાનો ત્યાગ કરી તત્ત્વના વિચારરૂપ ધર્મજાગરિકા વડે જાગૃત થવું. વિચાર કરવો કે હાલ મારી કઈ અવસ્થા છે ? આ અવસ્થાને કયું ધર્માનુષ્ઠાન ઉચિત છે ? વળી વિષયો તો અવશ્ય જવાવાળા અને પરિણામે ભોગવ્યા પછી વિરસ (કટુક) હોવાથી અત્યંત અસાર છે. તથા સર્વનો વિનાશ કરનાર, અણચિંતવ્યું આવનાર, સ્વજનાદિક કોઈના બળ વડે નિવારી ન શકાય તેવું અને વારંવાર જન્માદિકનો અનુબંધ કરનારું આ મૃત્યુ મહાભયંકર છે. એ અપૂર્વ વ્યાધિતુલ્ય

મૃત્યુનું ઔષધ માત્ર નિવૃત્તિરૂપ હોવાથી એકાંત વિશુદ્ધ, તીર્થંકરાદિક મહાપુરુષોએ સેવેલો, મૈત્રાદિક ભાવના વડે સર્વને હિતકારક, ગ્રહણ કર્યા પ્રમાણે પાળવાથી અતિચાર રહિત નિર્દોષ અને મોક્ષના કારણરૂપ એક ધર્મ જ છે.

मूलम् : (२६) नमो इमस्स धम्मस्स । नमो एयधम्मपयासयाणं । नमो एयधम्मपालयाणं, नमो एयधम्मपरुवयाणं । नमो एयधम्मपवज्जगाणं । इच्छामि अहमिणं धम्मं पडिवज्जित्तए सम्मं मण-वयण-कायजोगेहिं । होउ ममेयं कल्लाणं परमकल्लाणाणं जिणाणमणुभावओ । सुप्पणिहाणमेवं चिंतेज्जा पुणो पुणो । एयधम्मजुत्ताणं अववायकारी सिया । पहाणं मोहच्छेयणमेयं । एवं विसुज्झमाणे विसुज्झमाणे भावणाए कम्मापगमेणं उवेइ एयस्स जोग्गयं । तहा संसारविरत्ते संविग्गे भवइ अममे अपरोवयावी विसुद्धे विसुज्झमाणभावे त्ति ।

साहुधम्मपरिभावणासुत्तं समत्तं ॥ २ ॥

छाया : *(२६) नम एतस्मै धर्माय । नम एतद्धर्मप्रकाशकेभ्यः । नम एतद्धर्मपालकेभ्यः । नम एतद्धर्मप्ररूपकेभ्यः । नम एतद्धर्मप्रतिपत्तृभ्यः । इच्छाम्यहमेनं*

धर्मं प्रतिपत्तुं सम्यग्मनोवाक्कायायोगैः । भवतु ममैतत्कल्याणं परमकल्याणानां जिनानामनुभावतः । सुप्रणिधानमेवं चिन्तयेत् पुनः पुनः । एतद्धर्मयुक्तानामवपातकारी स्यात् । प्रधानं मोहच्छेदनमेतत् । एवं विशुध्यमानो भावनया कर्मापगमेनोपैत्येतस्य योग्यताम् । तथा संसारविरक्तः संविग्नो भवत्यममोऽपरोपतापी विशुद्धो विशुद्ध्यमानभावः त्ति ।

साधु धर्म परिभावना सूत्रं समाप्तम् ॥

शब्दार्थ :

इमस्स = આ ઉપર કહેલા

धम्मस्स = ધર્મને

नमो = નમસ્કાર થાઓ

एयधम्मपयासगाणं = આ ધર્મપ્રકાશ કરનાર અરિહંતોને

नमो = નમસ્કાર થાઓ

एयधम्मपालगाणं = આ ધર્મને પાળનાર મુનિઓને

नमो = નમસ્કાર થાઓ

एयधम्मपरुवगाणं = આ ધર્મની પ્રરૂપણા કરનાર સાધુઓને

नमो = નમસ્કાર થાઓ

एयधम्मपवज्जगाणं = આ ધર્મને અંગીકાર કરનાર શ્રાવકાદિકને
नमो = નમસ્કાર થાઓ
अहं = હું
इणं धम्मं = આ ધર્મને
सम्मं = સમ્યક્ પ્રકારના શુભ એવા
मणवयणकायजोगेहिं = મન, વચન અને કાયાના યોગ વડે
पडिवज्जित्तए = અંગીકાર કરવા
इच्छामि = ઇચ્છું છું
परमकल्लाणाणं = પરમકલ્યાણરૂપ
जिणाणं = જિનેશ્વરોના
अणुभावओ = અનુગ્રહ વડે
एअं = આ ધર્મની પ્રાપ્તિરૂપ
कल्लाणं = કલ્યાણ
मम = મારે
होउ = હો
एवं = આવું
सुप्पणिहाणं = શુભ પ્રણિધાન - એકાગ્રધ્યાન

पुणो पुणो = વારંવાર
चिंतिज्जा = ચિંતવવું
एअ धम्मजुत्ताणं = આ ધર્મ વડે યુક્ત એવા સાધુઓની
अववायकारी = આજ્ઞા પાળનાર
सिआ = થવું. કારણ કે
एअं = આ તેમની આજ્ઞામાં વર્તવું તે
पहाणं = પ્રધાન
मोहच्छेअणं = મોહને છેદનારું છે
एवं = આ પ્રમાણે કુશળ અભ્યાસ વડે
भावणाऐ = શુભ ભાવનાએ કરીને
विसुज्झमाणे = વિશુદ્ધ થતો થતો
कम्मापगमेणं = કર્મનો વિનાશ થવાથી
एअस्स = આ ધર્મની
जुग्गयं = યોગ્યતાને
उवेइ = પામે છે
संसारविरत्ते = સંસારનો દોષ જાણવાથી તેના પર વિરક્ત થાય છે
संविग्गे = સંવેગવાળો = મોક્ષનો અર્થી

भवइ = થાય છે

अममे = મમતા રહિત થાય છે

अपरोवतावी = પરની પીડાનો પરિહાર કરનાર થાય છે

विसुद्धे = ગ્રંથિભેદાદિક વડે વિશુદ્ધ થાય છે

विसुद्धमाणभावे = શુભકંડકની વૃદ્ધિ વડે વિશુદ્ધ વિશુદ્ધ ભાવવાળો થાય છે

ભાવાર્થ : આ ઉપર કહેલા ધર્મને નમસ્કાર હો. આ ધર્મના પ્રકાશક તીર્થંકરોને નમસ્કાર હો. આ ધર્મના પાલક સાધુઓને નમસ્કાર હો. આ ધર્મની પ્રરૂપણા કરનાર સાધુઓને નમસ્કાર હો. તથા આ ધર્મને અંગીકાર કરનાર શ્રાવકાદિકને નમસ્કાર હો. હું મન, વચન અને કાયાના શુભ વ્યાપાર વડે આ ધર્મ અંગીકાર કરવા ઇચ્છું છું. પરમ કલ્યાણરૂપ જિનેશ્વરોની કૃપા વડે મને આ ધર્મ પ્રાપ્ત થાઓ. આવું એકાગ્રધ્યાન વારંવાર કરવું તથા આ ધર્મ વડે યુક્ત એવા સાધુઓની આજ્ઞા પ્રમાણે વર્તવું. કારણ કે તેમની આજ્ઞાનું પાલન જ મોહ છેદવાનું મુખ્ય સાધન છે. આ પ્રમાણે કુશળાનુષ્ઠાનના અભ્યાસની ભાવનાએ કરીને

વિશુદ્ધ-વિશુદ્ધ પરિણામ થતાં કર્મનો વિનાશ થવાથી આ ધર્મની યોગ્યતા પ્રાપ્ત થાય છે તથા સંસારના દોષ ભાવવાથી તે સંસાર પરથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને તેથી કરીને આ જીવ મમતારહિત, પરની પીડા રહિત, રાગદ્વેષાદિક ગ્રંથિના ભેદાદિક વડે વિશુદ્ધ અને શુભ કંડકની વૃદ્ધિ વડે વિશુદ્ધ વિશુદ્ધ ભાવવાળો થઈ સંવિગ્ન - મોક્ષનો અર્થી થાય છે. આ રીતે ભાવથી સાધુધર્મની પ્રાપ્તિના ઉપાયભૂત અર્થને સૂચવનાર આ બીજા સૂત્રની વ્યાખ્યા પૂર્ણ થઈ.

अथ तृतीयं प्रव्रज्याग्रहणविधिसूत्रम् ॥

मूलम् : (२७) परिभाविए साहुधम्मे, जहोदियगुणे जएज्जा सम्ममेयं पडिवज्जित्तए अपरोवतावं । परोवतावो हि तप्पडिवत्तिविग्घो। अणुपाओ खु एसो। न खलु अकुसलारंभओ हियं । अप्पडिबद्धे कहिंचि पडिबोहेज्जा अम्मापियरे । उभयलोगसफलं जीवियं सपुदायकडा कम्मा समुदायफल त्ति । एवं सुदीहो अविओगो । अण्णहा एगरुक्खनिवासि सउणतुल्लमेयं । उद्दामो मच्चू पच्चासण्णो य । दुल्लहं मणुयत्तं समुद्दपडियरयणलाभतुल्लं । अइप्पभूया अन्ने भवा दुक्खबहुला मोहंधयारा अकुसलाणुबंधिणो अजोग्गा सुद्धधम्मस्स । जोग्गं च एयं पोयभूयं भवसमुद्दे, जुत्तं सकज्जे निउंजिउं संवरछुड्डयच्छिद्दं नाणकण्णधारं तवएसा जीवाणं। जं न इमीए जम्मो, न जरा, न मरणं, न इट्ठविओगो, नाणिट्ठसंपजोगो, न खुहा, न पिवासा, न अन्नो कोइ दोसो, सव्वहा अपरतंतं जीवावत्थाणं असुभरागाइरहियं संतं सिवं अव्वाबाहं ति ।

छाया : *(२७) परिभाविते साधुधर्मे यथोदितगुणो यतेत सम्यगमुं प्रतिपत्तुं अपरोपतापम् । परोपतापो हि तत्प्रतिपत्तिविघ्नः, अनुपाय एवैष, न खल्वकुशलारम्भतो*

हितं । अप्रतिबुद्धौ कथञ्चित् प्रतिबोधयेन्मातापितरौ । उभयलोकसफलं जीवितं (प्रशस्यते) समुदायकृतानि कर्माणि समुदायफलानीति । एवं सुदीर्घः (च) वियोगः अन्यथा । एकवृक्षनिवासिशकुनतुल्यमेतत् । उद्दामो मृत्युः प्रत्यासन्नश्च । दुर्लभं मनुजत्वं समुद्रपतितरत्न-लाभतुल्यं । अतिप्रभूता अन्ये भवा दुःखबहुला मोहान्धकारा अकुशलानुबन्धिनोऽयोग्याः शुद्धधर्मस्य । योग्यं चैतत् पोतभूतं भवसमुद्रे युक्तं स्वकार्ये नियोक्तुं संवरस्थगितच्छिद्रं ज्ञानकर्णधारं तपः पवनजवनं । क्षणो दुर्लभः सर्वकार्योपमातीतः सिद्धिसाधकधर्मसाधकत्वेन । उपादेया चैषा जीवानां । यत्रास्यां जन्म, न जरा, न मरणं, नेष्टवियोगः नानिष्टसंप्रयोगः, न क्षुधा, न पिपासा, नान्यः कश्चिद्दोषः । सर्वथाऽपरतन्त्रं जीवावस्थानमशुभरागादिरहितं शान्तं शिवमव्याबाधम् ॥

शब्दार्थ :

साहुधम्मे = સાધુધર્મ

परिभाविए = વિચારે છતે

जहादिअगुणे = સંસારવિરક્તાદિક ગુણવાળો

अपरोवतावं =	બીજાને ઉપતાપ-સંતાપ ન થાય તેવી રીતે
सम्मं =	સમ્યક્ પ્રકારે, વિધિ પ્રમાણે
एअं =	આ ધર્મ
पडिवज्जित्तए =	અંગીકાર કરવા માટે
जइज्जा =	યત્ન કરે
हि =	કારણ કે
परोवतावो =	પરને ઉપતાપ કરવો તે
तप्पडिवत्तिविग्घं =	ધર્મ અંગીકાર કરવામાં વિઘ્નરૂપ છે
एसो =	આ પરોપતાપ
अणुपाओ खु =	ધર્મ અંગીકાર કરવામાં ઉપાયરૂપ નથી જ
खलु =	નિશ્ચે
अकुसलारंभओ =	અકુશળ-પાપ આરંભ થકી
हिअं न =	પ્રાણીનું હિત થતું નથી. ધર્મ અંગીકાર કરવામાં પરોપતાપ કરવો તે અકુશળ આરંભ જ છે.

कहिंचि = કોઈપણ પ્રકારે, કર્મના વિચિત્રપણા વડે
अप्पडिबुद्धे = પ્રતિબોધ નહીં પામેલા
अम्मापिअरे = માતાપિતાને
पडिबोहिज्जा = પ્રતિબોધ પમાડે
उभयलोगसफलं = બંને લોકમાં સફળ
जीविअं = જીવિત પ્રશંસા કરવા યોગ્ય છે
समुदायकडा = સમુદાયે કરેલા
कम्मा = શુભ કર્મો
समुदायफल त्ति = સમુદાયને ફલ આપનારા હોય છે
अ = અને
अण्णहा = અન્યથા, શુભ કર્મ નહીં કરવાથી
एवं = આ પ્રકારે, ભવપરંપરાએ કરીને
सुदीहो विओगो = આપણા સર્વનો અતિદીર્ઘકાળનો વિયોગ થશે
एअं = અને એ ચેષ્ટા તો
एगरुक्ख = એક વૃક્ષ પર
निवासी = વસનાર

सउणतुल्लं =	પક્ષી તુલ્ય થશે.
मच्चू =	મૃત્યુ
उद्दामो =	નિવારી ન શકાય તેવું
अ =	અને
पच्चासण्णो =	પ્રાયે જીવો અલ્પ આયુષ્યવાળા હોવાથી નજીકમાં જ રહેલું છે
मणुअत्तं =	મનુષ્યપણું
समुद्दपडिअ =	સમુદ્રમાં પડી ગયેલા
रयण =	ચિંતામણીરત્નના
लाभतुल्लं =	લાભતુલ્ય
दुल्लहं =	અતિદુર્લભ છે
अणे =	બીજા, મનુષ્ય સિવાયના
भवा =	પૃથ્વીકાયાદિક ભવો
अइप्पभूआ =	અત્યંત ઘણા છે
दुक्खबहुला =	ઘણા દુઃખવાળા છે
मोहंधयारा =	મોહરૂપી અંધકારવાળા છે
अकुसलाणुबंधिणो =	અશુભ કર્મના અનુબંધવાળા છે
सुद्धधम्मस्स =	ચારિત્રરૂપ શુદ્ધ ધર્મને

अजुग्गा =	અયોગ્ય છે
जुग्गं =	યોગ્ય તો
भवसमुद्दे =	ભવરૂપી સમુદ્રમાં
पोअभूअं =	વહાણરૂપ
एअं =	આ મનુષ્યભવ જ છે
संवरट्ठइअछिद्दं =	સંવર વડે પ્રાણાતિપાતાદિક છિદ્રોને ઢાંકનારું
नाणकण्णधारं =	જ્ઞાનરૂપી કર્ણધારવાળું
तवपवणजवणं =	અનશનાદિક - તપરૂપી પવન વડે વેગવાળું આ મનુષ્યભવરૂપી વહાણ
सकज्जे =	ધર્મરૂપ આત્માના કાર્યમાં
निउंजिउं =	જોડવાને
जुत्तं =	યોગ્ય છે
सव्वकज्जोवमाईए =	સર્વ કાર્યમાં ઉપમારહિત
खणे =	આ મનુષ્યભવરૂપી ક્ષણ-અવસર
सिद्धिसाहगधम्मसाहगत्तेण =	મોક્ષને સાધનારા ધર્મનો સાધક હોવાથી
दुल्लहे =	દુર્લભ છે

य =	અને, વળી
एसा =	આ સિદ્ધિ જ
जीवाणं =	સર્વ જીવોને
उवादेआ =	ગ્રહણ કરવા લાયક છે
जं =	જે કારણ માટે
इमीए =	આ સિદ્ધિને વિષે, સિદ્ધિ પામ્યા પછી
न जम्मो =	ફરીથી જન્મ નથી
न जरा =	વૃદ્ધાવસ્થા નથી
न मरणं =	મરણ નથી
न इट्ठविओगो =	ઇષ્ટજનનો વિયોગ નથી
नानिट्ठसंपओगो =	અનિષ્ટનો સંયોગ નથી
न खुधा =	ક્ષુધા નથી
न पिवासा =	તૃષા નથી
अण्णो =	બીજો શીત, ઉષ્ણ વિગેરે
कोइ =	કોઈ પણ
दोसो =	દોષ, ઉપદ્રવ નથી
सव्वहा =	સર્વથા પ્રકારે
अपरतंतं =	પરતંત્રતા રહિત - સ્વતંત્ર

असुभरागाइरहिअं = અશુભ રાગાદિકથી રહિત
संतं = ક્રોધાદિક રહિત હોવાથી શાંત
सिवं = કલ્યાણરૂપ
अव्वाबाहं = વ્યાબાધા રહિત
जीवावत्थाणं = જીવોનું ત્યાં અવસ્થાન છે

ભાવાર્થ : સાધુધર્મની ભાવના થવાથી સંસારવિરક્ત, સંવિગ્ન, મમતારહિત, અપરોપતાપી, વિશેષ વિશેષ વિશુદ્ધ થતા પરિણામ યુક્ત એવા ગુણવાળો થઈ (માતપિતાદિક) બીજાને ઉપપાત ન થાય તેમ વિધિ પ્રમાણે ચારિત્રધર્મ અંગીકાર કરવા માટે યત્ન કરે. કારણ કે અકુશળ આરંભથી હિત થાય જ નહીં. એટલે કે ધર્મ અંગીકાર કરવામાં જે પરોપતાપ કરવો તે અકુશળ આરંભ જ છે. કારણ કે અકુશળ આરંભથી હિત થાય જ નહીં એટલે કે ધર્મ અંગીકાર કરવામાં જે પરોપતાપ કરવો તે અકુશળ આરંભ જ છે. ધર્મ અંગીકાર કરવામાં પ્રાયે પરોપતાપ જ અકુશલારંભ સંભવે છે. માટે આ કાર્યમાં સંભવી શકે એવા પરોપતાપને દૂર કરવા માટે કહે છે કે - કોઈપણ પ્રકારે

કર્મના વિચિત્રપણાને લીધે માતાપિતા પ્રતિબોધ ન પામેલા હોય તો તેમને પ્રથમ પ્રતિબોધ પમાડવા મહાસત્ત્વવાળાના માતાપિતા પામેલા જ હોય છે. છતાં કદાચ તેવા ન હોય તો તેમને આ પ્રમાણે કહીને પ્રતિબોધ પમાડવા (સમજાવવા) - "હે માતાપિતા ! આ જીવિત બંને ભવમાં સફળ થાય તો જ તે પ્રશંસા કરવા લાયક છે. તથા સમુદાયે કરેલા શુભ કર્મ સમુદાયને ફળ આપનાર થાય છે. અને અન્યથા એટલે શુભ કર્મ નહીં કરવાથી તો ભવપરંપરા વડે આપણો સર્વનો અતિદીર્ઘકાળનો વિયોગ થશે. અને એમ થવાથી તો એક વૃક્ષ પર રાત્રે આવીને નિવાસ કરતાં અને પ્રાતઃકાળે ઊડીને જતાં રહેતાં પક્ષીઓ તુલ્ય આપણી વિયોગચેષ્ટા ગણાશે. કેમ કે કોઈથી રોકી ન શકાય એવું મૃત્યુ અલ્પ આયુષ્યપણાને લીધે આપણી સમીપ જ રહેલું છે. અને મનુષ્યભવ સમુદ્રમાં પડી ગયેલા ચિંતામણીરત્નની પ્રાપ્તિની જેમ અતિદુર્લભ છે. મનુષ્યભવ સિવાયના બીજા પૃથ્વીકાયાદિક ભવો તો આ જીવે અસંખ્ય કરેલા છે પણ તે સર્વે અત્યંત દુઃખવાળા, તીવ્ર મોહાંધકારવાળા અને અશુભ કર્મનો અનુબંધ કરાવનારા

છે. તેથી તે સર્વે ભવો ચારિત્રરૂપ શુદ્ધ ધર્મને અયોગ્ય છે. માત્ર એક મનુષ્યભવ જ સંસારસમુદ્રમાં નાવની જેમ ચારિત્રધર્મને માટે યોગ્ય છે. તેથી કરીને સંવર વડે પ્રાણાતિપાતાદિક છિદ્રોને બંધ કરનારું, જ્ઞાનરૂપી સુકાનવાળું અને અનશનાદિક તપરૂપ પવન વડે વેગથી ચાલનાર આ મનુષ્યભવરૂપી વહાણને ધર્મરૂપ આત્મકાર્યમાં જોડવું યોગ્ય છે. કેમ કે સર્વ કાર્ય કરવામાં અનુપમ એવો આ મનુષ્યભવ રૂપી અવસર મોક્ષને સાધનારા ધર્મનો સાધક હોવાથી અતિદુર્લભ છે. અને વળી મોક્ષ જ સર્વ જીવોને આદરવાલાયક છે. કેમ કે એ મોક્ષને વિષે જન્મ, જરા, મરણ, ઈષ્ટવિયોગ, અનિષ્ટ સંયોગ, ક્ષુધા, તૃષ્ણા કે બીજા શીતઉષ્ણાદિક કાંઈપણ ઉપદ્રવ નથી. અને સર્વથા પ્રકારે સ્વતંત્ર, અશુભ રાગાદિક રહિત, શાંતિ, શિવ અને અવ્યાબાધપણે જીવોનું અવસ્થાન છે.

मूलम् : (२८) विवरीओ य संसारो इमीए अणवट्ठियसहावो । एत्थ खलु सुही वि असुही, संतमसंतं, सुविणे व सव्वमाउलं ति । ता अलमेत्थ पडिबंधेणं । करेह मे अणुग्गहं । उज्जमह एयं

वोच्छिंदित्तए । अहं पि तुम्हाणुमईए साहेमि एयं निव्विण्णो जम्ममरणेहिं । समिज्झइ य मे समीहियं गुरुपभावेणं । एवं सेसे वि बोहेज्जा । तओ सममेएहिं सेवेज्ज धम्मं । करेज्जोचियकरणिज्जं निरासंसो हु सव्वदा । एयं परममुणिसासणं ।

छाया : (२८) विपरीतश्च संसारोऽस्याः अनवस्थित स्वभावः । अत्र खलु सुख्यप्यसुखी, सदप्यसत्, स्वप्न इव सर्वमालमालमिति । ततोऽलमत्र प्रतिबन्धेन । कुरुत ममानुग्रहं । उद्यच्छतैनं व्यवच्छेत्तुं । अहमपि युष्माकमनुमत्या साधयाम्येतत् । निर्विणो जन्ममरणाभ्यां । समृद्ध्यति च मम समीहितं गुरुप्रभावेण । एवं शेषाण्यपि बोधयेत् । ततः सममेभिः सेवेत धर्मं । कुर्यादुचितकर्तव्यं निराशंस एव सर्वदा । एतत् परममुनिशासनम् ।

शब्दार्थ :

अ = તથા
संसारो = આ સંસાર
इमीए = આ સિદ્ધિથી
विवरीओ = વિપરીત
अणवट्ठिअसहावो = અનવસ્થિત સ્વભાવવાળો છે
खलु = નિશ્ચે

इत्थ = આ સંસારમાં
सुही वि = સુખી પ્રાણી પણ
असुही = અસુખી છે
संतं = છતી વસ્તુ પણ
असंतं = અછતી થઈ જાય છે-વિનાશ પામી જાય છે
सुविणव्व = સ્વપ્નની જેમ
सव्वं = આ સર્વ
आलमालं ति = આળપંપાળ છે
ता = તેથી કરીને
इत्थ = આ સંસારમાં
पडिबंधेणं = પ્રતિબંધ-મમતા કરવા વડે
अलं = સર્યું
मे = મારા પર
अणुग्गहं = કૃપા
करेह = કરો
एअं = આ સંસારનો
वुच्छिदित्तए = ઉચ્છેદ-વિનાશ કરવા

उज्जमह = ઉદ્યમ કરો
अहं पि = હું પણ
तुम्हाणुमईए = તમારી આજ્ઞાથી
एअं = આ સંસારવિચ્છેદને
साहेमि = સાધું
जम्ममरणेहिं = જન્મમરણ વડે
निव्विण्णो = હું નિર્વેદ, ખેદ, કંટાળો પામ્યો છું
अ = તથા
मे = મારું
समीहिअं = સંસારવિચ્છેદરૂપ ઇચ્છિત
गुरुपभावेणं = ગુરુના પ્રભાવ વડે
समिज्झइ = સમૃદ્ધિવાળું થશે - સિદ્ધ થશે
सेसे वि = બીજા સ્રીપુત્રાદિકને પણ
बोहिज्जा = ઉચિત પ્રમાણે પ્રતિબોધ કરે
एएहिं समं = એઓની સાથે
धम्मं = ચારિત્રધર્મને
सेविज्ज = સેવે-પાળે
उचिअकरणिज्जं = ઉચિત કર્તવ્યને

निरासंसो उ = આશંસારહિત
एयं = આ
परममुणिसासणं = પરમ મુનિ વીતરાગનું વચન છે

ભાવાર્થ : આ સંસાર મોક્ષથી વિપરીત અને અસ્થિર સ્વભાવવાળો છે. કેમ કે આ સંસારમાં પર્યાય ફરી જવાથી સુખી હોય તે પણ સહજમાં દુઃખી થાય છે અને વિદ્યમાન વસ્તુ પણ અવિદ્યમાન થઈ જાય છે. (નાશ પામી જાય છે.) આ સર્વ સ્વજનાદિક આળમાળ-સ્વપ્નતુલ્ય ક્ષણવિનશ્વર છે. તેથી આ સંસારમાં મમતાદિક વડે પ્રતિબંધ કરવો યોગ્ય નથી. માટે મારા પર કૃપા કરો અને આ સંસારનો વિચ્છેદ કરવા તમે પણ યથાશક્તિ ઉદ્યમવંત થાઓ. હું પણ તમારી આજ્ઞાથી આ સંસારનો વિચ્છેદ કરીશ કારણ કે આ સંસારમાં નિરંતર થતા જન્મમરણાદિક વડે હું અત્યંત ખેદ પામેલો છું તથા મારું સંસારોચ્છેદરૂપ વાંછિત ગુરુના પ્રભાવથી પૂર્ણ થવા સંભવ છે. આ પ્રમાણે માતાપિતાની જેમ બીજા પણ સ્ત્રીપુત્રાદિ સ્વજનોને ઉચિત પ્રમાણે પ્રતિબોધ કરી, પછી તેમની સાથે ચારિત્રધર્મનું

સેવન કરવું અને પંચમહાવ્રતના પાલનરૂપ ઉચિત કર્તવ્ય આશંસારહિત થઈ નિરંતર કરવું એમ પરમ મુનિ શ્રી વીતરાગનું વચન - આજ્ઞા છે.

मूलम् : (२९) अबुज्झमाणेसु च कम्मपरिणईए विहेज्जा जहासत्ति तदुवकरणं आओवायसुद्धं समईए। कयण्णुया खु एसा। करुणा य धम्मपहाणजणणी जणम्मि। तओ अणुण्णाए पडिवज्जेज्ज धम्मं। अण्णहा अणुवहे चेवोवहाजुत्ते सिया। धम्माराहणं खु हियं सव्वसत्ताणं। तहा तहेयं संपाडेज्जा। सव्वहा अपडिवज्जमाणे चएज्ज ते अट्ठाणगिलाणो सहत्थ चागनाएणं।

छाया : *(२९) अबुध्यमानेषु च कर्मपरिणत्या विदध्याद्यथाशक्ति तदुपकरणमायोपायशुद्धं स्वमत्या। कृतज्ञता खल्वेषा करुणा च धर्मप्रधानजननी जने। ततोऽनुज्ञातः प्रतिपद्येत धर्मं। अन्यथाऽनुपध एवोपधियुक्तः स्यात्। धर्माराधनं खलु हितं सर्वसत्त्वानां। तथा तथैतत् संपादयेत्। सर्वथाऽप्रतिपद्यमानान् त्यजेत् तान् अस्थानग्लानौषधार्थत्यागज्ञातेन।*

शब्दार्थ :

अ =	તથા
कम्मपरिणईए =	કર્મના પરિણામને
अबुज्झमाणेसु =	માતાપિતાદિક બોધ નહીં પામે છતે
जहासत्तिं =	પોતાની શક્તિ પ્રમાણે
समईए =	પોતાની બુદ્ધિથી
आओवायसुद्धं =	આવક અને ઉપાયથી શુદ્ધ
तदुवकरणं =	તે માતાપિતાદિકનું ઉપકરણ, નિર્વાહનું સાધન
विहिज्जा =	કરી આપે
खु =	નિશ્ચે
एसा =	એ જ
कयण्णुआ =	કૃતજ્ઞતા
य =	અને
करुणा =	દયા છે
जणम्मि =	લોકને વિષે
धम्मपहाणजणणी =	શાસનની ઉન્નતિને ઉત્પન્ન કરનારી છે
तओ =	ત્યારપછી

अणुण्णाए =	તેમની અનુજ્ઞા વડે
धम्मं =	ચારિત્રધર્મ
पडिवज्जिज्ज =	અંગીકાર કરવો
अण्णहा =	તેવો પ્રયાસ કર્યા છતાં પણ તેમની અનુજ્ઞા ન મળે તો
अणुवहे चेव =	ભાવથી ઉપાધિ, માયા-કપટ રહિત છતો
उवहिजुत्ते =	ઉપાધિ, માયાયુક્ત
सिया =	થાય
धम्माराहणं खु =	ધર્મનું આરાધન જ
सव्वसत्ताणं =	સર્વ પ્રાણીઓને
हिअं =	હિતકારક છે
तहा तहा =	તથા તથા પ્રકારે. દુષ્ટસ્વપ્નાદિક કહેવા વડે અનુજ્ઞા લઈને
एअं =	આ ધર્મનું આરાધન
संपाडिज्जा =	પ્રાપ્ત કરે. તેમ છતાં પણ.
सव्वहा =	સર્વથા પ્રકારે
अपडिवज्जमाणे =	નહીં અંગીકાર કરતા, આજ્ઞા નહીં આપતા

ते =	માતાપિતાદિકને
अट्ठाणगिलाण =	અસ્થાને રહેલા ગ્લાનનો
ओसहत्थ =	ઔષધને માટે
चागनाएणं =	ત્યાગ કરવો પડે એ દૃષ્ટાંત વડે
चइज्जा =	ત્યાગ કરે

ભાવાર્થ : કદાચ તથાપ્રકારના કર્મપરિણામને લીધે માતાપિતાદિક પ્રતિબોધ ન પામે - સમજે નહીં તો પોતાની શક્તિ પ્રમાણે પોતાની બુદ્ધિથી તેમને આવક અને ઉપાય વડે શુદ્ધ એવું નિર્વાહનું સાધન કરી આપવું કારણ કે એ જ કૃતજ્ઞતા અને કરુણા છે. વળી એ જ લોકમાં શાસનની ઉન્નતિ કરનારી છે. ત્યારપછી તેમની અનુજ્ઞા લઈ ચારિત્રધર્મ અંગીકાર કરવો. તેમ કર્યા છતાં પણ તેમની અનુજ્ઞા ન મળે તો ભાવથી (અંતઃકરણ) માયારહિત છતાં જ દ્રવ્યથી (બહારથી) માયાવી થવું. કેમ કે ધર્મનું આરાધન જ સર્વ પ્રાણીઓને હિતકર છે. તેથી ખોટી માયા વડે તે તે પ્રકારે 'મને દુષ્ટ સ્વપ્ન આવ્યું છે. તેથી મારું મરણ નજીક લાગે છે' ઇત્યાદિક કહીને પણ તેમની અનુજ્ઞા મેળવીને

ધર્મનું આરાધન કરવું. તેમ કર્યા છતાં પણ સર્વથા પ્રકારે ન આજ્ઞા આપે તો અસ્થાને રહેલા ગ્લાનનો ઔષધ મેળવવા માટે ત્યાગ કરવો પડે - ઔષધ લેવા પરદેશમાં જવું પડે એ દૃષ્ટાંતે તેમનો ત્યાગ કરવો.

मूलम् : (३०) से जहा नाम केइ पुरिसे कहंचि कंतारगए अम्मापितिसमेए तप्पडिबद्धे वच्चेज्जा। तेसिं तत्थ नियमघाई पुरिसमित्तासज्झे संभवंतोसहे महायंके सिया। तत्थ से पुरिसे तप्पडिबंधाओ एवमालोचिय न भवंति एए नियमओ ओसहमंतरेण, ओसहभावे य संसओ, कालसहाणि य एयाणि तहा संठविय संठविय तदोसहनिमित्तं सवित्तिनिमित्तं च चयमाणे साहू । एस चाए अचाए । अचाए चेव चाए । फलमेत्थ पहाणं बुहाणं । धीरा एयदंसिणो । स ते ओसहसंपाडणेण जीवावेज्जा। संभवाओ पुरिसोचियमेयं ।

छाया : *(३०) तद्यथा नाम कश्चित्पुरुषः कथञ्चित् कान्तारगतो मातापितृसमेतः तत्प्रतिबद्धो व्रजेत् । तयोस्तत्र नियमघाती पुरुषमात्रासाध्यः संभवदौषधो महातङ्कः स्यात् । तत्रासौ पुरुषस्तत्प्रतिबन्धादेवमालोच्य न भवत एतौ नियमत*

औषधमन्तरेण, औषधभावे च संशयः कालसहौ चैतौ । तथा संस्थाप्य संस्थाप्य तदौषधनिमित्तं स्ववृत्तिनिमित्तं च त्यजन् साधुः । एष त्यागोऽत्यागः । अत्याग एव त्यागः । फलमत्र प्रधानं बुधानां । धीरा एतद्दर्शिनः । स तौ औषधसंपादनेन जीवयेत् संभवात् पुरिसोचितमेतत् ।

शब्दार्थ :

से =	તે
जहा नामए =	યથા - અમુક નામવાળો
केइ पुरिसे =	કોઈ પુરુષ
कहंचि =	કોઈક પ્રકારે
कंतारगए =	અટવીમાં ગયો થકો
अम्मापिइसमेए =	માતાપિતા સહિત અથવા ભાર્યાદિ સહિત
तप्पडिबद्धे =	તે માતાપિતાદિકના પ્રતિબંધવાળો
वच्चिज्जा =	જાય
तेसिं =	તેમને
तत्थ =	તે અટવીમાં
निअमघाई =	નિશ્ચે પ્રાણઘાત કરે તેવો

पुरिसमित्तासज्झे =	કેવળ પુરુષથી-સામાન્ય મનુષ્યથી અસાધ્ય
संभवओसहे =	સંભવતું છે ઔષધ જેનું
महायंके =	મહાવ્યાધિ થાય
तत्थ =	ત્યાં
से पुरिसे =	તે પુરુષ
तप्पडिबंधाओ =	તેમના પ્રતિબંધથી
एवं =	આ પ્રમાણે
आलोचिअ =	વિચારીને
एए =	માતાપિતાદિક
निअमओ =	નિશ્ચે
ओसहमंतरेण =	ઔષધ વિના
न भवंति =	નહીં હોય, નહીં જીવે
ओसहभावे अ =	અને ઔષધ છતે
संसओ =	સંશય છે, કદાચ જીવે પણ ખરા
अ =	તથા, વળી
एआणि =	આ માતાપિતાદિક
कालसहाणि =	કાળને સહન કરે તેવા છે. થોડા કાળમાં મરણ પામે તેમ નથી.

तहा =	તથાપ્રકારે, ભોજન, આચ્છાદન વિગેરે પ્રકારે
संठविअ =	સમ્યક્ પ્રકારે સ્થાપન કરી કરીને, સારી રીતે તેમની ગોઠવણ કરી આપીને
तदोसहनिमित्तं =	તેમના ઔષધને નિમિત્તે
सवित्तिनिमित्तं च =	અને પોતાની વૃત્તિ નિમિત્તે
चयमाणे =	તેમનો ત્યાગ કરતો
साहू =	સારો છે
एस =	આ
चाए =	ત્યાગ
अचाए =	વાસ્તવિક રીતે સંયોગના ફળવાળો હોવાથી અત્યાગ જ છે
अचाए चेव =	અને અત્યાગ જ
चाए =	વિયોગરૂપ ફળવાળો હોવાથી ત્યાગ જ છે
इत्थ =	આ બાબતમાં
बुहाणं =	પંડિતોને

फलं =	ફળ જ
पहाणं =	પ્રધાન છે
एअदंसिणो =	આ બાબતને જોનારાં, નિપુણ બુદ્ધિથી ફળને જોનારા
धीरा =	ધીર-પંડિત પુરુષો હોય છે
स ते =	તે પુરુષ માતાપિતાદિકને
ओसहसंपायणेण =	ઔષધ લાવી આપવા વડે
संभवाओ =	સંભવ હોવાથી
जीवाविज्जा =	જીવાડે
एअं =	આ પ્રકારે ત્યાગ કરવો તે
पुरुषोचिअं =	પુરુષને ઉચિત છે.

ભાવાર્થ : જેમ કોઈ એક પુરુષ માતાપિતા કે પત્ની આદિક સહિત કોઈ પણ પ્રકારે અટવીમાં આવી ચડ્યો છે. ત્યાં તેમના પ્રતિબંધવાળો એટલે તેમના પર મમતા રાખી તેમની સાથે રહે છે. તેવામાં તેમને (માતાપિતાને) અવશ્ય ઘાત કરનાર એટલે મૃત્યુ પમાડનાર અને કેવળ મનુષ્યથી ન સાધી શકાય પરંતુ જેના ઔષધનો સંભવ

હોય એવો મહાવ્યાધિ ઉત્પન્ન થયે છતે તે પુરુષ તેમના પ્રતિબંધથી એવો વિચાર કરે કે આ માતાપિતાદિક ઔષધ વિના અવશ્ય મરણ પામશે. અને ઔષધ હશે તો મરણમાં સંદેહ છે. એટલે કે કદાચ જીવશે પણ ખરા. વળી આ માતાપિતાદિક કાળને સહન કરે તેવા છે. ટૂંક સમયમાં મરી જાય તેમ નથી એમ વિચારી તેમના ભોજન આચ્છાદન વિગેરે માટે તથા નિર્વાહ માટે સારી ગોઠવણ કરીને તેમના ઔષધ નિમિત્તે તથા પોતાની આજીવિકા નિમિત્તે તેમનો ત્યાગ કરે તે ત્યાગ સારો છે. કેમ કે આ ત્યાગ ફરીથી પરિણામે તેમનો સંયોગ કરનાર હોવાથી વાસ્તવિક રીતે અત્યાગ છે. અને જો ઔષધાદિક માટે તેમનો ત્યાગ ન કરે તો તેવો અત્યાગ પરિણામે મરણજનક થવાથી વિયોગરૂપ હોવાથી વાસ્તવિક રીતે ત્યાગરૂપ જ છે. આ બાબતમાં પંડિતોને ફળની જ, પરિણામની જ પ્રધાનતા-મુખ્યતા છે. એમ નિપુણ બુદ્ધિથી પરિણામદષ્ટિ રાખનારા ધીર પંડિત પુરુષો કહે છે. તે પુરુષ તે માતાપિતાદિકને ઔષધ લાવી આપવા વડે સંભવ હોવાથી જીવાડે. આ રીતે ત્યાગ કરવો તે પુરુષને ઉચિત છે.

मूलम् : (३१) एवं सुक्कपक्खिगे महापुरिसे संसारकंतारपडिए अम्मापिइ संगए धम्मपडिबद्धे विहरेज्जा । तेसिं तत्थ नियमविणासगे अपत्तबीजाइ-पुरिसमित्तासज्झे संभवंतसम्मताइओसहे मरणाइविवागे कम्मायंके सिया । तत्थ से सुक्कपक्खिगपुरिसे धम्मपडिबंधाओ एवं समालोचिय विणस्संति एए अवस्सं सम्मत्ताइ ओसहविरहेण, तस्संपायणे विभासा, कालसहाणि य एयाणि ववहारओ तहा संठविय संठविय इहलोग चिंताए तेसिं सम्मताइओसहनिमित्तं विसिट्ठगुरुमाइभावेणं सवित्तिनिमित्तं च किच्चकरणेण चयमाणे संयमपडिवत्तीए ते साहु सिद्धीए । एस चाए अचाए, तत्तभावणाओ । अचाए चेव चाए मिच्छभावणाओ । तत्तफलमेत्थ पहाणं बुहाणं परमत्थओ । धीरा एयदंसिणो आसन्नभव्वा ।

छाया : *(३१) एवं शुक्लपाक्षिको महापुरुषः संसारकान्तारपतितो मातापितृसंगतो धर्मप्रतिबद्धो विहरेत् । तयोस्तत्र नियमविनाशकोऽप्राप्तबीजादि पुरुषमात्रासाध्यः संभवत्सम्यक्त्वाद्यौषधो मरणादिविपाकः कर्मातङ्कः स्यात् । तत्रा सौ शुक्लपाक्षिकः पुरुषो धर्मप्रतिबन्धादेवं समालोच्य*

विनश्यत एतौ अवश्यं सम्यक्त्वाद्यौषधविरहेण। तस्य संपादने विभाषा, कालसहौ चैतौ व्यवहारतः । तथा संस्थाप्य संस्थाप्येहलोकचिन्तया तयोः सम्यक्त्वाद्यौषध निमित्तं विशिष्टगुर्वादिभावेन स्ववृत्तिनिमित्तं च कृत्यकरणेन त्यजन् संयमप्रतिपत्त्या साधुसिद्धौ एष त्यागोऽत्यागस्तत्त्वभावनातः अत्याग एव त्यागो मिथ्याभावनातः । तत्त्वफलमत्र प्रधानं परमार्थतः । धीरा एतद्दर्शिन आसन्नभव्याः ।

शब्दार्थ :

एवं =	એ જ પ્રમાણે
सुक्कपक्खिए =	કોઈ શુક્લપાક્ષિક
महापुरिसे =	મહાપુરુષ
संसारकंतारपडिए =	સંસારરૂપી અટવીમાં પડ્યો છતો
अम्मापिइसंगए =	માતાપિતા સહિત
धम्मपडिबद्धे =	ધર્મના પ્રતિબંધયુક્ત
विहरिज्जा =	વિચરે
तत्थ =	ત્યાં
तेसिं =	તે માતાપિતાદિકને

निअमविणासगे = નિશ્ચે વિનાશ કરનાર એવો
अपत्तबीजाइ = જેણે બોધિબીજાદિક પ્રાપ્ત નથી કર્યું એવા
पुरिसमित्तासज्झे = કેવળ સામાન્ય પુરુષથી સાધી ન શકાય
संभवंत = સંભવતું છે
सम्मताइओसहो = સમ્યક્ત્વાદિક ઔષધ જેનું
मरणाइविवागे = મરણાદિકના વિપાકવાળો - ફળવાળો
कम्मायंके = કર્મરૂપી મહાવ્યાધિ
सिआ = થાય
तत्थ = તેમાં, તે બાબતમાં
से = તે શુક્લપાક્ષિક
पुरिसे = પુરુષ
धम्मपडिबंधाओ = ધર્મના પ્રતિબંધથી
एवं = આ પ્રમાણે
समालोचिअ = વિચાર કરીને
एए = આ માતાપિતાદિક
सम्मत्ताइ ओसहविरहेण = સમ્યક્ત્વાદિક ઔષધને અભાવે

अवस्सं = અવસ્ય
विणस्संति = વિનાશ પામશે
तस्स = તે સમ્યક્ત્વાદિક ઔષધની
संपाडणे = પ્રાપ્તિ વડે
विभासा = કદાચ વિનાશ ન પામે
अ = અને વળી
ववहारओ = વ્યવહારથી
एआणि = આ માતાપિતાદિક
कालसहाणि = કાળને સહન કરનારા છે, હજુ તેમનું આયુષ્ય છે
तहा = તે પ્રકારે, તેમને જે પ્રકારે મનમાં સંતોષ-તૃપ્તિ થાય તે પ્રકારે તેનાં યોગ્ય નિર્વાહનાં સાધનો
इहलोगचिंताए = આ લોકની ચિંતા વડે
संठविय संठविय = સ્થાપન કરી કરીને
तेसिं = તે માતાપિતાદિકના
सम्मत्ताइओसहनिमित्तं = સમ્યક્ત્વાદિક ઔષધને નિમિત્તે

विसिट्ठगुरुमाइभावेण -	વિશિષ્ટ-ગુર્વાદિકના ભાવ વડે
च =	અને
सवित्तिनिमित्तं =	પોતાની વૃત્તિને નિમિત્તે
किच्चकरणेण =	તદ્યોગ્ય કૃત્ય કરવાના હેતુથી
संजमपडिवत्तीए =	સંયમ ગ્રહણ કરવા વડે
चयमाणे =	માતાપિતાદિકનો ત્યાગ કરતો
साहुसिद्धिए =	સિદ્ધિના વિષયમાં સારો છે
एस =	આ
चाए =	ત્યાગ
तत्तभावणाओ =	તત્ત્વની ભાવનાથી
अचाए =	અત્યાગરૂપ છે
अचाए चेव =	અત્યાગ જ
मिच्छाभावणाओ =	મિથ્યાભાવનાથી
चाए =	ત્યાગરૂપ છે
इत्थ =	અહીં
परमत्थओ =	પરમાર્થથી
तत्तफलं =	તાત્ત્વિક ફળ જ

पहाणं =	પંડિતોને પ્રધાન છે, અંગીકરણીય છે
एअदंसिणो =	આવું નિપુણ બુદ્ધિથી જોનારા
धीरा =	ધીર પુરુષો
आसन्नभव्वा =	આસન્નભવ્ય હોય છે.

ભાવાર્થ : એ જ પ્રમાણે કોઈ શુક્લપાક્ષિક મહાપુરુષ માતાપિતા સહિત સંસારરૂપી અટવીમાં પડ્યો છતો ધર્મને વિષે પ્રતિબંધવાળો થઈને વિચરે તેમાં તે માતાપિતાદિકને અવશ્ય વિનાશ કરનારો, બોધિબીજાદિક રહિત સામાન્ય પુરુષથી ન સાધી શકાય તેવો અને જેનું સમ્યક્ત્વાદિક ઔષધ સંભવે છે એવો મરણાદિકના વિપાક(ફળ)વાળો મહાવ્યાધિ ઉત્પન્ન થાય ત્યારે તે શુક્લપાક્ષિક પુરુષ ધર્મના પ્રતિબંધને લીધે આ પ્રમાણે વિચાર કરે કે - આ માતાપિતાદિક સમ્યક્ત્વાદિક ઔષધને અભાવે અવશ્ય વિનાશ પામશે અને સમ્યક્ત્વાદિક ઔષધની પ્રાપ્તિ વડે કદાચ વિનાશ નહીં પામે. વળી વ્યવહારથી જોતાં તેમનું આયુષ્ય હજુ છે એમ વિચારી તેમના મનને સંતોષ થાય તે પ્રકારે તેમનું આ લોકની ચિંતારૂપ નિર્વાહનું સાધન કરી

આપી તે માતાપિતાદિકના વિશિષ્ટ ગુર્વાદિકના યોગ વડે સમ્યક્ત્વાદિક ઔષધને નિમિત્તે તથા પોતાની વૃત્તિને નિમિત્તે યોગ્ય કૃત્ય કરવાના હેતુથી સંયમ ગ્રહણ કરી માતાપિતાદિકનો ત્યાગ કરે તે સિદ્ધિની પ્રાપ્તિના વિષયમાં સારો છે. આવો ત્યાગ તત્ત્વની ભાવનાથી અત્યાગરૂપ છે અને અત્યાગ જ મિથ્યાભાવના હોવાથી ત્યાગરૂપ છે. અહીં પરમાર્થથી તાત્ત્વિક ફળ જ પંડિતોને પ્રધાન-માન્ય છે. આવા નિપુણ બુદ્ધિથી જોનારા ધીરપુરુષો આસન્નભવ્ય હોય છે.

मूलम् : (३२) स ते सम्मताइओसहसंपाडणेण जीवावेज्जा अच्चंतिय अमरमरणावंझबीअजोगेणं । संभवाओ सपुरिसोचियमेयं । दुप्पडियाराणि अम्मापिईणि । एस धम्मो सयाणं । भगवं एत्थ नायं परिहरमाणे अकुसलाणुबंधि अम्मापिइसोगं ति । एवमपरोतावं सव्वहा सुगुरुसमीवे, पूजिऊण भगवंते वीयरागे साहू य तोसिऊण विहवोचियं किवणाई, सुप्पउत्तावस्सग्गे सुविसुद्धनिमित्ते समहिवासिए विसुद्धजोगे विसुज्झमाणे महया पमोएणं सम्मं पव्वएज्जा

लोगधम्मेहिंतो लोगुत्तरधम्मगमणेणं । एसा जिणाणमाणा महाकल्लाण त्ति न विराहियव्वा बुहेणं महाणत्थभयाओ सिद्धिकंखिण त्ति ।

पव्वज्जागहणविहि सुत्तं समत्तं-३

छाया : (३२) स तौ सम्यक्त्वाद्योषधसंपादनेन जीवयेत् आत्यन्तिकममरणावन्ध्यबीजयोगेन संभवात् । सुपुरुषोचितमेतत् । दुष्प्रतिकारौ च मातापितरौ । एष धर्मः सतां । भगवानत्र ज्ञातं परिहरन् अकुशलानुबन्धिनंमातापितृशोकमिति । एवमपरोपतापं सर्वथा सुगुरुसमीपे पूजयित्वा भगवतो वीतरागान् साधूंश्च, तोषयित्वा विभवोचितं कृपणादीन्, सुप्रयुक्तावश्यकः सुविशुद्धनिमित्तः समभिवासितो विशुद्ध्यमानो महता प्रमोदेन सम्यक् प्रव्रजेत् लोकधर्मेभ्यो लोकोत्तरधर्मगमनेन । एषा जिनानामाज्ञा महाकल्याणेति न विराधितव्या बुधेन महानर्थभयात् सिद्धिकांक्षिणा ।

इति प्रव्रज्याग्रहणविधिसूत्रं समाप्तम्-३

शब्दार्थ :

स = ते શુક્લપાક્ષિક પુરુષ

ते = તે માતાપિતાદિકને

सम्मताइ = સમ્યક્ત્વાદિક
ओसह = ઔષધની
संपाडणेण = પ્રાપ્તિ વડે
अमरण = ચરમ મરણના
अवंझबीअ = અવંધ્ય બીજનો
जोगेणं = યોગ કરીને
संभवाओ = જીવાડવાનો સંભવ છે માટે
अच्चंतिअ = અત્યંત, ફરી મરવું ન પડે તેમ
जीवाविज्जा = જીવાડે
एअं = આ જે પ્રકારે ત્યાગ કરવો તે
सुपुरुषोचिअं = સત્પુરુષને ઉચિત છે
अ = અને
अम्मापिईणि = માતાપિતા
दुप्पडिआराणि = દુષ્પ્રતિકાર, પ્રત્યુપકાર ન કરી શકાય તેવા
सयाणं = સત્પુરુષોનો
एस धम्मो = આ ધર્મ છે
एत्थ = આ બાબતમાં
अकुसलाणुबंधि = અશુભ કર્મના અનુબંધવાળા

अम्मापिइसोगं ति = પ્રવ્રજ્યાથી ઉત્પન્ન થતા માતાપિતાના શોકથી

परिहरमाणे = ગર્ભમાં જ અભિગ્રહ ધારણ કરવા વડે દૂર કરતા એવા

भगवं = ભગવાન શ્રી વર્ધમાનસ્વામી પોતે

नायं = દૃષ્ટાંતરૂપ છે

एवं = આ રીતે

सव्वहा = સર્વથા પ્રકારે

अपरोवतावं = પરને ઉપતાપ ન થાય તેમ

भगवंते = ભગવંત

वीअरागे = વીતરાગ શ્રી જિનેશ્વરોની

पूइत्ता = દ્રવ્યથી અને ભાવથી પૂજા કરીને

अ = તથા

साहू = સાધુઓને પણ દ્રવ્ય ભાવથી

तोसिऊण = સંતોષ પમાડીને

विहवोचिअं = વૈભવને ઉચિત

किवणाई = દીનહીનને સંતોષ પમાડીને

सुप्पउत्तावस्सए =	સારી રીતે, ઉચિત વેષ ધારણ કરીને, આવશ્યકનો ઉચ્ચાર કરી
सुविसुद्धनिमित्ते =	સારું શુદ્ધ નિમિત્ત જોઈ
समहिवासिए =	ગુરુએ ગુરુમંત્ર વડે અધિવાસિત કરેલો
महया =	મોટા
पमोएणं =	પ્રમોદ - હર્ષ વડે
विसुज्झमाणो =	વિશુદ્ધ વિશુદ્ધ પરિણામવાળો થતો
लोगधम्मेहिंतो =	લૌકિક ધર્મ થકી
लोगुत्तरधम्मगमणेणं =	લોકોત્તર ધર્મમાં જવા વડે
सुगुरुसमीवे =	સદ્ગુરુની સમીપે
सम्मं =	સમ્યક્ પ્રકારે, શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે
पव्वइज्जा =	પ્રવ્રજ્યા ગ્રહણ કરે
एसा =	આ
जिणाणं =	જિનેશ્વરોની
आणा =	આજ્ઞા
महाकल्लाण त्ति =	મહાકલ્યાણકારક છે એમ જાણી
सिद्धिकंखिणा =	સિદ્ધિને ઇચ્છનાર
बुहेणं =	ડાહ્યા પુરુષે

महाणत्थभयाओ = વિરાધનાથી મહાઅનર્થ થાય છે એવા ભયથી

न विराहिअव्वा = જિનાજ્ઞા વિરાધવી નહીં. આજ્ઞા-વિરાધન જેવો બીજો અનર્થ નથી.

ભાવાર્થ : તે શુક્લપાક્ષિક પુરુષ માતાપિતાદિકને સમ્યક્ત્વાદિક ઔષધની પ્રાપ્તિ કરાવી ચરમ મરણ (મોક્ષ)ના અવંધ્ય બીજના યોગ વડે જીવાડવાનો સંભવ હોવાથી અત્યંતપણે જીવાડી શકે છે. આ હેતુથી જે ત્યાગ કરવો તે સત્પુરુષને ઉચિત છે. કેમ કે માતાપિતાનો પ્રત્યુપકાર થઈ શકતો નથી. સત્પુરુષનો ધર્મ છે કે કોઈ પણ પ્રકારે ધર્મ પમાવડો. આ બાબતમાં અકુશલાનુબંધિ (શોક કરનારા) માતાપિતાના શોકને અભિગ્રહ વડે દૂર કરનાર ભગવાન શ્રી વર્ધમાનસ્વામીનું જ ઉદાહરણ છે. તેથી કરીને આ રીતે સર્વથા પ્રકારે પરને ઉપતાપ ઉપજાવ્યા વિના ભગવંત શ્રી વીતરાગની દ્રવ્ય અને ભાવપૂજા કરી સાધુને-સુપાત્રોને તથાવૈભવ પ્રમાણે બીજા દીનહીન વિગેરેને દાનાદિ વડે સંતોષ પમાડી, મુનિને ઉચિત એવા

વેષને ધારણ કરી આવશ્યકનો ઉચ્ચાર કરી (કરેમિ ભંતે ઉચ્ચરી) સારું શુભ મુહૂર્ત જોઈને ગુરુએ ગુરુમંત્ર વડે વાસક્ષેપ કરેલો અને મોટા હર્ષ વડે ચઢતા પરિણામવાળો થઈ, લૌકિક ધર્મનો ત્યાગ અને લોકોત્તર ધર્મનું ગ્રહણ કરવા વડે સદ્‌ગુરુની સમીપે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પ્રવ્રજયા ગ્રહણ કરે. આવી જિનેશ્વરની આજ્ઞા મહાકલ્યાણકારક છે એમ જાણી, મોક્ષના ઇચ્છુક ડાહ્યા પુરુષે તેને વિરાધવાથી મહાઅનર્થ થાય છે. એવા ભયથી જિનાજ્ઞા કદી પણ વિરાધવી નહીં કેમ કે એના જેવો બીજો કોઈ અનર્થ નથી. આજ્ઞા આરાધવી એ જ મોક્ષમાર્ગ છે એમ જાણવું.

પ્રવ્રજયાગ્રહણના વિધિનું ત્રીજું સૂત્ર સમાપ્ત.

अथ पव्वज्जा परिपालणा सूत्तं - ४

मूलम् : (३३) स एवमभिपव्वइए समाणे सुविहिभावओ किरियाफलेण जुज्जइ, विसुद्धचरणे महासत्ते, न विवज्जयमेइ। एयाभावेऽभिप्पेयसिद्धी उपायपवित्तीओ । नाविवज्जत्थोऽणुवाएपयट्टइ। उवाओ य उवेयसाहगो नियमेण। तस्सतत्तच्चाओ अण्णहा अइप्पसंगाओ, निच्छयमयमेयं।

छाया : (३३) स एवमभिप्रव्राजितः सन् सुविधिभावतः क्रियाफलेन युज्यते। विशुद्धचरणो महासत्त्वो न विपर्ययमेति। एतदभावेऽभिप्रेतसिद्धिरुपायप्रवृत्तेः। नाविपर्यस्तोऽनुपाये प्रवर्तते। उपायश्चोपेयसाधको नियमेन। तत्स्वतत्त्वत्यागः अन्यथाऽतिप्रसङ्गात्, निश्चयमतमेतत्।

शब्दार्थ :

स = તે મુમુક્ષુ

एवं = ઉપર કહ્યા પ્રમાણે

अभिपव्वइए समाणे - પ્રવ્રજિત થયો છતો

सुविहिभावओ = સારી વિધિપણાને લીધે

किरिआफलेण = ક્રિયાના ફળ વડે

जुज्जइ =	જોડાય છે, આ ચારિત્રની ક્રિયા સમ્યક્ હોવાથી તેનું ફળ તેને પ્રાપ્ત થાય છે
विसुद्धचरणे =	તે મુમુક્ષુ વિશુદ્ધ ચારિત્રવાળો
महासत्ते =	મહાસત્ત્વવાળો હોય છે
विवज्जयं =	મિથ્યાજ્ઞાનરૂપ વિપર્યયને
न एइ =	પામતો નથી
एअअभावे =	એ વિપર્યયને અભાવે
अभिप्पेअसिद्धी =	સામાન્યપણે જ ઇચ્છિતની સિદ્ધિ થાય છે
उवायपवित्तीओ =	ઉપાયમાં પ્રવૃત્તિ છે
अविवज्जत्थो =	વિપર્યયને નહીં પામેલો પ્રાણી
अणुंवाए =	અનુપાયને વિષે
न पयट्टइ =	પ્રવર્તતો નથી
उवाओ अ =	અને જે ઉપાય, કારણ છે
निअमेण =	નિશ્ચે
उवेयसाहगो =	ઉપેયને, કાર્યને સાધનાર છે
अण्णहा =	અન્યથા, જો ઉપાય ઉપેયને ન સાધે તો

तस्सतत्तच्चाओ = તે ઉપાયને પોતાના તત્ત્વનો ત્યાગ જ પ્રાપ્ત થાય

अइप्पसंगाओ = અતિપ્રસંગ દોષ લાગે માટે

निच्छयमयं एअं = આ નિશ્ચયનયનો મત છે તેથી કાંઈ વ્યવહારના ઉચ્છેદની શંકા રહેતી નથી.

ભાવાર્થ : તે મુમુક્ષુ ઉપરના સૂત્રમાં કહ્યા પ્રમાણે દીક્ષા ગ્રહણ કરી સારી વિધિપણાને લીધે ક્રિયાના ફળ વડે જોડાય છે કે આ ચારિત્રક્રિયા સમ્યક્ ક્રિયા હોવાથી તેનું ફળ તેને મળે છે. વળી તે મુમુક્ષુ વિશુદ્ધ ચારિત્રવાળો અને મહાસત્ત્વવાળો હોવાથી મિથ્યાજ્ઞાનરૂપ વિપર્યયને પામતો નથી અને વિપર્યય નહીં પામવાથી ઉપાયમાં પ્રવૃત્તિ હોવાને લીધે તેનું વાંછિત સિદ્ધ થાય છે. કેમ કે જે વિપર્યયને પામેલ ન હોય તે ઉપાયને છોડી અનુપાયમાં પ્રવર્તે જ નહીં અને જે ઉપાય (કારણ) હોય તે અવશ્ય ઉપેયને (કાર્યને) સાધનાર હોય જ છે. અન્યથા જો ઉપાય-ઉપેયને સાધ્ય કરે નહીં તો ઉપાય પોતાના તત્ત્વનો ત્યાગ જ કરે કેમ કે તેથી અતિપ્રસંગ દોષ આવે છે આ પ્રમાણે નિશ્ચયનયનો મત છે. પરંતુ તેથી

વ્યવહારનયનો ઉચ્છેદ થવાની શંકા રહેતી નથી. આ નિશ્ચયનય સૂક્ષ્મ મતિવાળા જ જાણી શકે છે.

मूलम् : (३४) से समलेट्ठुकंचणे समसत्तुमित्ते नियत्तग्गहदुक्खे पसमसुहसमेए सम्मं सिक्खमाइयइ, गुरुकुलवासी, गुरुपडिबद्धे, विणीए, भूयत्थदरिसी, न इओ हियतरं ति मन्नइ, सुस्सूसाइगुणजुत्ते तत्ताभिनिवेसा विहिपरे परममंतो त्ति अहिज्जइ सुत्तं बद्धलक्खे आसंसाविप्पमुक्के आययट्ठी । स तमवेइ सव्वहा । तओ सम्मं निउंजइ । एयं धीराण सासणं । अण्णहा अणिओगो, अविहिगहियमंतनाएणं ।

छाया : *(३४) से समलोष्ठकाञ्चनः समशत्रुमित्रो निवृत्ताग्रहदुःखः प्रशमसुखसमेतः सम्यक्शिक्षामादत्ते । गुरुकुलवासी, गुरुप्रतिबद्धो विनीतो भूतार्थदर्शी 'नेतो हितं तत्त्वं' इति मन्यते । शुश्रुषादिगुणयुक्तः तत्त्वाभिनिवेशात् विधिपरः परममन्त्र इति (कृत्वा) अधीते सूत्रं बद्धलक्ष आशंसाविप्रमुक्त आयतार्थी । स तदवैति सर्वथा । ततः सम्यक् नियुङ्क्ते । एतद्धीराणां शासनम् । अन्यथाऽनियोगोऽविधिमन्त्रज्ञातेन ।*

शब्दार्थ :

से =	તે દીક્ષિત થયેલો
समलेट्ठुकंचणे =	પથ્થર અને કાંચનને વિષે સમાન
समसत्तुमित्ते =	શત્રુ અને મિત્રને વિષે સમાન
निअत्तग्गहदुक्खे =	જેને આગ્રહનું દુઃખ નિવૃત્ત થયું છે એવો
पसमसुहसमेए =	પ્રશમ સુખને પામેલો સાધુ
सम्मं =	સમ્યક્ પ્રકારે
सिक्खं =	ગ્રહણા અને આસેવના રૂપ શિક્ષાને
आइअइ =	ગ્રહણ કરે છે, પામે છે, આદરે છે
गुरुकुलवासी =	ગુરુકુળમાં વસનાર
गुरुपडिबद्धे =	ગુરુને વિષે પ્રતિબંધવાળો, ગુરુનું બહુમાન કરનાર
विणीए =	બાહ્ય વિનયવાળો
भूअत्थदरिसी =	તત્ત્વાર્થને જોનાર એવો
इओ =	આથી, ગુરુકુલવાસથી બીજું
हिअं =	હિતકારક
तत्तं =	તત્ત્વ

न = કાંઈપણ નથી
ति = એ પ્રમાણે
मन्नइ = માને છે
सुस्सूसाइगुणजुत्ते = શુશ્રુષાદિક ગુણે કરીને યુક્ત
तत्ताभिनिवेसा = તત્ત્વને વિષે આગ્રહ હોવાથી
विहिपरे = વિધિને વિષે તત્પર
बद्धलक्खे = સાધ્ય પ્રત્યે બાંધ્યું છે લક્ષ્ય જેણે એવો, નિશ્ચિત લક્ષ્યવાળો
आसंसाविप्पमुक्के = આલોક-પરલોક સંબંધી આશંસાદોષથી રહિત
आययट्ठी = મોક્ષનો અર્થી
सुत्तं = સૂત્રને
परममंतो = પરમ મંત્રરૂપ છે
ति = એમ જાણી
अहिज्जइ = ભણે છે
स = તે ભણનાર
सव्वहा = સર્વથા યથાર્થપણે
तं = તે સૂત્રને

अवेइ =	જાણે છે
तओ =	તે જાણવા થકી
सम्मं =	સમ્યક્ પ્રકારે
निउंजइ =	તે સૂત્રનો નિયોગ કરે છે, ઉપયોગ કરે છે, વર્તનમાં મૂકે છે
एअं =	આ ભણેલા સૂત્રનો જે સમ્યક્ નિયોગ કરવો તે
धीराण =	તીર્થંકરાદિક ધીરપુરુષોનું
सासणं =	શાસન છે
अण्णहा =	અન્યથા, વિધિ વિના ભણે તો
अविहिगहिअ =	અવિધિએ ગ્રહણ કરેલા
मंतनाएण =	મંત્રના દૃષ્ટાંત વડે
अणिओगो =	નિયોગનો અભાવ, અસત્ ઉપયોગ થાય છે. વિપરીતપણું પ્રાપ્ત થાય છે

ભાવાર્થ : તે દીક્ષિત, પથ્થર અને કાંચનને વિષે તથા શત્રુ અને મિત્રને વિષે સમદૃષ્ટિવાળો, આગ્રહરહિત (સરળ સ્વભાવવાળો) અને પ્રશમસુખયુક્ત થઈ સમ્યક્ પ્રકારે

ગ્રહણા અને આસેવનારૂપ શિક્ષાને ગ્રહણ કરે છે તથા ગુરુકુળવાસી, ગુરુનું બહુમાન કરનાર, બાહ્ય વિનય કરનાર અને પરમાર્થને જાણનાર એવો તે ગુરુકુળવાસને જ તત્ત્વથી હિતકારક માને છે તથા શુશ્રૂષાદિક બુદ્ધિના આઠ ગુણે કરીને યુક્ત, તત્ત્વને વિષે આગ્રહ હોવાથી વિધિયુક્ત ક્રિયા કરવામાં તત્પર, સાધ્યને વિષે લક્ષ્ય (ધ્યાન) રાખનાર, આલોક-પરલોક સંબંધી આશંસા દોષ રહિત અને મોક્ષનો અર્થી એવો તે સૂત્રને પરમમંત્રરૂપ જાણી તેનો અભ્યાસ કરે છે અને તે જ સર્વથા યથાર્થપણે તે સૂત્ર અને તેના અર્થને જાણે છે. તે જાણવાથી સમ્યક્ પ્રકારે તે સૂત્રનો સદુપયોગ કરી શકે છે. આ સૂત્રનો જે સદુપયોગ કરવો તે જ તીર્થંકરાદિક ધીર પુરુષોનું શાસન છે - આજ્ઞા છે. અન્યથા એટલે વિધિ વિના (અવિધિએ) સૂત્રનો અભ્યાસ કરે તો અવિધિએ ગ્રહણ કરેલો મંત્ર જેમ ઉન્માદાદિક દોષ ઉત્પન્ન કરે છે તેમ વિપરીત ફળ આપનાર થાય છે.

मूलम् : (३५) अणाराहणाए न किंचि, तदणारंभओ धुवं । एत्थ मग्गदेसणाए दुक्खं, अवधीरणा, अप्पडिवत्ती । नेवमहीयमहीयं अवगमविरहेण । न एसा मग्गगामिणो ।

छाया : (३५) अनाराधनायां न किञ्चित् तदनारंभतो ध्रुवं । अत्र मार्गदेशनायां दुःखं १ अवधीरणा, २. अप्रतिपत्तिः ३ नैवमधीतमधीतमवगमविरहेण । नैषा मार्गगामिनः ॥

शब्दार्थ :

अणाराहणाए = એકાંતપણે અભ્યાસની આરાધના નહીં જ કરવામાં તો

तदणारंभाओ = તત્ત્વથી તેનો અભ્યાસનો આરંભ નહીં કરેલો હોવાથી

ध्रुवं = નિશ્ચે

नकिंचि = કાંઈ પણ મોક્ષરૂપ શુભ કે ઉન્માદાદિક અશુભ ફળ મળતું નથી

इत्थ = આ અનારાધના છતે

मग्गदेसणाए = તાત્ત્વિક માર્ગદેશના પ્રસંગે કરવાથી

दुक्खं = તે સાંભળતાં જ સાંભળનારને દુઃખ ઉત્પન્ન થાય છે

अवधीरणा = કાંઈક લઘુકર્મીને દુઃખ થતું નથી પણ અવગણના-અનાદર થાય છે

अप्पडिवत्ती =	વધારે લઘુકર્મીને દુઃખ તથા અવધીરણા થતી નથી પરંતુ શુદ્ધ માર્ગનો અસ્વીકાર હોય છે
एवं =	આ પ્રકારે અનારાધના વડે
अहीअं =	જે સૂત્ર ભણાયું હોય તે
अवगमविरहेण =	સમ્યક્ જ્ઞાન રહિત હોવાથી
न अहीअं =	તાત્ત્વિક ભણેલું ન જ કહેવાય
एसा =	આ અનારાધના
मग्गगामिणो =	માર્ગગામીને
न =	હોતી નથી

ભાવાર્થ : એકાંતપણે અભ્યાસમાં ન જ પ્રવર્તે તેણે અભ્યાસનો આરંભ નહીં કરેલો હોવાથી તેને કાંઈપણ મોક્ષરૂપ શુભ ફળ કે ઉન્માદાદિક અશુભ ફળ મળતું નથી. આ અનારાધકની પાસે તાત્ત્વિક માર્ગદેશના કરવામાં આવે તો તેને સાંભળતાં જ દુઃખ ઉત્પન્ન થાય છે. શુદ્ધ માર્ગદેશના તેના કર્ણને કટુક લાગે છે. જો તે કંઈક લઘુકર્મી હોય તો તેને તેવું દુઃખ ન થાય તો પણ તેના પર અવગણના તો

થાય છે. જો વધારે લઘુકર્મી હોય તો તેને દુ:ખ કે અવધીરણા થતી નથી પણ તે દેશનાનો સ્વીકાર થતો નથી. આ પ્રમાણે અનારાધના વડે કદી કાંઈક સૂત્રનો અભ્યાસ કર્યો હોય તો પણ તે સમ્યક્ જ્ઞાન રહિત હોવાથી તાત્ત્વિક અભ્યાસ કરેલો કહેવાય નહીં. આવી અનારાધના માર્ગગામીને હોતી નથી. કેમ કે તે (માર્ગગામી) સમ્યક્ત્વાદિક સહિત હોવાથી સર્વથા સત્ક્રિયામાં જ પ્રવર્તે છે.

मूलम् : (३६) विराहणा अणत्थमुहा, अत्थहेऊ, तस्सारंभओ धुवं । एत्थ मग्गदेसणाए अणभिनिवेसो, पडिवत्तिमेत्तं, किरियारंभो । एवं पि अहीयं अहीयं अवगमलेसजोगओ । अयं सबीओ नियमेण । मग्गगामिणो खु एसा अवाय बहुलस्स ।

छाया : (३६) विराधनाऽनर्थमुखाऽर्थहेतु: तस्यारम्भात् ध्रुवं । अत्र मार्गदेशनायामनभिनिवेश: प्रतिपत्तिमात्रं २ क्रियारम्भ: ३ । एवमप्यधीतमधीतमवगमलेशयोगत: । अयं सबीजो नियमेन । मार्गगामिन: खल्वेषाऽपायबहुलस्य ॥

शब्दार्थ :

विराहणा = અભ્યાસની વિરાધના

अणत्थमुहा = મોટા દોષને લીધે ઉન્માદાદિક અનર્થ મુખવાળી છતાં

तस्सारंभाओ धुवं = મોક્ષગમનના જ આરંભવાળી હોવાથી

अत्थहेऊ = પરંપરાએ અર્થના હેતુભૂત, મોક્ષના અંગરૂપ થાય છે.

इत्थ = આ વિરાધના છતાં

मग्गदेसणाए = તાત્ત્વિક માર્ગદિશના સાંભળવાથી

अणभिनिवेसो = તે સાંભળતાં જ હેય ઉપાદેયના વિષયોમાં અભિનિવેશ-કદાગ્રહ થતો નથી.

पडिवत्तिमित्तं = અલ્પવિરાધનાવાળાને અભિનિવેશ તો થતો નથી, માત્ર અંગીકાર કરવાપણું પણ થાય છે.

किरिआरंभो = ઘણી અલ્પ વિરાધનાવાળાને અનભિનિવેશ અને અંગીકાર તો થાય છે પણ ક્રિયા કરવાનો આરંભ પણ થાય છે.

एवं पि = આ પ્રમાણે વિરાધના વડે

अहीअं =	જે સૂત્ર ભણાયું તે
अवगमलेसजोगओ	- સમ્યક્ જ્ઞાનના લેશનો યોગ હોવાથી
अहीअं =	ભાવથી મળ્યું જ કહેવાય
अयं =	આ ઉપર કહ્યો તે વિરાધક
निअमेण =	નિશ્ચે
सबीओ =	બીજ સહિત હોય છે, સમ્યક્ત્વાદિક યુક્ત હોય છે
एसा =	આવી વિરાધના
मग्गगामिणो खु =	માર્ગગામીને જ હોઈ શકે છે; તે પણ સર્વ માર્ગગામીને નહિ.
अवायबहुलस्स =	અતિક્લિષ્ટ કર્મવાળાને, જે કર્મનો ઉપઘાત ન થઈ શકે એવા ક્લિષ્ટ કર્મવાળાને જ આવી વિરાધના સંભવે છે.

ભાવાર્થ : અભ્યાસની વિરાધના ઘણી કરી હોય તો પ્રથમ તેને ઉન્માદાદિક દોષ પ્રાપ્ત થાય છે. પરંતુ પરિણામે મોક્ષના આરંભવાળી તે ક્રિયા હોવાથી પરંપરાએ મોક્ષના હેતુરૂપ થાય છે. કારણ કે આવા વિરાધક પાસે તાત્ત્વિક

માર્ગદેશના કરવામાં આવે તો તેને તે દેશના સાંભળતાં હેય અને ઉપાદેયના વિષયમાં કદાગ્રહ થતો નથી. એટલું જ નહીં પણ અલ્પવિરાધક હોય તો અંગીકાર પણ કરે છે. અને તેથી પણ વધારે અલ્પવિરાધક હોય તો તે ક્રિયાનો આરંભ પણ કરે છે. આવી વિરાધનાથી પણ જે સૂત્ર ભણાયું હોય તે સમ્યક્ જ્ઞાનના લેશની પણ પ્રાપ્તિ હોવાથી ભાવથી (પારમાર્થિક) ભણ્યું કહેવાય છે. આ ઉપર કહ્યો તે વિરાધક અવશ્ય સમ્યક્ત્વાદિક બીજયુક્ત હોય છે કેમ કે આવી વિરાધના માર્ગગામીને જ હોઈ શકે છે. તેમાં પણ જે અતિક્લિષ્ટ કર્મવાળો હોય તેને જ સંભવે છે.

मूलम् : (३७) निरवाए जहोदिए सुत्तुत्तकारी हवइ पवयणमाइसंगए पंचसमिए तिगुत्ते । अणत्थपरे एयच्चाए अवियत्तस्स सिसुजणणिचायनाएण वियत्ते एत्थ केवली एयफलभूए । सम्ममेयं वियाणइ दुविहाए परिण्णाए ।

छाया : *(३७) निरपायो यथोदितः सूत्रोक्तकारी भवति प्रवचनमातृसंगतः पञ्चसमितस्त्रिगुप्तः । अनर्थपर एतत्त्यागोऽव्यक्तस्य शिशुजननीत्यागज्ञातेन । व्यक्तोऽत्र केवली एतत्फल-भूतः सम्यगेतद्विजानाति द्विविधया परिज्ञया ॥*

शब्दार्थ :

निरवाए = અપાય રહિત, તેવા ક્લિષ્ટ કર્મ રહિત જે હોય છે તે તો

जहोदिए = જેવો કહ્યો તેવો યથાર્થ માર્ગગામી જ હોય છે

सुत्तुत्तकारी = સૂત્રમાં કહ્યા પ્રમાણે ક્રિયા કરનાર

पवयणमाइसंगए = અષ્ટપ્રવચનમાતાયુક્ત

पंचसमिए = પાંચ સમિતિવાળો

तिगुत्ते = ત્રણ ગુપ્તિવાળો

हवइ = હોય છે

एअच्चाए = આ પ્રવચનમાતાનો ત્યાગ ચારિત્રરૂપી પ્રાણનો નાશ કરે છે

अविअत्तस्स = અવ્યક્ત, ભાવની અપેક્ષાએ બાળજીવને

सिसुजणणीचायनाएण =
બાળક માતાનો ત્યાગ કરે એ દૃષ્ટાંતે કરીને

अणत्थपरे = અનર્થકારક છે

इत्थ =	અહીં ભાવચિંતાને વિષે
विअत्ते =	વ્યક્ત તો
एअफलभूए =	આ પ્રવચનમાતાના ફળભૂત
केवली =	સર્વજ્ઞ ભગવાન
दुविहाए =	જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા એ બંને પ્રકારની
परिण्णाए =	પરિજ્ઞા વડે
सम्मं =	સમ્યક્ પ્રકારે
एअं =	આ સર્વે ઉપર કહ્યું તે
विआणइ =	જાણે છે

ભાવાર્થ : ક્લિષ્ટકર્મ રહિત હોય તે તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે માર્ગગામી હોય છે અને તે સૂત્રોક્ત ક્રિયા કરનાર તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠ પ્રવચનમાતા સહિત હોય છે. આ અષ્ટ પ્રવચનમાતાનો ત્યાગ ચારિત્રરૂપી પ્રાણનો નાશક હોવાથી બાળજીવને જેમ માતાનો ત્યાગ કરનાર બાળક અનર્થને પામે છે તેમ અનર્થ પમાડનાર થાય છે. અહીં ભાવચિંતાને વિષે વ્યક્ત તો પ્રવચનમાતાના ફળરૂપ સર્વજ્ઞ ભગવાન જ્ઞપરિજ્ઞા અને

પ્રત્યાખ્યાન પરિજ્ઞા એ બંને પ્રકારની પરિજ્ઞા વડે સમ્યક્ પ્રકારે આ સર્વ જાણે છે.

मूलम् : (३८) तहा आसासपयासदीवं संदीणाऽथिराइभेयं । असंदीण-थिरत्थमुज्जमइ । जहासत्तिमसंभंते अणूसगे, असंसत्तजागाराहए भवइ । उत्तरुत्तरजोग सिद्धीए मुच्चइ पावकम्मुण त्ति विसुज्झमाणे आभवं भावकिरियमाराहेइ । पसमसुहमणुहवइ अपीडिए संजम-तवकिरिआए, अव्वहिए परीसहोवसग्गेहिं, वाहिय सुकिरियानाएणं ।

छाया : *(३८) तथाऽऽश्वासप्रकाशद्वीपं (दीपं वा) स्पन्दनास्थिरादिभेदम् । अस्पन्दनस्थिरार्थमुद्यच्छति यथाशक्ति । असंभ्रान्तोऽनुत्सुकोऽसंसक्तयोगाराधको भवति । उत्तरोत्तर योगसिद्ध्या मुच्यते पापकर्मणेति । विशुद्ध्यमानः (सन्) आभवं भावक्रियामाराधयति । प्रशमसुखमनुभवति अपीडितः संयमतपः क्रिययाऽव्यथितः परीषहोपसर्गैर्व्याधितसुक्रिया ज्ञातेन ।*

शब्दार्थ :

तहा = तथा आ महात्माओ

संदीणाऽथिराइभेअं =સ્પન્દન અને અસ્થિર આદિ ભેદવાળા

आसासपयासदीवं = ભવસાગરમાં આશ્વાસ-વિશ્રાંતિ લેવા માટે દ્વીપને અને ગાઢ દુઃખવાળા મોહરૂપી અંધકારમાં પ્રકાશને માટે દીપ - દીવાને જાણે છે.

असंदीणथिरत्थं = અસ્પન્દન અને સ્થિરતાને અર્થે

उज्जमइ = ઉદ્યમ કરે

जहासत्तिं = યથાશક્તિ

असंभंते = ભ્રાન્તિરહિત

अणूसगे = ફલસંબંધી ઉત્સુકતાથી રહિત

असंसत्तजोगाराहए = સૂત્રાનુસારે શુદ્ધ ચારિત્રવ્યાપારનો આરાધક

भवइ = થાય છે

उत्तरुत्तरजोगसिद्धीए = ઉત્તરોત્તર શુદ્ધ ચારિત્ર વ્યાપારની શુદ્ધિ વડે

मुच्चइ = વિમુક્ત થાય છે

पावकम्मुण त्ति = તે તે ગુણના રોધક પાપકર્મથી

विसुज्झमाणे = એ રીતે વિશુદ્ધ પરિણામવાળો થતો થતો

आभवं = જન્મપર્યંત કે સંસારપર્યંત

भावकिरिअमाराहेइ = મોક્ષસાધક - ભાવક્રિયાને આરાધે છે

पसममणुहवइ = પ્રશમ સુખને - શાંત સુધારસને અનુભવે છે

अपीडिए = શરીરે પીડા પામ્યા વિના

संजमतवकिरिआए = સંયમ અને તપની ક્રિયાથી

अव्वहिए = મનમાં ક્ષોભ પામ્યા વિના

परीसहोवसग्गेहिं = ક્ષુધાદિક પરીસહો અને દિવ્યાદિક ઉપસર્ગોથી

वाहिअसुकिरिआ नाएणं = વ્યાધિવાળાને જેમ શુભ ક્રિયાની પરંપરાથી આરામ થાય છે તે દૃષ્ટાંત વડે

ભાવાર્થ : તથા આ મહાત્માઓ સ્પન્દન અને અસ્થિર આદિ ભેદવાળા ભવસાગરમાં વિશ્રાંતિ લેવા માટે દ્વીપને અને ગાઢ દુઃખવાળા મોહરૂપી અંધકારમાં પ્રકાશને માટે દીપ - દીવાને જાણે છે. તે બંનેમાં જે પ્રથમ ક્ષાયોપશમિક ચારિત્રરૂપ દ્વીપ અને ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ દીપ છે તે પ્રતિપાતી - આવેલું જાય તેવું - પતનશીલ હોવાથી

ચિરકાળે ઇષ્ટસિદ્ધિને માટે થાય છે. અને જે ક્ષાયિક ચારિત્રદ્વીપ તથા ક્ષાયિક જ્ઞાનદીપ છે તે તો અપ્રતિપાતી હોવાથી તત્કાળ - તે ભવમાં જ સિદ્ધિને માટે થાય છે. આ પ્રમાણે દ્વીપ અને દીપના ભેદો છે. તે લક્ષમાં રાખી સૂત્રનો ભાવાર્થ સમજવો. તે નીચે પ્રમાણે તથા તે મુનિ આ ભવસાગરમાં સ્પંદનાદિક ભેદવાળા આશ્વાસનદ્વીપને અને અસ્થિરાદિક ભેદવાળા પ્રકાશક દીપને સારી રીતે જાણે છે. એટલું જ નહીં પણ તે સર્વ ભેદોમાંથી અસ્પંદન (ક્ષાયિક ચારિત્ર) દ્વીપ અને સ્થિર ક્ષાયિક જ્ઞાનદીપને અર્થે શક્તિ પ્રમાણે ઉદ્યમ કરે છે તથા ભ્રાંતિરહિત, ફળ માટે ઉત્સુકતારહિત અને સૂત્રાનુસારે શુદ્ધ ચારિત્રવ્યાપારનો આરાધક થાય છે. અને એ જ પ્રમાણે ઉત્તરોત્તર શુદ્ધ ચારિત્રવ્યાપારની શુદ્ધિ વડે તે તે ગુણના રોધક પાપકર્મથી વિમુક્ત થાય છે. એ રીતે વિશુદ્ધ પરિણામવાળો થતો થતો જન્મપર્યંત કે સંસારપર્યંત મોક્ષસાધક ભાવક્રિયાને આરાધે છે. ત્યારપછી સંયમ અને તપની ક્રિયાથી શરીરે પીડા પામ્યા વિના અને ક્ષુધાદિક પરીષહો તથા દિવ્યાદિક

ઉપસર્ગોથી મનમાં ક્ષોભ પામ્યા વિના વ્યાધિવાળાને જેમ શુભ ક્રિયાની પરંપરાથી આરામ થાય છે તે દૃષ્ટાંત વડે તે પ્રશમસુખને, શાંત સુધારસને અનુભવે છે.

मूलम् : (३९) से जहा केइ महावाहिगहिए, अणुभूयतव्वेयणे, विण्णाया सरुवेण, निव्विण्णे तत्तओ, सुवेज्जवयणेण, सम्मं तमवगच्छिय जहाविहाणओ पवन्ने सुकिरियं, निरुद्धजहिच्छाचारे, तुच्छपत्थभोई मुच्चमाणे वाहिणा नियत्तमाणवेयणे समुवलब्भारोग्गं पवड्ढमाणतब्भावे, तल्लाभनिव्वुईए तप्पडिबंधाओ सिराखाराइजोगे वि वाहिसमारोग्गविण्णाणेण इट्ठनिप्फत्तीओ अणाकुलभावयाए किरिओवओगेण, अपीडिए, अव्वहिए, सुहलेस्साए वड्ढइ, वेज्जं च बहु मन्नइ ।

छाया : (३९) तद्यथा नाम कश्चिन्महाव्याधिगृहीतोऽनु-भूततद्वेदनो विज्ञाता स्वरूपेण निर्विण्णस्तत्त्वतः । सुवैद्यवचनेन सम्यक् तमवगम्य यथाविधानतः प्रपन्नः सुक्रियां । निरुद्धयथेच्छाचारस्तुच्छपथ्यभोजी मुच्यमानो व्याधिना निवर्तमानवेदनः समुपलभ्यारोग्यः प्रवर्धमानतद्भावस्तल्लाभ-

निर्वृत्त्या तत्प्रतिबन्धात् शिराक्षारादियोगेऽपि व्याधिशमारोग्य-विज्ञानेनेष्टनिष्पत्तेरनाकुलभावतया क्रियोपयोगेनापीडितोऽ-व्यथितः शुभलेश्यया वर्धते । वैद्यं च बहु मन्यते ।

शब्दार्थ :

से जहा =	તે આ પ્રમાણે
नामए =	યથાનામ
केइ =	કોઈ પુરુષ
महावाहिगहिए =	કુષ્ટાદિક મહાવ્યાધિ વડે ગ્રહણ કરાયો હોય
अणुहूअतव्वेअणे =	તે વ્યાધિની વેદનાને અનુભવતો
सरुवेण =	વેદનાને સ્વરૂપ વડે
विणाया =	જાણતો છતો
तत्तओ =	તત્ત્વથી
निव्विणे =	નિર્વેદ - ખેદ પામતો
सुविज्जवयणेण =	સારા વૈદ્યના વચન વડે
सम्मं =	સમ્યક્ પ્રકારે
तं =	તે વ્યાધિને
अवगच्छिअ =	જાણીને

जहाविहाणओ = દેવપૂજાદિક યથાર્થ વિધાનથી
सुकिरिअं = પરિપાચનાદિક સારી ક્રિયાને
पवणे = અંગીકાર કરે
निरुद्धजहिच्छाचारे = મરણાદિકના ભયથી સ્વેચ્છાચારને રુંધી
तुच्छपत्थभोई = હલકું અને પથ્ય ભોજન કરતો
वाहिणा = કુષ્ઠાદિક વ્યાધિથી
मुच्चमाणे = મુક્ત થતો જાય છે
निअत्तमाणवेअणे = ખરજ વિગેરેને અભાવે વેદનાથી નિવૃત્ત થઈ
आरोग्गं = આરોગ્યને
समुवलब्भ = પામી
तल्लाभनिव्वुईए = તે આરોગ્યના લાભથી ઉત્પન્ન થયેલી નિર્વૃત્તિ - શાંતિ વડે
पवड्ढमाणतब्भावे = વૃદ્ધિ પામતું છે આરોગ્ય જેને એવો થાય છે
तप्पडिबंधाओ = તે આરોગ્યને વિષે પ્રતિબંધ હોવાથી, આરોગ્ય મેળવવામાં આગ્રહી હોવાથી

सिराखाराइजोगे वि = શિરાવેધ અને ક્ષારાદિકનો યોગ થયા છતાં પણ

वाहिसमारुग्गविणाणेण = વ્યાધિનો ઉપશમ થવાથી મને આરોગ્ય થશે એમ જાણવાથી

इट्ठनिप्फत्तीओ = ઇષ્ટ એવા આરોગ્યની થતી જતી પ્રાપ્તિને લીધે

अणाकुलभावयाए = આકુળતારહિતપણાએ કરીને

किरिओवओगेण = તે સંબંધી ક્રિયામાં ઉપયોગ રાખવા વડે, વૈદ્યના કથન પ્રમાણે અમુક ક્રિયા કરવી છે એવો ઉપયોગ-જ્ઞાન હોવાથી

अपीडिए = શરીરે થતી પીડા લેખવ્યા વિના

अव्वहिए = મનમાં વ્યથા લેખવ્યા વિના

सुलहेस्साए = શુભ લેશ્યાએ કરીને

वड्ढइ = વૃદ્ધિ પામે છે

विज्जं च = તથા વૈદ્યને

बहुमणइ = બહુ માને છે

ભાવાર્થ : કોઈ પુરુષ કુષ્ઠાદિક મહાવ્યાધિથી ગ્રસ્ત થયો હોય, તેથી તેની વેદનાને અનુભવતો વેદનાનું સ્વરૂપ જાણી તત્ત્વથી ખરેખરો ખેદ પામ્યો હોય, તેવામાં કોઈ સુવૈદ્યના વચન વડે સમ્યક્ પ્રકારે તે વ્યાધિને જાણી દેવપૂજાદિક યથાર્થ વિધિથી પરિપાચનાદિક રૂપ સારી ક્રિયાને કરે અને મરણાદિકના ભયથી સ્વેચ્છાચારને રુંધી હલકું અને પથ્ય ભોજન કરી કુષ્ઠાદિક વ્યાધિથી મુક્ત થતો જાય. પછી ખરજ વિગેરે દૂર થયે વેદનારહિત થઈ, આરોગ્યને પામી, તે આરોગ્યના લાભથી મળેલી શાંતિ વડે તેનું આરોગ્ય વૃદ્ધિ પામવા લાગે. તેથી તે આરોગ્ય મેળવવામાં તત્પર હોવાથી શિરાવેધ અને ક્ષારાદિકના પાતરૂપ આકરા ઉપચાર કરીને પણ વ્યાધિના ઉપશમથી આરોગ્યનું જ્ઞાન થવાથી અને ઇષ્ટ આરોગ્યની પ્રાપ્તિ મને જરૂર થશે એવી ખાત્રી થવાથી આકુળતારહિતપણે વૈદ્યે બતાવેલી ક્રિયામાં ઉપયોગ રાખી શરીરમાં તથા મનમાં થતી પીડા ગણ્યા વિના પ્રશસ્ત ભાવરૂપ શુભલેશ્યા વડે વૃદ્ધિ પામે છે અને તે વૈદ્યનું બહુમાન કરે છે.

मूलम् : (४०) एवं कम्मवाहिगहिए, अणुभूयजम्माइवेयणे, विण्णाया दुक्खरुवेणं, निव्विण्णे तत्तओ तओ, सुगुरुवयणेण अणुट्ठाणाइणा तमवगच्छिय पुव्वुत्तविहाणओ पवन्ने सुकिरियं पवज्जं, निरुद्धपमायचारे, असारसुद्धभोई मुच्चमाणे कम्मवाहिणा, नियत्तमणिट्ठवियोगाइवेयणे, समुवलब्भ चरणारोग्गं पवड्ढमाणसुहभावे, तल्लाभनिव्वुईए तप्पडिबंधविसेसओ, परीसहोवसग्गभावे वि तत्तसंवेयणाओ कुसलसिद्धीए थिरासयत्तेण धम्मोवओगाओ सया थिमिए तेउलेस्साए वड्ढइ, गुरुं च बहु मन्नइ जहोचियं असंगपडिवत्तीए, निसग्गपवित्तिभावेण एसा गुरु वियाहिया भावसारा विसेसओ भगवंतबहुमाणेणं। जो मं पडिमन्नइ से गुरुं ति तयाणा। अन्नहा किरिया अकिरिया कुलडानारीकिरियासमा, गरहिया तत्तवेईणं, अफलफलजोगओ । विसण्णतत्तीफलमेत्थ नायं । आवट्टे खु तत्फलं असुहाणुबंधे ॥

छाया : (४०) एवं कर्मव्याधिगृहीतोऽनुभूतजन्मादिवेदनो-विज्ञाता दुःखरूपेण निर्विण्णस्तत्त्वतस्ततः । सुगुरुवचनेनानु-ष्ठानादिना तमवगम्य पूर्वोक्तविधानतः प्रपन्नः (सन्) सुक्रियां प्रव्रज्यां निरुद्ध प्रमादाचारोऽसारशुद्धभोजी मुच्यमानः

कर्मव्याधिना निवर्तमानेष्टवियोगादिवेदनः समुपलभ्य चरणारोग्यं प्रवर्धमानशुभभावः तल्लाभनिर्वृत्त्या तत्प्रतिबन्धविशेषात् परीषहोपसर्गभावेऽपि तत्त्वसंवेदनात् कुशलाशयवृद्ध्या स्थिराशयत्वेन धर्मोपयोगात् सदा स्तिमितस्तेजोलेश्यया प्रवर्धते । गुरुं च बहु मन्यते यथोचितमसङ्गप्रतिपत्त्या निसर्गप्रवृत्तिभावेन । एषा गुर्वी व्याख्याता भावसारा विशेषतो भगवद्बहुमानेन । यो मां प्रतिमन्यते स गुरुमिति तदाज्ञा । अन्यथा क्रियाऽक्रिया कुलटानारीक्रियासमा गर्हिता तत्त्ववेदिनामफलयोगतो विषान्नतृप्तिफलमत्र ज्ञातं, आवर्त एव तत्फलमशुभानुबन्धः ॥

शब्दार्थ :

एवं = એ જ પ્રમાણે કોઈ પુરુષ

कम्मवाहिगहिए = કર્મરૂપ વ્યાધિથી ગ્રહણ કરાયેલો, ઘેરાયેલો

अणुभूअजम्माइवेअणे - જેણે જન્માદિકની વેદના અનુભવી છે એવો તથા તે વેદનાને

दुक्खरुवेणं = દુઃખરૂપે

विण्णाया = જાણતો છતો

तओ =	તે વેદનાને લીધે
तत्तओ =	તત્ત્વથી
निव्विण्णे =	નિર્વેદ પામ્યો, સંસાર પરથી ખેદ પામ્યો.
सुगुरुवयणेण =	સુગુરુના વચનથી
अणुट्ठाणाइणा =	ક્રિયાનુષ્ઠાનાદિક વડે
तं =	તે ગુરુને અને કર્મવ્યાધિને
अवगच्छिअ =	બરાબર જાણી
पुव्वुत्तविहाणओ =	પૂર્વે ત્રીજા સૂત્રમાં કહેલા વિધિથી
सुकिरिअं =	શુભ ક્રિયાવાળી
पव्वज्जं =	પ્રવ્રજ્યાને
पवन्ने =	પામ્યો છતો
निरुद्धपमायायारे =	રુંધ્યું છે પ્રમાદાચરણ જેણે એવો તે સાધુ
असारसुद्धभोई =	અસાર, અંતપ્રાંત અને શુદ્ધ, નિર્દોષ ભોજન કરવા લાગ્યો
कम्मवाहिणा =	કર્મરૂપી વ્યાધિ વડે
मुच्चमाणे =	મુકાતો
निअत्तमाण =	નિવૃત્તિ પામતી, દૂર થતી

इट्ठविओगाइवेअणे = ઇષ્ટવિયોગાદિક વેદના જેની

चरणारुग्गं = ચારિત્રરૂપી આરોગ્યને

समुवलब्भ = પામી

पवड्ढमाण = ઘણા કર્મવ્યાધિના વિકારની નિવૃત્તિ થવાથી વૃદ્ધિ પામતો છે

सुहभावे = ચારિત્ર સંબંધી શુભ ભાવ જેનો

तल्लाभनिव्वुइए = ચારિત્રારોગ્યની પ્રાપ્તિથી ઉત્પન્ન થયેલી નિર્વૃત્તિ વડે, શાંતિ વડે

तप्पडिबंधविसेसओ = તે ચરણારોગ્યને વિષે વિશેષ પ્રતિબંધ - આગ્રહ હોવાથી - રાગ બંધાયાથી

परीसहोवसग्गभावे वि = ક્ષુધાદિક પરીષહો અને દિવ્યાદિક ઉપસર્ગો થયા છતાં

तत्तसंवेअणाओ = તત્ત્વજ્ઞાન હોવાથી

कुसलासयवुड्ढी = કુશલાશયની, ક્ષાયોપશમિક ભાવની વૃદ્ધિ વડે

थिरासयत्तेण = ચિત્તની સ્થિરતા હોવાથી

धम्मोवओगाओ =	ધર્મના ઉપયોગથી અમુક ક્રિયા કરવી છે એવા ઉપયોગરૂપ જ્ઞાન હોવાથી
सया =	સદા
थिमिए =	સ્થિર - રાગદ્વેષાદિક દ્વંદ્વને અભાવે શાંત થયો
तेउलेस्साए =	શુભ ભાવરૂપ તેજોલેશ્યા સુખાનુભવ વડે
पवड्ढइ =	વૃદ્ધિ પામે છે
च =	તથા
गुरुं =	ગુરુને
जहोचिअं =	જેમ ઉચિત હોય તેમ
असंगपडिवत्तीए =	નિઃસંગ પ્રતિપત્તિ વડે સ્નેહરહિત તે ગુરુનો અભિપ્રાય અંગીકાર કરવા વડે
बहु मन्नइ =	બહુ માને છે
एसा =	આ અસંગ પ્રતિપત્તિ
निसग्गपवित्तिभावेण =	સ્વાભાવિક પ્રવૃત્તિ હોવાથી
भगवंतबहुमाणेणं =	ભગવંતના બહુમાનપણાથી
विसेसओ =	વિશેષે કરીને

भावसारा = प्रधान-उत्कृष्ट ભાવવાળી

गुरुई = મોટી

विआहिआ = ભગવંતે કહી છે

जो = જે

मं = મને

पडिमन्नइ = ભાવથી માને છે

से = તે

गुरुं = ગુરુને પણ માને છે

ति = એવી

तदाणा = તે ભગવંતની આજ્ઞા છે

अन्नहा = અન્યથા, ગુરુનું બહુમાન કર્યા વિના

किरिआ = જે પડિલેહાદિક ક્રિયા કરાય તે

अकिरिआ = અક્રિયા, અસત્ક્રિયારૂપ છે

कुलडानारीकिरिआसमा =

કુલટા સ્રીની ઉપવાસાદિક ક્રિયાની જેવી

तत्तवेईणं = તત્ત્વજ્ઞોએ

अफलजोगओ = અફળના યોગથી

गरहिआ = ગર્હી - નિંદી છે

इत्थ = અહીં, આવી અસત્ ક્રિયા કરવામાં

विसणतत्तीफलं = વિષમિશ્રિત અન્નથી થતી તૃપ્તિ જેવું અલ્પ ફળ

नायं = તત્ત્વજ્ઞાનીઓએ જાણ્યું છે

तप्फलं = તેનું તાત્ત્વિક ફળ તો

असुहाणुबंधे = અશુભ અનુબંધવાળો

आवट्टे खु = આવર્ત, સંસાર જ છે

ભાવાર્થ : ઉપરના દૃષ્ટાંતનો ઉપનય કહે છે કે - એ જ પ્રમાણે કર્મરૂપ વ્યાધિથી ગ્રસ્ત થયેલો કોઈ પુરુષ કે જેણે જન્મ-જરા-મરણાદિકની વેદના અનુભવી છે તથા જે તે વેદનાને દુઃખરૂપે જાણી તે વેદનાને લીધે ખરેખર સંસારથી ખેદ (વૈરાગ્ય) પામે છે. ત્યારપછી સદ્ગુરુના વચનથી ક્રિયાનુષ્ઠાનાદિક વડે તે ગુરુને ઓળખી અને કર્મવ્યાધિને જાણી પ્રથમ ત્રીજા સૂત્રમાં કહેલા વિધિ વડે શુભ ક્રિયાવાળી પ્રવ્રજ્યા ગુરુ પાસે અંગીકાર કરે છે. પછી પ્રમાદાચરણને રુંધી અંતપ્રાંત (લુખો સૂકો) નિર્દોષ આહાર કરી કર્મવ્યાધિથી અનુક્રમે જેમ જેમ મુકાતો જાય છે તેમ તેમ

તેની ઇષ્ટવિયોગાદિક જનિત વેદના દૂર થતી જાય છે. તેને તે વેદનારૂપે ગણતો નથી. પછી ચારિત્રરૂપી આરોગ્યને પામી કર્મવ્યાધિના ઘણાખરા વિકારો નિવૃત્ત થવાથી તેનો ચારિત્ર સંબંધી શુભ ભાવ વધતો જાય છે. એ રીતે ચારિત્રારોગ્યની પ્રાપ્તિથી ઉત્પન્ન થયેલી શાંતિ વડે તે ચારિત્રારોગ્ય મેળવવામાં વિશેષ આગ્રહવાળો હોવાથી ક્ષુધાદિક પરીષહો અને દિવ્યાદિક ઉપસર્ગો થયા છતાં પણ તત્ત્વજ્ઞાન હોવાથી, તથા ક્ષાયોપશમિક ભાવરૂપ કુશલાશયની વૃદ્ધિ વડે ચિત્તની સ્થિરતા થવાથી તથા અમુક કાળે અમુક ક્રિયા કરવી છે એવો ઉપયોગ (જ્ઞાન) હોવાથી સદા રાગ-દ્વેષ, સુખ-દુઃખ વિગેરે દ્વંદ્વને અભાવે શાંતિ (સમતા)યુક્ત થઈ શુભ ભાવરૂપ તેજોલેશ્યા વડે વૃદ્ધિ પામે છે તથા ઉચિતતા પ્રમાણે ગુરુના અભિપ્રાયને નિઃસંગપણે - સ્નેહરહિતપણે જાણી તે પ્રમાણે આચરણ કરવા વડે તે ગુરુનું પણ બહુમાન કરે છે કારણ કે આ નિઃસંગપણે ગુરુના અભિપ્રાયનું જ્ઞાન સ્વાભાવિક પ્રવૃત્તિરૂપ હોવાથી તથા ભગવંત ઉપર બહુમાનપણું હોવાથી વિશેષે કરીને પ્રધાનભાવવાળું અને મોટું છે. એમ ભગવંતે કહ્યું છે કે

'જે મને ભાવથી માને - સ્વીકારે છે તે ગુરુને પણ માને છે' એવી ભગવંતની આજ્ઞા છે. અન્યથા ગુરુનું બહુમાન કર્યા વિના જે પડિલેહણાદિક ક્રિયા કરાય તે તત્ત્વથી અક્રિયા (અસત્ ક્રિયા) જ છે અને તે કુલટા સ્ત્રીની ઉપવાસાદિક ક્રિયા જેવી હોવાથી તત્ત્વજ્ઞાનીઓએ અફળની અથવા અલ્પ ફળની - સાંસારિક ફળની પ્રાપ્તિ કરનાર હોવાથી ગર્હી - નિંદી છે. અહીં આવી અસત્ ક્રિયા કરવામાં તત્ત્વવેત્તાઓએ વિષમિશ્રિત અન્ન ખાવાથી જેમ અલ્પકાળ માટે તૃપ્તિ થાય છે પણ પરિણામે પ્રાણ જાય છે તેમ અલ્પ સાંસારિક સુખરૂપ ફળ થવાનું કહ્યું છે. એનું તાત્ત્વિક ફળ તો અશુભ કર્મના અનુબંધવાળો સંસાર જ પ્રાપ્ત થાય છે એમ જાણ્યું છે - કહ્યું છે.

मूलम् : *(४१) आयओ गुरुबहुमाणो अवंझकारणत्तेण । अओ परमगुरुसंजोगो । तओ सिद्धी असंसयं । एसेह सुहोदए पगाहितयणुबंधे, भववाहितेगिच्छी । न इओ सुंदरं परं । उवमा एत्थ न विज्जई । से एवंपण्णे एवंभावे एवंपरिणामे अप्पडिवडिए वड्ढमाणे तेउलेसाए दुवालसमासिएणं परियाएणं*

अइक्कमइ सव्वदेवतेउलेसं । एवमाह महामुणी । तओ सुक्के सुक्काभिजाई भवइ । पायं छिण्णकम्माणुबंधे । खवइ लोगसण्णं । पडिसोयगामी, अणुसोयनियत्ते, सया सुहजोगे, एस जोगी वियाहिए । एस आराहगे सामण्णस्स । जहागहियपइण्णे सव्वोवहासुद्धे संधइ सुद्धगं भवं सम्मं अभवसाहगं भोगकिरिया - सुरुवाइकप्पं । तओ ता संपुण्णा पाउणइ अविगलहेउभावओ असंकिलिट्ठसुहरुवाओ, अपरोवताविणीओ सुंदराओ अणुबंधेणं । न य अण्णा संपुण्णा तत्तत्तखंडणेणं ॥

छाया : (४१) आयतो गुरुबहुमानोऽवन्ध्यकारणत्वेन । अतः परमगुरुसंयोगः । ततः सिद्धिरसंशयं । एषोऽत्र शुभोदयः प्रकृष्टतदनुबन्धो भवव्याधिचिकित्सकः । नेतः सुन्दरं परं । उपमाऽत्र न विद्यते । स एवंप्रज्ञ एवंभाव एवंपरिणामोऽप्रति-पतितो वर्धमानस्तेजोलेश्यया द्वादशमासिकेन पर्यायेणा-तिक्रामति सर्वदेवतेजोलेश्यां, एवमाह महामुनिः । ततः शुक्लः शुक्लाभिजात्यो भवति । प्रायश्छिन्नकर्मानुबन्धः क्षपयति लोकसंज्ञां । प्रतिस्रोतोगामी अनुस्रोतोनिवृत्तः । सदा शुभयोग एष योगी व्याख्यातः । एष आराधकः श्रामण्यस्य

यथागृहीतप्रतिज्ञः सर्वोपधाशुद्धः संधत्ते शुद्धं भवं सम्यगभवसाधकं भोगक्रियाः सुरूपादिकल्पं । ततस्तां संपूर्णाः प्राप्नोति अविकलहेतुभावतोऽसंक्लिष्टसुखरूपा अपरोपतापिन्यः सुन्दरा अनुबन्धेन । न चान्याः संपूर्णाः ॥ तत्तत्त्वखण्डनेन ।

शब्दार्थ :

गुरुबहुमाणो = ગુરુનું બહુમાન જ
अवंझकारणत्तेण = મોક્ષનું સફળ કારણ હોવાથી
आयओ = આયત-દીર્ઘ, મોક્ષરૂપ છે
अओ = એનાથી, ગુરુના બહુમાનથી
परमगुरुसंजोगो = પરમગુરુ જે તીર્થંકર તેનો સંયોગ થાય છે.
तओ = તે સંયોગથી
असंसयं = અવશ્ય
सिद्धी = મુક્તિ થાય છે તેથી
एस = આ ગુરુબહુમાન જ
इह = અહીં
पगिट्ठतयणुबंधे = ઉત્કૃષ્ટ શુભોદયના અનુબંધવાળું
भववाहितेगिच्छि = ભવરૂપી વ્યાધિની ચિકિત્સા કરનાર

सुहोदए = શુભ ઉદયરૂપ છે
इओ = આ ગુરુબહુમાન થકી
परं = બીજું કાંઈ
सुंदरं न = સુંદર નથી
इत्थ = આ ગુરુબહુમાનને વિષે
उपमा = કાંઈ પણ ઉપમા
न विज्जइ = છે જ નહીં
स = તે અધિકૃત સાધુ
एवंपणे = નિર્મળ વિવેકને લીધે આવી બુદ્ધિવાળો
एवंभावे = વિવેક વિના પણ સ્વભાવથી જ એવા ભાવવાળો
एवंपरिणामे = ગુરુના અભાવે પણ ક્ષયોપશમને લીધે માષતુષની જેમ ઉત્તમ પરિણામવાળો હોય છે.
अप्पडिवडिए = સંયમમાર્ગથી ભ્રષ્ટ નહીં થયેલો
तेउलेस्साए = શુભ પ્રભાવરૂપ તેજોલેશ્યા વડે
वड्ढमाणे = વૃદ્ધિ પામતો પામતો
दुवालसमासिएणं = બાર માસના

परिआएणं = દીક્ષા પર્યાય વડે

सव्वदेवतेउल्लेसं = સર્વ દેવોની તેજોલેશ્યાને

अइक्कमइ = ઓળંગે છે, એટલી બધી ચિત્તશાંતિને અનુભવે છે

एवं = એ પ્રમાણે

महामुणी = મહામુનિ શ્રી વર્ધમાનસ્વામીએ

आह = કહ્યું છે

तओ = ત્યારપછી તે સાધુ

सुक्के = શુકલ, અખંડ વ્રતવાળો, મત્સરરહિત, કૃતજ્ઞ, શુભઆરંભવાળો અને હિતપરિણામી

सुक्काभिजाई = શુક્લાભિજાત્ય, અખંડ વ્રત વિગેરે ઉત્કૃષ્ટ ગુણવાળો

भवइ = થાય છે

पायं = પ્રાયે કરીને

छिणकम्माणुबंधे = છેદાયા છે કર્મના અનુબંધ જેના એવો

लोगसणं = ભગવાનના વચનથી પ્રતિકૂળ એવી લોકસંજ્ઞાને

खवइ = ખપાવે છે
पडिसोअगामी = પ્રતિસ્રોતગામી, લોકાચારના પ્રવાહરૂપ નદીના સામા પૂરે તરનાર
अणुसोअनिवित्ते = અનુસ્રોતથી, તે જ લોકાચારના પ્રવાહરૂપ નદીને અનુકૂળ ગતિથી નિવૃત્ત થયેલો હોય છે
सया = સદા
सुहजोगे = શુભયોગવાળા
एस = આ સાધુને તીર્થંકરોએ
जोगी = ખરો યોગી
वियाहिए = કહ્યો છે
सामणस्स = ચારિત્ર ધર્મનો
आराहगे = આરાધક
जहागहिअपइण्णे = ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને યથાર્થ પાળનાર
सव्वोवहाशुद्धे = અતિચારરહિતપણાએ કરીને સર્વ ક્રિયાએ શુદ્ધ
एस = આ સાધુ

सम्मं = સમ્યક્ પ્રકારે

अभवसाहगं = શુભ ક્રિયા કરવા વડે અભવને, મોક્ષને સાધનાર

सुद्धगं = શુદ્ધ

भवं = ભવને

संधइ = સાંધે છે, ધારણ કરે છે

भोगकिरिआ = ભોગની ક્રિયાઓ

सुरुवाइकप्पं = સુરૂપાદિકને તુલ્ય હોય છે, સારું રૂપ, વય, વિચક્ષણતા, સૌભાગ્ય, માધુર્ય અને ઐશ્વર્ય એ સર્વ ભોગનાં સાધન છે, જેવા રૂપાદિક હોય તેવા તેને ભોગ પ્રાપ્ત થાય છે.

तओ = તેથી કરીને

अविमलहेउभावओ = અવિકલ - સંપૂર્ણ હેતુપણા થકી

असंकिलिट्ठसुहरुवाओ =

સંક્લેશ રહિત સુખરૂપ

अपरोवताविणो = પરને ઉપતાપ નહીં કરનારી

अणुबंधेणं = અનુબંધ વડે

सुंदरा = સુંદર

ता = તે ભોગની સામગ્રી
संपुण्णा = સંપૂર્ણ
पाउणइ = પામે છે
य = અને
अण्णा = એ સિવાયની બીજી ભોગસામગ્રી
संपुण्णा न = સંપૂર્ણ હોતી નથી

ભાવાર્થ : ગુરુનું બહુમાન જ મોક્ષનું અવંધ્ય - સફળ કારણ હોવાથી મોક્ષરૂપ છે. તે ગુરુના બહુમાનથી પરમગુરુ-તીર્થંકરનો સંયોગ પ્રાપ્ત થાય છે. અને તે સંયોગથી અવશ્ય મુક્તિ મળે છે. તેથી આ ગુરુબહુમાન જ અહીં ઉત્કૃષ્ટ શુભોદયના અનુબંધવાળું અને ભવવ્યાધિની ચિકિત્સા કરનાર શુભ ઉદયરૂપ છે. આ કારણથી આ ગુરુબહુમાન થકી બીજું કાંઈ પણ સુંદર નથી. તથા એ ગુરુબહુમાનને કોઈની ઉપમા ઘટી શકે તેમ નથી. આ પ્રમાણે નિર્મળ વિવેકને લીધે આવી બુદ્ધિવાળો અથવા વિવેક વિના પણ સ્વભાવથી જ આવા ભાવવાળો અને ગુરુને અભાવે પણ ક્ષયોપશમને લીધે માષતુષની જેવા

શુભ પરિણામવાળો તે સાધુ સંયમમાર્ગથી ભ્રષ્ટ થતો નથી. અને શુભ પ્રભાવરૂપ તેજોલેશ્યા વડે વૃદ્ધિ પામતો પામતો બાર માસના દીક્ષાપર્યાય વડે સર્વ દેવોની તેજોલેશ્યાને ઓળંગે છે. એમ મહામુનિ શ્રીવર્ધમાનસ્વામીએ કહ્યું છે. ત્યારપછી તે સાધુ શુક્લ, અખંડ વ્રતવાળો, મત્સર રહિત, કૃતજ્ઞ, શુભ આરંભવાળો અને હિતપરિણામી થાય છે. તથા શુક્લાભિજાત્ય - તે જ અખંડ વ્રતાદિક ઉત્કૃષ્ટ ગુણવાળો થાય છે. તથા પ્રાયે કરીને કર્મના અનુબંધનો છેદ કરેલો હોવાથી તે લોકસંજ્ઞાને ખપાવે છે. અને તેથી જ પ્રતિસ્રોતગામી થઈ અનુસ્રોતગમનથી નિવર્તે છે. આવા સર્વદા શુભ યોગવાળાને તીર્થંકરોએ યોગી કહેલો છે. આ પ્રમાણે ચારિત્રધર્મનો આરાધક, ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને યથાર્થ પાળનાર અને નિરતિચારપણે સર્વક્રિયાએ શુદ્ધ એવો તે સાધુ સમ્યક્ પ્રકારે શુભ ક્રિયા કરવાથી મોક્ષને સાધનાર શુભ ભવને ધારણ કરે છે. જેમ સુંદર રૂપ વિગેરેને આશ્રી સુંદર ભોગસામગ્રી પ્રાપ્ત થાય છે તેમ શુભ ક્રિયાને આશ્રી શુભ ભવ પ્રાપ્ત થાય છે. તેથી સંપૂર્ણ કારણની

પ્રાપ્તિને લીધે સંક્લેશ રહિત સુખરૂપ અને પરને ઉપઘાત નહીં કરનાર તથા અનુબંધ વડે સુંદર એવી ભોગની સામગ્રી સંપૂર્ણ પામે છે. એ સિવાય બીજી ભોગસામગ્રી સંપૂર્ણ હોતી નથી; ઉભયલોકની અપેક્ષાએ સંક્લેશાદિક થકી તે ભોગક્રિયાના તત્ત્વનું - સ્વરૂપનું ખંડન થવા વડે.

मूलम् : (४२) एयं नाणं ति वुच्चइ। एयंमि सुहजोगसिद्धी उचियपडिवत्तिपहाणा। एत्थ भावे पवत्तगे। पायं विग्घो न विज्जइ निरणुबंधासुहकम्मभावेण। अक्खित्ता उ इमे जोगा भावाराहणओ तहा, तओ सम्मं पवत्तइ, निप्फाएइ अणाउले। एवं किरिया सुकिरिया एगंतनिक्कलंका निक्कलंकत्थसाहिया, तहा सुहाणुबंधा उत्तरुत्तरजोगसिद्धीए। तओ से साहइ परं परत्थं सम्मं तक्कुसले सया तेहिं तेहिं पगारेहिं साणुबंधं, महोदए बीजबीजादिट्ठावणेणं, कत्तिविरिआइजुत्ते, अवंझसुहचेट्ठे, समंतभद्दे, सुप्पणिहाणाइहेऊ, मोहतिमिरदीवे, रागामयवेज्जे, दोसाणलजलनिही, संवेगसिद्धिकरे हवइ अचिंतचिंता-मणिकप्पे ॥

छाया : (४२) एतज्ज्ञानमित्युच्यते । एतस्मिन् शुभयोगसिद्धि-रुचितप्रतिपत्तिप्रधाना। अत्र भावः प्रवर्तकः

। प्रायो विघ्नो न विद्यते निरनुबन्धाशुभकर्मभावेन। आक्षिप्ता एते योगा भावाराधनातस्तथा। ततः सम्यक् प्रवर्तते। निष्पादयत्यनाकुलः। एवं क्रिया सुक्रिया (भवति) एकान्तनिष्कलंका निष्कङ्कार्थसाधिका तथाशुभानुबन्धोत्तरोत्तरयोगसिद्ध्या। ततः स साधयति परं परार्थं सम्यक् तत्कुशलः सदा तैस्तैः प्रकारैः सानुबन्धं महोदयो बीजबीजादिस्थापनेन। कर्तृवीर्यादियुक्तोऽवन्ध्यशुभचेष्टः समन्तभद्रः सुप्रणिधानादिहेतुर्मोहतिमिरदीपो रागामयवैद्यो द्वेषानलजलनिधिः संवेगसिद्धिकरो भवति अचिन्त्यचिन्तामणिकल्पः।

शब्दार्थ :

एअं = આ - ઇષ્ટ વસ્તુતત્ત્વનું નિરૂપણ કરનાર

नाणं ति = જ્ઞાન છે એમ

वुच्चइ = કહેવાય છે.

एअम्मि = આવું જ્ઞાન

उचिअपडिवत्तिपहाणा - ઉચિત ક્રિયાનો અંગીકાર પ્રધાન - મુખ્ય જેમાં છે એવી

सुहजोगसिद्धी = શુભ વ્યાપારની સિદ્ધિ થાય છે તેથી

इत्थ = આ શુભ પ્રવૃત્તિને વિષે

भावो = અંતઃકરણનો ભાવ જ

पवत्तगो = પ્રવર્તક - પ્રેરણા કરનાર છે

पायं = પ્રાયે કરીને

निरणुबंधासुहकम्मभावेण =

અનુબંધ-અશુભકર્મ હોવાથી

विग्घो = કાંઈ પણ વિઘ્ન

न विज्जइ = આવતું નથી

तहा = તથા પ્રકારે, જન્માદિકમાં પ્રવ્રજ્યાનું બહુમાનાદિક કરવા વડે

भावाराहणाओ = તેની ભાવપૂર્વક આરાધના કરવાથી

इमे = આ

जोगा = શુભ પ્રવ્રજ્યાના વ્યાપારો

अक्खित्ताओ = આક્ષિપ્ત, પ્રાપ્ત થયેલા જ છે

तओ = તે શુભ વ્યાપાર પ્રાપ્ત થવાથી ઉત્તમ મુનિ

सम्मं = સમ્યક્ પ્રકારે

पवत्तइ =	તેમાં પ્રવર્તે છે
अणाउले =	આકુળતારહિત થયેલો
निप्फायइ =	ઇષ્ટ વસ્તુને પ્રાપ્ત કરે છે
एवं =	આ પ્રમાણે કરેલી
किरिआ =	ક્રિયા
एगंतनिक्कलंका =	એકાંતપણે કલંકરહિત
निक्कलंकत्थसाहिआ =	નિષ્કલંકાર્થને, મોક્ષને સાધનારી
सुकिरिआ =	સુક્રિયારૂપ થાય છે
उत्तरुत्तरजोगसिद्धीए =	ઉત્તરોત્તર શુભ યોગની સિદ્ધિ વડે તે ક્રિયા
तहासुहाणुबंधा =	તથાપ્રકારે શુભ અનુબંધવાળી થાય છે
तओ =	તેવી શુભાનુબંધવાળી ક્રિયાથી
से =	તે સાધુ
सम्मं =	સમ્યક્ પ્રકારે
तक्कुसले =	તે પરાર્થ સાધવામાં કુશળ - સમર્થ એવો
सया =	સદા
परं =	પ્રધાન
परत्थं =	પરમાર્થને, મોક્ષરૂપ સત્યાર્થ

साहइ = સાધે છે

महादए = સત્યાર્થ સાધવાથી મોટા ઉદયવાળો તે સાધુ

तेहिं तेहिं पगारेहिं = તે તે પ્રકારે

बीजबीजादिट्ठावणेण =

બીજ એટલે સમકિત અને બીજબીજ-સમકિત પ્રાપ્ત કરાવનાર શાસનની પ્રશંસાદિકનું સ્થાપન કરવા વડે પરાર્થને સાધે છે

कत्तिविरिआइजुत्ते = પરાર્થ સાધવામાં કર્તા તરીકેના વીર્યાદિક વડે યુક્ત

अवंझसुहचिट्ठे = સફળ છે શુભ ચેષ્ટા જેની

समंतभद्दे = સુંદર આકૃતિવાળો હોવાથી સર્વ પ્રકારે મનોહર

सुप्पणिहाणाइहेऊ = શુભ પ્રણિધાનાદિકના હેતુરૂપ

मोहतिमिरदीवे = મોહરૂપી અંધકારનો નાશ કરવામાં દીપ સમાન

रागामयविज्जे = રાગરૂપી વ્યાધિનું નિવારણ કરવામાં વૈદ્ય સમાન

दोसानलजलनिही =દ્વેષરૂપી અગ્નિને બુઝવવામાં સમુદ્રરૂપ

संवेगसिद्धिकरे = સંવેગની સિદ્ધિને કરનાર

अचिंतचिंतामणिकप्पे - અચિંત્ય-ચિંતામણી તુલ્ય

हवइ = થાય છે

ભાવાર્થ : ઉભયલોકની અપેક્ષાએ - આ ભવ તથા પરભવમાં ભોગક્રિયા પ્રાપ્ત થાય તે પણ સંક્લેશરૂપ જ છે. એમ જાણી તે ભોગક્રિયાના સ્વરૂપનો નિષેધ કરી જે ઇષ્ટ વસ્તુતત્ત્વ (મોક્ષ)નું નિરૂપણ કરવું તે ખરું જ્ઞાન કહેવાય છે. આવું જ્ઞાન હોવાથી ઉચિત ક્રિયાના અંગીકાર વડે શુભ ક્રિયાવ્યાપારની સિદ્ધિ થાય છે. આ શુભ પ્રવૃત્તિ કરવામાં અંતઃકરણનો ભાવ જ પ્રેરણા કરનાર હોય છે. તેમાં પ્રાયે કરીને અશુભ કર્મનો અનુબંધ નહીં હોવાથી કાંઈ પણ વિઘ્ન આવતું નથી. તથાપ્રકારે જન્માંતરમાં પ્રવ્રજ્યાનું બહુમાનાદિક કરવા વડે તે પ્રવ્રજ્યાની ભાવથી આરાધના થઈ છે તેથી તેને આ શુભ પ્રવ્રજ્યાના વ્યાપારો પ્રાપ્ત થયેલા

જ છે. તેથી કરીને તે સમ્યક્ પ્રકારે તેમાં જ પ્રવૃત્તિ કરે છે. અને આકુળતા રહિતપણે ઈષ્ટ વસ્તુને (પ્રવ્રજ્યાને) પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે કરેલી ક્રિયા એકાંતપણે કલંકરહિત અને નિષ્કલંક અર્થ (મોક્ષ)ને સાધનારી સુક્રિયારૂપ થાય છે કારણ કે ઉત્તરોત્તર શુભયોગની સિદ્ધિ થવા વડે તે ક્રિયા તથાપ્રકારે શુભ અનુબંધવાળી હોય છે. તેથી તે (સાધુ) સમ્યક્ પ્રકારે પરાર્થ સાધવામાં કુશળ (સમર્થ) એવો સદા પ્રધાન પરાર્થ (મોક્ષ)ને સાધનાર બને છે. તે આ રીતે પરાર્થ સાધનાર હોવાથી મોટા ઉદયવાળો તે સાધુ તે તે પ્રકારે બીજ એટલે સમકિત અને બીજબીજ એટલે સમકિતની પ્રાપ્તિ કરાવનાર શાસનની પ્રશંસાદિક સ્થાપન કરવા વડે પરાર્થને સાધે છે. વળી તે સાધુ પરાર્થ સાધવામાં કર્તાપણામાં વીર્યાદિકથી યુક્ત, સફળ અને શુભ ચેષ્ટાવાળો, સુંદર આકારવાળો હોવાથી સમંતભદ્ર, શુભ પ્રણિધાનાદિકનો હેતુ, મોહરૂપી અંધકારનો નાશ કરવામાં દીપક સમાન, રાગરૂપી વ્યાધિને દૂર કરવામાં ઉત્તમ વૈદ્ય સમાન, દ્વેષરૂપી અગ્નિને બુઝાવવામાં સમુદ્ર સમાન, સંવેગની સિદ્ધિ કરનાર અને અચિંત્ય-ચિંતામણી રત્ન સમાન થાય છે.

मूलम् : (४३) से एवं परपरत्थसाहए तहा करुणाइभावओ अणेगेहिं भवेहिं विमुच्चमाणे पावकम्मुणा पवड्ढमाणे अ सुहभावेहिं अणेगभवियाए आराहणाए पाउणइ सव्वुत्तमं भवं चरमं अचरमभवहेउं अविगलपरपरत्थंनिमित्तं ।

***छाया :** (४३) स एवं परंपरार्थसाधकस्तथाकरुणादिभावतः, अनेकै भवैर्विमुच्यमानः पापकर्मणा, प्रवर्धमानश्च शुभभावैः, अनेकभविकयाऽऽराधनया प्राप्नोति सर्वोत्तमं भवं चरममचरमभवहेतुमविकल परपरार्थ निमित्तं ।*

शब्दार्थ :

स =	તે સાધુ
एवं =	આ પ્રકારે
तहाकरुणाइभावओ =	તથાપ્રકારની કરુણાદિકથી
परंपरत्थसाहए =	પ્રધાન પરમાર્થને સાધનાર
अणेगेहिं =	અનેક
भवेहिं =	ભવ વડે ઉપાર્જન કરેલા
पावकम्मुणा =	જ્ઞાનાવરણીયાદિક પાપકર્મ વડે
विमुच्चमाणे =	મુકાતો

अणेगभवियाए = અનેક ભવસંબંધી

आराहणाए = આરાધનાએ કરીને

सव्वुत्तमं = સર્વોત્તમ

चरमं = છેલ્લા

भवं = ભવને

अचरमभवहेउं = મોક્ષના હેતુરૂપ

अविगलपरंपरत्थनिमित्तं =

સંપૂર્ણ અને ઉત્કૃષ્ટ પરમાર્થને - મોક્ષને સાધવાના નિમિત્તરૂપ

पाउणइ = પામે છે.

ભાવાર્થ: આ પ્રકારે તે સાધુ તથાપ્રકારની કરુણાદિકથી પ્રધાન પરાર્થને (મોક્ષને) સાધનાર હોઈ અનેક ભવ વડે ઉપાર્જન કરેલા જ્ઞાનાવરણીયાદિક પાપકર્મ વડે મુકાતો અનેક ભવોમાં કરેલી આરાધનાએ કરીને સર્વોત્તમ, મોક્ષના હેતુરૂપ તથા સંપૂર્ણ અને ઉત્કૃષ્ટ પરાર્થ(મોક્ષ)ને સાધવાના નિમિત્તરૂપ છેલ્લા ભવને પામે છે.

मूलम् : (४४) तत्थ काऊण निरवसेसं किच्चं विहूयरयमले सिज्झइ, बुज्जइ, परिनिव्वाइ, सव्वदुक्खाणमंतं करेइ त्ति ।

॥ पव्वज्जापरिपालणासुत्तं समत्तं - ४ ॥

छाया : *(४४) तत्र कृत्वा निरवशेषं कृत्यं विधूतरजोमलः सिध्यति, बुध्यते, मुच्यते, परिनिर्वाति, सर्वदुःखानामन्तं करोति ।*

इति प्रव्रज्यापरिपालनासूत्रं समाप्तम्-४

शब्दार्थ :

तत्थ =	તે ભવમાં
निरवसेसं =	સમગ્ર
किच्चं =	કાર્ય
काऊण =	કરીને
विहुअरयमले =	કર્મરૂપી રજ અને મળનો નાશ કરી
सिज्झइ =	અણિમાદિક સિદ્ધિને પામે છે
बुज्झइ =	કેવળજ્ઞાનને પામે છે
मुच्चइ =	ભવોપગ્રાહી-ઘાતીયા કર્મ વડે મુકાય છે.

परिनिव्वाइ =	સર્વકર્મના વિનાશ વડે નિર્વાણ પામે છે.
सव्वदुक्खाणं =	સર્વ દુઃખોના
अंतं =	અંતને
करेइ =	કરે છે.

ભાવાર્થ : તે ભવમાં મહાસત્ત્વશાળી આત્માને ઉચિત સમગ્ર કાર્ય કરી કર્મરૂપી રજ અને મળનો નાશ કરી અણિમાદિક સિદ્ધિને પામે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. ભવોપગ્રાહી (ઘાતી) કર્મથી મુકાય છે. સર્વ કર્મનો વિનાશ કરી નિર્વાણ પામે છે અને સર્વ દુઃખોના અંતને કરે છે, અથવા સર્વ કાર્ય સમાપ્ત કરવાથી સિદ્ધ થાય છે, તેમાં પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ વડે બૂઝે છે. સમગ્ર કર્મથી મુકાય છે. સમગ્ર સુખની પ્રાપ્તિ વડે નિર્વાણ પામે છે અને સર્વ દુઃખનો અંત કરે છે.

अथ पव्वज्जाफलसुत्तं-५

मूलम् : (४५) स एवमभिसिद्धे, परमबंभे, मंगलालए, जम्म-जरा-मरणरहिए, पहीणासुहे, अणुबंधसत्तिवज्जिए, संपत्तनियसरुवे, अकिरिए, सहावसंठिए, अणंतनाणे, अणंतदंसणे ।

छाया : (४५) स एवमभिसिद्धः, परमब्रह्म मङ्गलालयो, जन्मजरामरणरहितः प्रक्षीणाशुभोऽनुबन्धशक्तिवर्जितः संप्राप्तनिजस्वरूपोऽक्रियः स्वभावसंस्थितोऽनन्तज्ञानोऽनन्तदर्शनः ॥

शब्दार्थ :

स =	તે દીક્ષિત સાધુ
एवं =	એ પ્રકારે, સુખની પરંપરાએ કરીને
अभिसिद्धे =	સર્વથા સિદ્ધ થયેલો
परमबंभे =	સદાશિવપણાએ કરીને પરમ બ્રહ્મરૂપ હોય છે.
मंगलालए =	મંગળના સ્થાનરૂપ
जम्मजरामरणरहिए =	જન્મ, જરા અને મરણ રહિત

पहीणासुहे = જેનાં અશુભ કર્મો ક્ષીણ થયાં છે
अणुबंधसत्तिवज्जिए = અશુભ અનુબંધની શક્તિરહિત
संपत्तनिअसरुवे = પોતાના આત્મસ્વરૂપને પામેલો
अकिरिए = ગમનાદિક ક્રિયારહિત
सहावसंठिए = આત્મસ્વભાવમાં રહેલો
अणंतनाणे = અનંત જ્ઞાનવાળો
अणंतदंसणे = અનંત દર્શનવાળો હોય છે.

ભાવાર્થ : તે દીક્ષિત સાધુ આ પ્રમાણે સુખપરંપરાએ કરીને સર્વથા સિદ્ધ થઈ સદાશિવપણાએ કરીને પરમબ્રહ્મરૂપ થાય છે. ઉત્કૃષ્ટ ગુણનો યોગ થવાથી મંગળના સ્થાનરૂપ હોય છે. કારણનો અભાવ હોવાથી જન્મ, જરા અને મરણ રહિત હોય છે. કહ્યું છે કે - જેમ બીજ બળી જવાથી તેનો અંકુરો પ્રગટ થતો નથી તેમ કર્મરૂપી બીજ બળી જવાથી સંસારરૂપી અંકુરો પ્રગટ થતો નથી. વળી તેનાં અશુભ કર્મો સર્વથા ક્ષીણ થયાં હોય છે, અશુભ કર્મના અનુબંધની શક્તિ હોતી નથી અર્થાત્ અશુભ કર્મ બંધાતાં પણ નથી. તેથી કરીને તેને આત્મસ્વરૂપ પૂર્ણ પ્રાપ્ત થયેલું હોય છે. તેને ગમનાગમનાદિક કાંઈ પણ ક્રિયા

હોતી નથી. તે પોતાના આત્મસ્વભાવમાં જ રહેલો હોય છે અને તેથી કરીને જ જ્ઞેય પદાર્થો અનંતા હોવાથી તેને અનંતજ્ઞાન અને અનંતદર્શન હોય છે. તે સિદ્ધનો સ્વભાવ શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યો છે - તે જીવ ચંદ્રની જેમ ભાવથી શુદ્ધ એવી પ્રકૃતિએ કરીને રહેલો છે. અને ચંદ્રિકાની જેમ તેમાં જ્ઞાન રહેલું છે તથા વાદળાંની જેમ તેને કર્મરૂપી આવરણ હોય છે અર્થાત્ તેને લાગેલાં હોતાં નથી.

मूलम् : (४६) से न सद्दे, न रुवे, न गंधे, न रसे, न फासे, अरुविणी सत्ता अणित्थंत्थसंठाणा, अणंतवीरिया, कयकिच्चा, सव्वाबाहाविवज्जिया, सव्वहा निरवेक्खा, थिमिया, पसंता । असंजोगिए एसाणंदे अओ चेव परे मए ।

छाया : *(४६) स न शब्दः, न रूपं, न गन्धः, न रसः, न स्पर्शः । अरूपिणी सत्ता, अनित्थंस्थसंस्थाना, अनन्तवीर्या, कृतकृत्या, सर्वाबाधाविवर्जिता, सर्वथा निरपेक्षा, स्तिमिता, प्रशान्ता । असांयोगिक एष आनन्दः अत एव परो मतः ।*

शब्दार्थ :

से = તે સિદ્ધને

न सद्दे = શબ્દરૂપ નથી
न रुवे = રૂપ નથી
न गंधे = ગંધ નથી
न रसे = રસ નથી
न फासे = સ્પર્શ નથી
अरुवी = અરૂપી
सत्ता = સત્તા છે, તે સત્તા
अणित्थंत्थसंठाणा = અમુક એટલે કોઈ પણ કહી શકાય તેવા સંસ્થાન વડે - આકાર વડે રહેલી નથી
अणंतविरिआ = અનંત વીર્યવાળી છે
कयकिच्चा = કૃતકૃત્ય છે
सव्वाबाहविवज्जिआ - સર્વે પ્રકારની બાધા - પીડા રહિત છે
सव्वहा = સર્વથા પ્રકારે
निरविक्खा = અપેક્ષા રહિત છે તેથી
थिमिआ = સ્થિર
पसंता = અત્યંત શાંત છે
अओ चेव = આ કારણથી જ, અપેક્ષા રહિતપણું હોવાથી જ

असंजोगिए = संयोग विनानो

एस आणंदे = आ आनंद

परे = उत्कृष्ट

मए = मानेलो छे

ભાવાર્થ: તે સિદ્ધના જીવને શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ નથી અર્થાત્ ઇંદ્રિયાદિક કાંઈ પણ નથી. છતાં તે અભાવરૂપે નથી, પરંતુ જ્ઞાનની જેમ રૂપરહિત સત્તા એટલે તેનું સાક્ષાત્ વિદ્યમાનપણું તો છે. વળી તેનું કોઈપણ પ્રકારનું કહી શકીએ તેવું સંસ્થાન (આકૃતિ) નથી. સ્વભાવથી જ તેનું અનંતવીર્ય છે, તે સદા કૃતાર્થ છે. (કોઈ પણ કાર્ય કરવાનું બાકી નથી) તેને દ્રવ્યથી કે ભાવથી કોઈપણ પ્રકારની બાધા - પીડા નથી. તેને સર્વથા પ્રકારે કોઈની પણ અપેક્ષા નથી. તેથી કરીને જ તે (સિદ્ધ જીવની સત્તા) તરંગરહિત સમુદ્રની જેમ સ્થિર અને પ્રશાંત-સુખના પ્રકર્ષને લીધે અનુકૂળ છે. (જો સંયોગ જ દોષવાળો હોય તો સિદ્ધને પણ આકાશ સાથે સંયોગ છે તે કેમ દોષવાળો ન કહેવાય ?)

સિદ્ધને કોઈની અપેક્ષા નહીં હોવાથી તેમનો આનંદ ઉત્કૃષ્ટ માનેલો છે.

मूलम् : (४७) अवेक्खा अणाणंदे, संजोगो विओगकारणं, अफलं फलमेयाओ, विणिवायपरं खु तं, बहुमयं मोहाओ अबुहाणं, जमेत्तो विवज्जओ, तओ अणत्था अपज्जवसिया। एस भावरिपू परे अओ वुत्ते उ भगवया।

छाया : *(४७) अपेक्षाऽनानन्दः, संयोगो वियोगकारणं, अफलं फलमेतस्मात् विनिपातपरमेव तत्, बहुमतं मोहादबुधानां, यदतो विपर्ययः, ततोऽनर्था अपर्यवसिताः, एष भावरिपुः परोऽत एवोक्तो भगवता।*

शब्दार्थ :

अविक्खा =	જે પરવસ્તુની અપેક્ષા છે તે જ
अणाणंदे =	આનંદરૂપ નથી
संजोगो =	સંયોગ એ
विओगकारणं =	વિયોગનું કારણ છે
एआओ =	આ સંયોગથી
फलं =	જે ફળ થાય તે

अफलं =	અફળ છે કેમ કે
तं =	તે સંયોગથી થયેલું ફળ
विणिवायपरं खु =	અધઃપાતને જ આપનારું છે
मोहाओ =	મોહને લીધે
अपंडित =	સામાન્ય જનોને
बहुमयं =	ઘણું ઈષ્ટ લાગે છે.
जं =	જે કારણ માટે
इत्तो =	આ મોહથી જ
विवज्जओ =	વિપર્યાસ થાય છે, અફળને વિષે પણ ફળની બુદ્ધિ થાય છે.
तओ =	તે વિપર્યાસથી
अपज्जवसिआ =	અનંત
अणत्था =	અનર્થો થાય છે
अओ उ =	આ કારણથી જ
भगवया =	ભગવાને
एस =	આ મોહને
परे =	ઉત્કૃષ્ટ
भावरिऊ =	ભાવશત્રુ
वुत्ते =	કહ્યો છે.

ભાવાર્થ : પરની અપેક્ષાથી જે આનંદ મળે તેમાં ઉત્સુકતારૂપ દુઃખ હોવાથી તે વાસ્તવિક આનંદ કહેવાતો જ નથી. વળી સંયોગ જ વિયોગનું કારણ છે. એટલે કે પરિણામે સંયોગનો વિયોગ અવશ્ય થાય જ છે તેથી પરવસ્તુના સંયોગે થયેલો આનંદ દુઃખરૂપ જ છે. અન્ય વસ્તુના સંયોગથી જે સુખરૂપ ફળ થાય તે વિયોગ સમયે દુઃખરૂપ હોવાથી અફળ જ છે. કારણ કે સંયોગથી ઉત્પન્ન થતું સુખરૂપ ફળ અધઃપાતને જ આપનારું છે. છતાં આવા ફળને મૂર્ખ જનો મોહથી બહુ ઈષ્ટ માને છે. મોહથી બુદ્ધિનો વિપર્યાસ થાય છે. તેથી અફળને વિષે ફળ બુદ્ધિ માનવામાં આવે છે. આ વિપર્યાસથી અનુબંધવાળી અશુભ પ્રવૃત્તિ થવાથી અપાર અનર્થો થાય છે. તેથી કરીને જ ભગવાન તીર્થંકરોએ આ મોહને મોટો ભાવશત્રુ - આભ્યંતર શત્રુ કહ્યો છે.

તે વિષે ભગવાને કહ્યું છે કે - પ્રાણીઓને અજ્ઞાન જેવો બીજો કોઈ શત્રુ નથી. કેમ કે તે અજ્ઞાનથી અશુભ ક્રિયામાં પ્રવૃત્તિ થાય છે. અને તેવી પ્રવૃત્તિથી ચોતરફ મુખ (પ્રચાર)વાળા અનેક અનર્થો પ્રાપ્ત થાય છે.

मूलम् : (४८) नागासेण जोगो एयस्स। से सरुवसंठिए। नागासमण्णत्थ, न सत्ता सदंतरमुवेइ। अचिंतमेयं केवलिगम्मं तत्तं। निच्छयमयमेयं विजोगवं च जोगो त्ति न एस जोगो, भिण्णं लक्खणमेयस्स। न एत्थावेक्खा, सहावो खु एसो अणंतसुहसहावकप्पो। उवमा एत्थ न विज्जइ। तब्भावेऽणुभवो परं तस्सेव। आणा एसा जिणाणं सव्वण्णूणं अवितहा एगंतओ। न वितहत्ते निमित्तं। न चानिमित्तं कज्जं ति। निदंसणमेत्तं तु नवरं।

छाया : *(४८) नाकाशेन योग एतस्य। स स्वरूपसंस्थितः। नाकाशमन्यत्र। न सत्ता सदन्तरमुपैति। अचिन्त्यमेतत्केवलिगम्यं तत्त्वं। निश्चयमतमेतत्। वियोगवांश्च योग इति नैष योगो भिन्नं लक्षणमेतस्य। नात्रापेक्षा। स्वभाव एवैषोऽनन्तसुखस्वभाव-कल्पः। उपमाऽत्र न विद्यते। तद्भावेऽनुभवः परं तस्यैव। आज्ञैषा जिनानां सर्वज्ञानावितथैकान्ततः। न वितथत्वे निमित्तं। न चानिमित्तं कार्यमिति। निदर्शनमात्रं तु नवरम्।*

शब्दार्थ :

एअस्स =	આ સિદ્ધના જીવને
आगासेण =	આકાશ સાથે પણ
जोगो न =	સંયોગ નથી
से =	તે સિદ્ધના જીવ
सरुवसंठिए =	પોતાના સ્વરૂપને વિષે જ રહેલા છે
आगासं =	આકાશ પોતે જ
अण्णत्थ न =	બીજાને વિષે રહેલું નથી, આધાર વિનાનું છે
सत्ता =	એક સત્તા
सदंतरं =	બીજી સત્તાને
न उवेइ =	પામતી નથી, બીજાને આધારે રહેતી નથી
एअं =	આ
तत्तं =	તત્ત્વ
केवलिगम्मं =	કેવલીગમ્ય છે
अचिन्तं =	અચિન્ત્ય છે
निच्छयमयं =	નિશ્ચય નયનો મત છે

विजोगवं =	વિયોગવાળો
जोगो =	સંયોગ હોય છે
त्ति =	એમ સિદ્ધ થવાથી
न एस जोगो =	સિદ્ધના જીવ અને આકાશને સંયોગ નથી
एअस्स =	આ સંયોગનું
लक्खणं =	લક્ષણ
भिणं =	જુદું જ છે
इत्थ =	અહીં
न अविक्खा =	સિદ્ધને કોઈની અપેક્ષા પણ નથી
अणंतसुहसहावकप्पो =	કર્મક્ષયથી પ્રગટ થયેલા અનંત સુખના સ્વભાવ સમાન
एस =	આ પણ સિદ્ધનો
सहावो खु =	સ્વભાવ જ છે
इत्थ =	આ સિદ્ધના સુખને
उवमा =	કોઈની ઉપમા આપી શકાય તેમ
न विज्जइ =	નથી

परं =	પરંતુ
तब्भावे =	તે સિદ્ધના સુખના હોવાપણામાં
तस्सेव =	તે સિદ્ધનો જ
अणुभवो =	અનુભવ છે
एसा =	આ
सव्वण्णूणं =	સર્વજ્ઞ
जिणाणं =	જિનેશ્વરની
आणा =	આજ્ઞા - તેમનું કથન
एगंतओ =	એકાંતથી
अवितहा =	સત્ય છે. રાગાદિકનો અભાવ હોવાથી
वितहत्ते =	અસત્ય બોલવામાં
न निमित्तं =	કાંઈ પણ કારણ નથી
अनिमित्तं =	કારણ વિના
न कज्जं ति =	કાર્ય હોય જ નહીં
नवरं =	વિશેષ એ છે કે
निदंसणमित्तं तु =	સિદ્ધના સુખને માત્ર નિદર્શન - દૃષ્ટાંત જ આપી શકાય છે.

ભાવાર્થ : સિદ્ધને આકાશ સાથે સંયોગ નથી. કેમ કે સિદ્ધ તો પોતાના સ્વરૂપમાં જ રહેલા છે. આધાર વિના શી રીતે રહી શકે? એ શંકા ઉપર કહે છે કે - આકાશ પોતે જ બીજાના આધાર વિના રહેલું છે. અહીં એવી યુક્તિ છે કે - એક સત્તા બીજી સત્તાને આધારે રહેતી નથી. અર્થાત્ આકાશ સત્ છે તે બીજા કોઈને આધારે રહેતું નથી તે જ પ્રમાણે સિદ્ધના જીવ પણ સત્ છે તેથી તે પણ બીજાને આધારે રહેતા નથી. આ તત્ત્વ કેવળીગમ્ય હોવાથી અચિંત્ય છે. આવો નિશ્ચયનયનો મત છે. વ્યવહારનયનો મત જુદી રીતે છે. આ રીતે વિયોગવાળો સંયોગ સિદ્ધ થવાથી સિદ્ધ અને આકાશ એ બેને સંયોગ છે જ નહીં. આ સંયોગનું લક્ષણ જુદું જ છે. આકાશનો પણ સંયોગ ન હોવાથી સિદ્ધને કોઈની અપેક્ષા નથી એમ સિદ્ધ થયું. વળી કોઈ શંકા કરે કે - અહીંથી લોકાંત સુધી સિદ્ધની ગતિ કેમ થાય છે? તેનો ઉત્તર આપે છે કે - કર્મના ક્ષયથી જેમ અનંત સુખ પ્રાપ્ત થવાનો તેમનો સ્વભાવ છે તે જ રીતે લોકાંત ગમન થવાનો પણ તેમનો સ્વભાવ જ છે. તે સિદ્ધના જીવને કેવું અનંત સુખ છે? તે માટે કહે છે કે - આ સિદ્ધના સુખને કોઈની ઉપમા આપી

શકાય તેમ નથી. તે સુખનો અનુભવ તે (સિદ્ધ)ને જ હોય છે. કહ્યું છે કે - જેમ કુમારી કન્યા પરણેલી સ્ત્રીના સુખને જાણી શકતી નથી અને જન્માંધ મનુષ્ય ઘટાદિક પદાર્થને જાણી શકતો નથી, તેમ અયોગી - છદ્મસ્થ સિદ્ધના સુખને જાણી શકતા નથી. પણ સિદ્ધ પોતે જ જાણે છે. આ વાતની ખાત્રી શી રીતે થાય ? તે ઉપર કહે છે કે - આવી સર્વજ્ઞ જિનેશ્વરોની આજ્ઞા એકાંતપણે સત્ય જ છે. કેમ કે રાગ, દ્વેષ અને મોહરહિત એવા જિનેશ્વરોને અસત્ય બોલવાનું કાંઈ પણ કારણ નથી. અને કારણ વિના કાર્ય નીપજે જ નહીં. કહ્યું છે કે - રાગ, દ્વેષ કે મોહને લીધે અસત્ય વચન બોલાય છે. પરંતુ જેનામાં તે દોષો નથી તેવા સર્વજ્ઞને અસત્ય બોલવાનું કાંઈ કારણ નથી. આથી જિનેશ્વરનું એવું વચન છે કે - સિદ્ધનું સુખ સિદ્ધ જ જાણે છે. માત્ર તે ઉપર દૃષ્ટાંત જ આપી શકાય છે.

मूलम् : (४९) सव्वसत्तुक्खए सव्ववाहिविगमे सव्वत्थसंजोगेणं सव्विच्छासंपत्तीए जारिसमेयं एत्तोऽणंतगुणं खु तं । भावसत्तुक्खयादितो । रागादयो भावसत्तू, कम्मोदया वाहिणो, परमलद्धीओ उ अत्था अणिच्छेच्छा इच्छा । एवं

सुहुममेयं, न तत्तओ इयरेण गम्मइ, जइसुहमिवाजइणा, आरुग्गसुहं व रोगिण त्ति विभासा।

छाया : (४९) सर्वशत्रुक्षये सर्वव्याधिविगमे सर्वार्थसंयोगेन सर्वेच्छासंप्राप्त्या यादृशमेतत्, अतोऽनन्तगुणमेव तत् भावशत्रुक्षयादितः । रागादयो भावशत्रवः, कर्मोदया व्याधयः, परमलब्धयस्त्वर्थाः, अनिच्छेच्छा इच्छा। एवं सूक्ष्ममेतत् न तत्त्वत इतरेण गम्यते, यतिसुखमिवायतिना, आरोग्यसुखमिव रोगिणेति विभाषा ।

शब्दार्थ :

सव्वसत्तुक्खए = सर्वशत्रुनो क्षय थवाथी

सव्ववाहिविगमे = सर्वव्याधिनो नाश थवाथी

सव्वत्थसंजोगेणं = सर्व अर्थनो संयोग थवाथी

सव्विच्छासंपत्तीए = सर्व ईच्छा प्राप्त थवाथी संपूर्ण थवाथी प्राणीने

जारिसं = जेवा प्रकारनुं

एअं = आ सुख मळे छे

इत्तो = ते करतां

अणंतगुणं तु = अनंतगणुं ज

तं = ते સિદ્ધનું સુખ

भावसत्तुक्खयादितो = ભાવશત્રુના ક્ષયાદિકથી હોય છે.

रागादओ भावसत्तू = રાગાદિક ભાવશત્રુ છે.

कम्मोदया = કર્મના ઉદય જ

वाहिणो = વ્યાધિ છે

परमलद्धीओ उ = ઉત્કૃષ્ટ લબ્ધિઓ જ

अट्ठा = અર્થ છે

अणिच्छेच्छा = નિસ્પૃહપણાની ઇચ્છા જ

इच्छा = ઇચ્છા છે

एवं = આ પ્રમાણે

सुहुमं = સૂક્ષ્મ એવું

एअं = આ સિદ્ધનું સુખ

तत्तओ = તત્ત્વથી, પરમાર્થથી

इयरेण = બીજાએ

न गम्मइ = જાણી શકાતું નથી

जइसुहं व = જેમ યતિનું સુખ

अजइणा = યતિ સિવાય બીજા કોઈથી જાણી શકાતું નથી

आरुग्गसोहं व =	જેમ આરોગ્યનું સુખ
रोगिण त्ति =	રોગીથી જાણી શકાતું નથી એમ
विभासा =	સિદ્ધના સુખમાં પણ કહેવું

ભાવાર્થ : જેમ કોઈ ચક્રવર્તી આદિકને સર્વ શત્રુનો ક્ષય થવાથી, સર્વ વ્યાધિનો અભાવ થવાથી, સર્વ અર્થનો સંયોગ થવાથી અને સર્વ પ્રકારની ઇચ્છા ફળીભૂત થવાથી જે સુખ પ્રાપ્ત થાય છે તે કરતાં પણ સિદ્ધને ભાવશત્રુના ક્ષયાદિકથી અનંતગણું સુખ હોય છે. અહીં ભાવના વિષયમાં શત્રુ વિગેરે આ પ્રમાણે જાણવા - રાગ, દ્વેષ અને મોહ એ જીવનો અપકાર કરનાર હોવાથી ભાવશત્રુ છે. કર્મના ઉદય જીવને પીડા કરનાર હોવાથી વ્યાધિતુલ્ય છે. ઉત્કૃષ્ટ લબ્ધિઓ પરાર્થ(પરોપકાર)નું કારણ હોવાથી અર્થરૂપ છે, અને નિસ્પૃહતાની - સર્વસંગના ત્યાગની જે ઇચ્છા છે તે ઇચ્છારૂપ છે. આ રીતે આ સૂક્ષ્મ એવું સિદ્ધનું સુખ તત્ત્વથી બીજા કોઈ જાણી શકે તેવું નથી. જેમ યતિનું સુખ વિશેષ પ્રકારના ક્ષાયોપશમિક ભાવ વડે જ અનુભવવાલાયક હોવાથી યતિ સિવાય બીજા કોઈ પ્રાણી

જાણી-અનુભવી શકતા નથી. કહ્યું છે કે - રાગાદિકના અભાવને લીધે જે સુખ પ્રાપ્ત થાય છે તે માત્ર જિન જ જાણે છે. કેમ કે સંનિપાતના વ્યાધિવાળો નીરોગીનું સુખ જાણી શકતો નથી.

मूलम् : (५०) अचिंतमेयं सरुवेणं । साइअपज्जवसियं एगसिद्धावेक्खाए । पवाहओ अणाई । ते वि भगवंतो एवं, तहा-भव्वताईभावओ ।

छाया : (५०) अचिन्त्यमेतत् स्वरूपेण । साद्यपर्यवसितमेकसिद्धा-पेक्षया, प्रवाहतोऽनादि तेऽपि भगवन्त एवं । तथाभव्यत्वादि-भावतः ।

शब्दार्थ :

एअं = આ સિદ્ધનું સુખ
सरुवेणं = સ્વરૂપે કરીને
अचिंतं = અચિંત્ય છે - તેનું સ્વરૂપ ચિંતવી શકાય તેવું નથી
एगसद्धाविक्खाए = એક સિદ્ધની અપેક્ષાએ
साइअपज्जवसिअं = સાદિઅનંત છે

पवाहओ = प्रवाहनी अपेक्षाએ

अणाई = અનાદિ છે. અનાદિ અનંત છે.

तेऽविभगवंतो = પૂજ્ય એવા તે સિદ્ધો પણ

एवं = એ જ પ્રમાણે જાણવા, એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અનંત અને પ્રવાહની અપેક્ષાએ અનાદિઅનંત

तहाभव्वत्ताइभावओ = તથાભવ્યત્વાદિકપણાને લીધે આવો ભેદ થઈ શકે છે.

ભાવાર્થ : આ સિદ્ધના સુખનું તાત્ત્વિક સ્વરૂપ બુદ્ધિનો વિષય ન હોવાથી સર્વથા અચિંત્ય છે. વળી તે સુખ એક સિદ્ધની અપેક્ષાએ સાદિઅનંત છે. એટલે એક સિદ્ધના સુખની આદિ છે. પણ તેનો અંત નથી. અને પ્રવાહની એટલે સર્વસિદ્ધના સુખસમૂહની અપેક્ષાએ તે સુખ અનાદિઅનંત છે. સિદ્ધનું સુખ ક્યારે શરૂ થયું એવી તેની આદિ નથી તેમજ તેનો અંત પણ નથી. એ જ પ્રમાણે ભગવંત સિદ્ધ પણ જાણવા. એક સિદ્ધની અપેક્ષાએ સિદ્ધની આદિ છે પણ અંત નથી અને પ્રવાહની અપેક્ષાએ સિદ્ધોની આદિ નથી અને અંત પણ નથી.

અહીં કોઈ શંકા કરે કે - સર્વ ભવ્ય જીવોમાં ભવ્યત્વાદિક સરખું જ છે તો તેમાં ભેદ શી રીતે હોઈ શકે ? કોઈ જીવ અમુક વખતે અને કોઈ અમુક વખતે સિદ્ધ થાય એવો ભેદ કેમ હોય ? તેના ઉત્તારમાં કહે છે કે - તથાભવ્યત્વાદિકપણાને લીધે આવો ભેદ થઈ શકે છે. અહીં તથાભવ્યત્વ એટલે તથાપ્રકારનું ફળ આપનાર ભવ્યત્વનો પરિપાક (ઉદય) એ જ કારણ છે.

मूलम् : (५१) विचित्तमेयं तहाफलभेएणं । नाविचित्ते सहकारीभेओ । तदवेक्खो तओ त्ति अणेगंतवाओ तत्तवाओ । न खलु एवं । इयरहेगंतो । मिच्छत्तमेसो । न एत्तो ववत्था । अणारहयमेयं । संसारिणो उ सिद्धत्तं । नाबद्धस्स मुत्ती सद्दत्थरहिया ।

छाया : (५१) विचित्रमेतत् तथाफलभेदेन । नाविचित्रे सहकारिभेदः, तदपेक्षस्तक इति, अनेकान्तवादस्तत्त्ववादः । स खलु एवं । इतरथैकान्तः, मिथ्यात्वमेषः, नातो व्यवस्था अनार्हतमेतत् । संसारिण एव सिद्धत्वं । नाबद्धस्य मुक्तिः शब्दार्थ रहिता ।

शब्दार्थ :

एअं =	આ તથાભવ્યત્વાદિક
तहाफलभेएण =	તથાપ્રકારના ફળના ભેદ વડે
विचित्तं =	વિચિત્ર પ્રકારનું છે
अविचित्ते =	તથાભવ્યત્વાદિકનું વિચિત્રપણું ન હોય તો
न सहकारीभेओ =	સહકારી કારણનો ભેદ પણ ન જ હોય
तदविक्खो =	તેની અપેક્ષાવાળો - તથાભવ્યત્વાદિકના ભેદની અપેક્ષાવાળો
तओ त्ति =	તે છે. સહકારીનો ભેદ હોય છે.
अणेगंतवाओ =	અનેકાંતવાદ, સ્યાદ્વાદ જ
तत्तवाओ =	તત્ત્વ-તાત્ત્વિકવાદ છે. સત્યવાદ છે.
स खलु =	તે અનેકાંતવાદ
एवं =	એ જ પ્રમાણે ઘટે છે, તથાભવ્યાદિક હોતે છતે જ ઘટે છે.
इहरहा =	અન્યથા, સર્વ પ્રકારે ભવ્યત્વાદિકની સમાનતા હોય તો

एगंतो =	એકાંતવાદ-નિશ્ચયવાદ કહેવાય
एसो =	આ એકાંતવાદ જ
मिच्छत्तं =	મિથ્યાત્વ છે
इत्तो =	આ એકાંતવાદથી
न ववत्था =	કાંઈ પણ વ્યવસ્થા થઈ શકે નહીં
एअं =	આ એકાંતવાદ
अणारहिअं =	અનાર્હત્-અર્હત્‌ના મતથી વિરુદ્ધ છે
संसारिणो उ =	સંસારી જીવને જ
सिद्धत्तं =	સિદ્ધપણું પ્રાપ્ત થાય છે
अबद्धस्स =	બંધરહિતને
न मुत्ती =	મુક્તિ ઘટે નહિ
सद्दत्थरहिआ =	શબ્દાર્થરહિત થાય, બંધ વિના મુક્તિ કોની ?

ભાવાર્થ : આ તથાભવ્યત્વાદિક વિચિત્ર પ્રકારનું છે. (દરેક જીવોમાં જુદી જુદી જાતનું હોય છે.) કેમ કે તે તથાભવ્યત્વાદિક ફળના ભેદવાળું છે. જુદે જુદે કાળે જુદું જુદું ફળ આપનાર છે.

ફરીથી કોઈ શંકા કરે કે - સર્વ ભવ્યજીવોમાં ભવ્યપણું તો સમાન જ છે. પણ સહકારી કારણોના ભેદથી ફળનો ભેદ થાય છે એમ કેમ માનવું ? તેનો ઉત્તર આપે છે કે - તથાભવ્યત્વાદિક વિચિત્ર પ્રકારનું ન હોય તો સહકારીનો ભેદ હોઈ શકે નહીં. તથાભવ્યત્વાદિક જુદા જુદા પ્રકારનું છે. તેથી જ સહકારી કારણો પણ જુદાં જુદાં જુદે જુદે વખતે મળી શકે છે કેમ કે સહકારીના ભેદને તથાભવ્યત્વાદિકના ભેદની અપેક્ષા છે. અર્થાત્ ભવ્યત્વાદિકનો તેવો સ્વભાવ ન હોય તો સહકારીની તેવી પ્રાપ્તિ ન હોય. આનું નામ જ અનેકાંતવાદ છે અને તે જ તાત્ત્વિક છે. તે અનેકાંતવાદ તથાભવ્યત્વાદિક જુદા જુદા માનવાથી ઘટે છે. અન્યથા - સર્વથા પ્રકારે ભવ્યત્વાદિકની તુલ્યતા માનીએ તો તે એકાંતવાદ-નિશ્ચયવાદ કહેવાય. અને જે એકાંતવાદ તે જ મિથ્યાત્વ છે. આ એકાંતવાદ માનવાથી કાંઈપણ વ્યવસ્થા થઈ શકે નહીં કેમ કે તથાભવ્યત્વાદિકનો ભેદ ન માનવાથી સહકારીનો પણ ભેદ હોઈ શકે નહીં. કર્મ પણ તેવા પ્રકારનું કર્મ હોવાથી કારક - કર્તા થઈ શકે છે. કર્મનું તેવા સ્વભાવપણું ન હોય તો તે કારક કહી શકાય નહીં.

અને તેથી કરીને જ એકાંતવાદથી ભિન્નભિન્ન કાળે ભિન્નભિન્ન ફળની પ્રાપ્તિનો સંભવ ન હોવાથી સર્વ વ્યવસ્થા ઘટે નહિ. એ જ કારણ માટે આ એકાંતવાદનો આશ્રય કરવો તે અર્હત્‌નો મત નથી. સંસારી જીવને જ સિદ્ધપણું પ્રાપ્ત થાય છે. કેમકે અબદ્ધને મુક્તિ શબ્દનો અર્થ લાગુ નહીં પડવાથી તાત્ત્વિક મુક્તિ ઘટતી નથી. જે બંધ રહિત હોય તેને કોનાથી મુક્ત થવાનું હોય ?

मूलम् : (५२) अणाइमं बंधो पवाहेणं अईयकालतुल्लो । अबद्धबंधणे अमुत्ती पुणोबंधपसंगाओ । अविसेसो बद्ध-मुक्काणं । अणाइजोगे वि विओगो कंचणोवलनाएणं

छाया : (५२) अनादिमान् बन्धः प्रवाहेणातीतकालतुल्यः । अबद्धबन्धने वाऽमुक्तिः पुनर्बन्धप्रसङ्गतः । अविशेषश्च बद्धमुक्तयोः । अनादियोगेऽपि वियोगः काञ्चनोपलज्ञातेन ।

शब्दार्थ :

बंधो = આ બંધ

पवाहेणं = પ્રવાહની અપેક્ષાએ

अईअकालतुल्लो = અતીતકાળને તુલ્ય

अणाइमं = અનાદિમાન છે, અનાદિકાળનો છે. તેમ જ

अबद्धबंधणे वा = અબદ્ધને બંધ થાય એમ માનવામાં

पुणोबंधपसंगओ = સિદ્ધને પણ ફરીથી બંધનો પ્રસંગ પ્રાપ્ત થવાથી

अमुत्ती = મુક્તિનો જ અભાવ થઈ જાય તેથી

बद्धमुक्काणं = બદ્ધ અને મુક્તમાં

अविसेसो = કાંઈપણ વિશેષ તફાવત રહે નહીં. જો બંધને અનાદિ માનશો તો તે બંધ સ્વાભાવિક હોવાથી મોક્ષ થશે જ નહીં.

अणाइजोगेऽवि = અનાદિ બંધ છતાં પણ

कंचणोवलनाएणं = સુવર્ણ અને પથ્થરના દૃષ્ટાંત વડે

विओगो = બંધનો વિયોગ થશે.

ભાવાર્થ : વળી આ બંધ પ્રવાહની અપેક્ષાએ અતીત કાળની જેમ અનાદિકાળનો છે. ભૂતકાળ ક્યારથી શરૂ થયો? તેનો પ્રારંભ જેમ નથી અર્થાત્ અનાદિ છે, તેમ

જીવોને કર્મબંધ ક્યારથી થયો તેનો પ્રારંભ નહીં હોવાથી તે બંધ પણ અનાદિ છે. તેમજ વળી જીવો પ્રથમ અબદ્ધ - બંધરહિત હતા અને પછી તેમને બંધ થયો એમ માનીએ તો સિદ્ધના જીવો પણ અબદ્ધ છે તેથી તેમને પણ ફરીથી બંધની પ્રાપ્તિ હોવી જોઈએ અને તેમ થવાથી બદ્ધ અને સિદ્ધ જીવો વચ્ચે કાંઈપણ તફાવત રહે નહીં. અહીં કોઈ શંકા કરે કે - જ્યારે બંધ અનાદિ છે ત્યારે તેનું કારણ કાંઈપણ નહીં હોવાથી તે બંધ સ્વાભાવિક કહેવાશે. અને એમ કહેવાથી સ્વાભાવિકપણાને લીધે જ તે બંધનો મોક્ષ પણ નહીં થાય. આનો ઉત્તર છે કે - બંધ અનાદિ છતાં પણ સુવર્ણ અને પથ્થરના દષ્ટાંત વડે બંધનો વિયોગ સંભવે છે. જેમ સુવર્ણ અને પથ્થર-માટીનો સંયોગ અનાદિ કાળનો છે, તો પણ અગ્નિના સંયોગથી તેનો વિયોગ થઈ કેવળ સુવર્ણ જુદું પડે છે, તેમ તપઆદિક ક્રિયાના સંયોગથી બંધનો વિનાશ થઈ આત્મા કેવળ શુદ્ધ નિર્લેપ થઈ રહે છે. તેમાં કાંઈ પણ વિરોધ દેખાતો નથી.

मूलम् : (५३) ण दिदिक्खा अकरणस्स । ण यादिट्ठम्मि एसा । ण सहजाए णिवित्ती । ण निवित्तीए आयट्ठाणं । ण

यण्णहा तस्सेसा। ण भव्वत्ततुल्ला णाएणं। ण केवलजीवरुवमेयं। ण भाविजोगावेक्खाए तुल्लत्तं, तदा केवलत्तेण सयाऽविसेसाओ। तहासहावकप्पणमप्पमाणमेव। एसेव दोसो परिकप्पियाए। परिणामभेया बंधादिभेदो त्ति साहू, सव्वणयविसुद्धीए णिरुवचरिओभयभावेणं।

छाया : (५३) न दिदृक्षाऽकरणस्य। न चादृष्टे एषा। न सहजाया निवृत्तिः। न निवृत्तौ आत्मस्थानम्। न चान्यथा तस्यैषा, न भव्यत्वतुल्या न्यायेन, न केवलजीवरूपमेतत्, न भावियोगापेक्षयातुल्यत्वं, तदा केवलत्वेन न सदाऽविशेषतः तथास्वभावकल्पनमप्रमाणमेव। एष एव दोषः परिकल्पितायां, परिणामभेदाद्बन्धादिभेद इति साधु। सर्वनयविशुद्ध्या निरुपचरितोभयभावेन।

शब्दार्थ :

अकरणस्स = इंद्रियरहितने

न दिदिक्खा = दिदक्षा होई शके नहीं. अबद्धने इंद्रियो ज होय नहीं तो पछी दिदक्षा क्यांथी होय ?

अदिट्ठम्मि = प्रथम कोई वखत नहि जोयेलमां

न एसा = જોવાની ઇચ્છા હોતી નથી

सहजाए = દિદક્ષા સ્વાભાવિક માનવાથી ચૈતન્યની જેમ તેની

न निवित्ती = નિવૃત્તિ જ નહીં થાય

निवित्तीए = દિદક્ષાની નિવૃત્તિ માનીએ તો તે આત્માથી જુદી નહીં હોવાથી

न आयट्ठाणं = આત્માનું સ્થાન જ નહીં રહે. દિદક્ષાની નિવૃત્તિની સાથે આત્માની પણ નિવૃત્તિ-અભાવ થશે.

य = અને

अण्णहा = અન્યથા, દિદક્ષાની નિવૃત્તિ થયે આત્માનું સ્થાન રહેતું હોય અર્થાત્ આત્મા રહેતો હોય

तस्स = તે આત્માની

एसा = આ દિદક્ષા

न = નહીં કહેવાય. શંકા-આત્મા અને દિદક્ષાનો અભેદ છતાં ભવ્યત્વની જેમ દિદક્ષાની નિવૃત્તિ થવાથી દોષ નહીં આવે. ઉત્તર - આ દિદક્ષા

नाएणं = ન્યાય વડે જોતાં
न भव्वत्ततुल्ला = ભવ્યત્વ જેવી નથી
एअं = આ ભવ્યત્વ
न केवल जीवरूपं = કેવળ, સર્વથા જીવરૂપ જ નથી, દિદક્ષા તો કેવળ જીવરૂપ જ છે.
भाविजोगविक्खाए = ભાવી યોગની અપેક્ષાએ મહદાદિકનો સંબંધ થાય છે ત્યારે માત્ર એકલી દિદક્ષા જ હોવાથી
न तुल्लत्तं = દિદક્ષાને ભવ્યત્વની સાથે તુલ્યતા નથી
तया = તે વખતે, ભાવી યોગને અભાવે
केवलत्तेण = કેવળપણાએ કરીને
सया = સદા
अविसेसओ = અવિશેષપણું, સ્વાભાવિકપણું છે માટે સંસારથી મુક્ત થયા પછી પણ દિદક્ષાની આપત્તિ-પ્રાપ્તિ થશે કે જે દિદક્ષા મહદાદિકનો યોગ થયા પછી પણ તેમાં વિકાર જોવાને લીધે કેવલ અવસ્થામાં, મુક્ત અવસ્થામાં નિવૃત્ત થશે.

तहासहावकप्पणं = તેવા સ્વભાવની કલ્પના કરવી તે
अप्पमाणमेव = અપ્રમાણ જ છે
परिकप्पिआए = તેવી કલ્પિ દિદક્ષા માનવામાં
एसेव = પ્રમાણનો અભાવ એ જ
दोसो = દોષ આવે છે. તેથી
परिणामभेआ = આત્માના પરિણામના ભેદથી
बंधाइभेओ = બંધાદિકનો, બંધ-મોક્ષનો ભેદ છે
त्ति साहु = એમ કહેવું તે સારું છે. ન્યાયયુક્ત છે.
सव्वनयविसुद्धिए = સર્વ નયની વિશુદ્ધિએ કરીને
निरुवचरिओभयभावेणं =
ઉપચારરહિત બંનેની બંધ-મોક્ષની સિદ્ધિ થાય છે

ભાવાર્થ : ફરી શંકા કરે છે કે - પ્રથમ અબદ્ધ જીવને દિદક્ષા એટલે જોવા-જાણવાની ઈચ્છા પ્રગટ થવાથી તેને બંધ થાય છે અને બંધ થઈને પછી મુક્ત થયેલાને તે દિદક્ષા ઉત્પન્ન થતી નથી. તેથી તેને ફરીથી બંધ થશે નહીં - એ રીતે બદ્ધ-મુક્તનો તફાવત રહેશે, અને કાંઈ દોષ આવશે નહીં માટે બંધને સાદિ માનવો યોગ્ય છે. આ શંકાનો ઉત્તર આપે

છે કે પ્રથમ અબદ્ધ જીવ ઇંદ્રિયરહિત હોવાથી તેને દિદક્ષા ઉત્પન્ન થાય જ નહીં. કેમ કે જોવાની ઇચ્છા તે દિદક્ષા કહેવાય છે. તે ઇંદ્રિયોથી જ થઈ શકે છે. ફરી શંકાકાર કહે છે કે - તે દિદક્ષા સ્વાભાવિક જ કહેશું, આત્માનો ધર્મ માની આત્માની સાથે જ રહેલી છે એમ માનવામાં શો દોષ છે ? તેનો ઉત્તર આપે છે કે - જો દિદક્ષાને સ્વાભાવિક માનશું તો જેમ ચૈતન્ય સ્વાભાવિક હોવાથી તેની કદાપિ નિવૃત્તિ થતી નથી તેમ દિદક્ષા પણ સ્વાભાવિક હોવાથી તેની કદાપિ નિવૃત્તિ-અભાવ થશે નહિ. છતાં દિદક્ષાની નિવૃત્તિ થશે એમ માનીએ તો તે આત્માથી જુદી નહીં હોવાથી આત્માનું સ્થાન જ નહીં રહે. અર્થાત્ તેની નિવૃત્તિ સાથે જ આત્માની પણ નિવૃત્તિ-અભાવ થશે. અન્યથા જો દિદક્ષાની નિવૃત્તિ થયા છતાં પણ આત્માનું સ્થાન રહેતું હોય - આત્મા રહેતો હોય તો તે દિદક્ષા આત્માની નહીં કહેવાય. અહીં કોઈ શંકા કરે કે - આત્મા અને દિદક્ષાનો અભેદ છતાં પણ જેમ મોક્ષ પ્રાપ્ત થતાં ભવ્યત્વ નિવૃત્ત થાય છે તેમ દિદક્ષા પણ નિવૃત્ત થશે તેથી કાંઈ દોષ આવશે નહિ. અર્થાત્ આત્માનું સ્થાન રહેશે. તે ઉપર આચાર્ય મહારાજ જવાબ આપે છે કે - આ દિદક્ષા

ન્યાયથી જોતાં ભવ્યત્વ જેવી નથી. કેમ કે આ ભવ્યત્વ કેવળ-સર્વથા જીવરૂપ નથી અને દિદક્ષા તો કેવળ જીવરૂપ છે. (તેથી મોક્ષમાં ભવ્યત્વ નહીં રહે, પણ દિદક્ષા તો રહેશે.) કારણ કે ભાવી યોગની અપેક્ષાએ શુદ્ધ આત્માને જ્યારે મહત્તત્ત્વ, અહંકાર વિગેરેનો સંબંધ થાય છે ત્યારે માત્ર એકલી દિદક્ષા જ હોય છે તેથી દિદક્ષા અને ભવ્યત્વ એ બંને સરખાં નથી. તેમાં યુક્તિ છે કે - જ્યારે ભાવી યોગ નહોતો ત્યારે એકલી સ્વાભાવિક જ દિદક્ષા હતી. તેથી કેવલત્વને લીધે જ સ્વાભાવિકપણું હોવાથી સંસારથી મુક્ત થયા પછી પણ દિદક્ષા હોવી જ જોઈશે, તેની નિવૃત્તિ થઈ શકશે નહીં. આ જવાબ ઉપર શંકાકાર કહે છે કે - આ દિદક્ષાનો એવો જ સ્વભાવ છે કે તે દિદક્ષા મહદાદિકનો યોગ થયા પછી તેમાં વિકાર જોવાને લીધે મુક્તઅવસ્થામાં નિવૃત્ત થશે. તે ઉપર આચાર્ય મહારાજ કહે છે કે - કેવળપણું સમાન છતાં આવા સ્વભાવની જે કલ્પના કરવી એટલે કે એક કેવળ અવસ્થામાં દિદક્ષાનો ભાવ અને એક કેવળ અવસ્થામાં દિદક્ષાનો અભાવ આવી જે કલ્પના કરવી તે અપ્રમાણ છે. કેમ કે એમ માનવાથી તો આત્મા થકી દિદક્ષા ભિન્ન થઈ જશે.

બન્નેનો અભેદ રહેશે નહિ. માટે આવી કલ્પિત દિદક્ષા માનવામાં અપ્રમાણરૂપ દોષ આવે છે. તેથી તેવી કલ્પના અકિંચિત્કર છે. તેથી આત્માના પરિણામના ભેદથી બંધ અને મોક્ષનો ભેદ માનવો એ જ ન્યાયયુક્ત છે. અર્થાત્ આત્માના અમુક પરિણામથી બંધ અને અમુક પરિણામથી મોક્ષ થાય છે. આ રીતે સર્વનયની વિશુદ્ધિએ કરીને ઉપચારરહિત - યથાર્થપણે બંધ અને મોક્ષ એ બંને સિદ્ધ થાય છે.

मूलम् : (५४) ण अप्पभूयं कम्मं । ण परिकप्पियमेयं । ण एवं भवादिभेदो । ण भवाभावो उ सिद्धी । ण तदुच्छेदे अणुप्पाओ । ण एवं समंजसत्तं । णाणादिमं भवो । ण हेउफलभावो । तस्स तहासहावकप्पणमजुत्तं, णिराहारन्नयत्तओ णिओगेणं । तस्सेव तहाभावे जुत्तमेयं । सुहुममट्ठपयमेयं । विचिंतियव्वं महापण्णाए त्ति ।

छाया : *(५४) नात्मभूतं कर्म । न परिकल्पितमेतत् । नैवं भवादिभेदः । न भवाभाव एव सिद्धिः । न तदुच्छेदेऽनुत्पादः । नैवं समञ्जसत्त्वं । नानादिवान् भवः । न*

हेतुफलभावः । तस्य तथास्वभावकल्पनमयुक्तं निराधारोऽन्वयः कुतो नियोगेन। तस्यैव तथाभावे युक्तमेतत् सूक्ष्ममर्थपदमेतत् विचिन्तितव्यं महाप्रज्ञयेति ।

शब्दार्थ :

कम्मं = કર્મ
न अप्पभूअं = આત્મભૂત નથી, જ્ઞાનસ્વરૂપ નથી
एअं = આ કર્મ
न परिकप्पिअं = કલ્પિત-અસત્-વાસનાદિરૂપ નથી
एवं = એ પ્રમાણે, જ્ઞાનસ્વરૂપ કે કલ્પિત માનવાથી
न भवादिभेओ = ભવાદિકનો ભેદ નહીં થાય
भवाभावो उ = ભવનો અભાવ જ
न सिद्धी = સિદ્ધિ - મોક્ષ છે એમ પણ નથી
तदुच्छेदे = તે સંતાનનો ઉચ્છેદ થયે
अणुप्पाओ = તે સંતાનની ફરી ઉત્પત્તિ નહીં થાય એમ નહીં. ફરીથી પણ ઉત્પત્તિ થશે. જેમકે સંતાન સત્-વિદ્યમાન છતાં તેનો ઉચ્છેદ થાય તેમ અસત્-અવિદ્યમાન

	છતાં પણ તેની ઉત્પત્તિ થશે એમ માનવામાં કાંઈ વિરોધ નથી.
एवं =	એવી માન્યતા
न सम्मंजसत्तं =	ન્યાયયુક્ત નથી
अणाइमंत =	અનાદિમાન
भवो =	ભવ
न =	નહીં થાય, સંતાનની ઉત્પત્તિ કોઈક જ વખત થશે.
नहेतुफलभावो =	છેલ્લા તથા પહેલા ક્ષણનો કારણ કાર્યભાવ ન હોવાથી હેતુ અને ફળપણું ઘટશે નહિ
तस्स =	તે સંતાનની
तहासहावकप्पणं =	તેવા પ્રકારના સ્વભાવની કલ્પના કરવી તે
अजुत्तं =	અયોગ્ય છે
अन्नय =	અન્વયને-સંતાનને
निओगेणं =	અવશ્ય
निराहार =	નિરાધાર

कओ = કરી નાંખ્યો તેથી
तस्सेव = તે આત્માના જ
तथाभावे = તથાપ્રકારપણાને વિષે
एअं = આ કલ્પના કરવી
जुत्तं = યોગ્ય છે
एअं सुहुमं = આ સૂક્ષ્મ
अट्ठपयं = અર્થપદ
महापण्णाए = મોટી-સૂક્ષ્મ બુદ્ધિએ કરીને
विचिंतिअव्वं = વિચાર કરવા લાયક છે

ભાવાર્થ : આ સંબંધમાં દ્રવ્યાસ્તિક મતની અપેક્ષાએ પ્રરૂપણા કરી. હવે પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ કહે છે - કર્મ આત્મભૂત-જ્ઞાનસ્વરૂપ નથી તથા તે કર્મ કલ્પિત પણ નથી, અસત્ વાસનાદિરૂપ પણ નથી. એ પ્રમાણે કર્મને જ્ઞાનસ્વરૂપ કે કલ્પિત માનવાથી ભવાદિકનો ભેદ થઈ શકશે નહીં. તથા વળી કોઈ ભવના અભાવને જ મુક્તિરૂપ માને છે, બુઝાઈ ગયેલા દીવાની જેમ આત્માના સંતાનનો જે ઉચ્છેદ - વિનાશ એ જ મુક્તિ, એમ જે માનવું

તે પણ અસત્ય છે. સંતાનના ઉચ્છેદને મોક્ષ માનવામાં સંતાનનો ઉચ્છેદ થયા પછી પણ તે સંતાનની ફરીથી ઉત્પત્તિ થશે. જેમ છતા સંતાનનો પણ ઉચ્છેદ-વિનાશ થાય તેમ અછતા સંતાનની ઉત્પત્તિ પણ થાય એમ માનવામાં કાંઈ પણ વિરોધ નથી. ત્યારે શંકાકાર કહે છે કે - ભલે અછતા સંતાનની ઉત્પત્તિ થાય. તેમાં શો વિરોધ છે ? ઉત્તર - એમ માનવું ન્યાયયુક્ત નથી. કેમકે તેમ માનવાથી સંતાનની ઉત્પત્તિ કોઈક જ વખત થશે, તેથી અનાદિ ભવ સિદ્ધ નહીં થાય. તથા સંતાનના ઉચ્છેદનો છેલ્લો ક્ષણ અને ઉત્પત્તિનો પહેલો ક્ષણ એ બંને કારણ અને કાર્યરૂપ નહીં હોવાથી છેલ્લો ક્ષણ હેતુરૂપ (કારણરૂપ) અને પહેલો ક્ષણ ફળરૂપ (કાર્યરૂપ) નહીં થાય. અહીં શંકાકાર કહે છે કે - તથાપ્રકારનો જ તેનો સ્વભાવ માનશું. તો તે પર આચાર્ય મહારાજ કહે છે કે - તે સંતાનનો તેવો જ સ્વભાવ છે એવી જે કલ્પના કરવી તે યોગ્ય નથી. કેમ કે તેવી કલ્પનાથી તો તે સંતાન અવશ્ય નિરાધાર થઈ જાય છે. 'સ્વ' એટલે પોતાનો 'ભાવ' એટલે સત્તા તે સ્વભાવ કહેવાય છે. તેથી તે સંતાન નિવૃત્તિસ્વભાવવાળો પણ

કહેવો અને પોતાની સ્વાભાવિક સત્તાવાળો પણ કહેવો. એ રીતે તો સ્વભાવ શબ્દનો અર્થ જ નહીં રહેવાથી તે અવશ્ય નિરાધાર જ થઈ જાય છે. તેથી આત્માના જ તથાપ્રકારના સ્વભાવની કલ્પના કરવી યોગ્ય છે. આ સૂક્ષ્મ અર્થ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવા લાયક છે.

मूलम् : (५५) अपज्जवसियमव(वं) सिद्धसुक्खं । एत्तो चेवुत्तमं इमं । सव्वहा अमुस्सुगत्ते अणंतभावाओ । लोगंतसिद्धिवासिणो एए । जत्थ एगो तत्थ णियमा अणंता । अकम्मुणो गई पुव्वपओगेण अलाबुप्पभिइणायओ । नियमो अओ चेव । अफुसमाणगईए गमणं । उक्करिसविसेसओ इयं । अव्वोच्छेदो भव्वाणं अणंतभावेण । एयमणंताणंतयं । समया एत्थ णायं । भव्वत्तं जोगयामेत्तमेव केसिंचि, पडिमा जोग्गदारुणिदंसणेणं । ववहारमयमेयं । एसो वि तत्तंगं, पवित्तिविसोहणेण अणेगंतसिद्धिओ निच्छयंगभावेण । परिसुद्धो उ केवलं । एसा आणा इह भगवओ समंतभद्दा तिकोडिपरिसुद्धीए अपुणबंधगाइगम्मा ।

छाया : (५५) अपर्यवसितमेव सिद्धसौख्यं । अत एवोत्तममिदं । सर्वथाऽनुत्सुकत्वे (सति) अनन्तभावात् ।

लोकान्तसिद्धिवासिन एते । यत्र चैकस्तत्र नियमादनन्ताः अकर्मणो गतिः पूर्वप्रयोगेणालाबुप्रभृतिज्ञाततः । नियमोऽत एवास्पृशद्गत्या गमनं । उत्कर्षविशेषत इयं । अव्यवच्छेदो भव्यानामनन्तभावेन । एतदनन्तानन्तकं समया अत्र ज्ञातं । भव्यत्वं योग्यतामात्रमेव केषाञ्चित् प्रतिमायोग्यदारुनिदर्शनेन । व्यवहारमतमेतत् । एषोऽपि तत्त्वाङ्गं प्रवृत्तिविशोधनेनानेकान्तसिद्धितो निश्चयाङ्गभावेन । परिशुद्धस्तु केवलं । एषाऽऽज्ञा इह भगवतः समन्तभद्रा त्रिकोटिपरिशुद्ध्याऽपुनर्बन्धकादिगम्या ।

शब्दार्थ :

एव =	આ પ્રમાણે
सिद्धसुखं =	સિદ્ધનું સુખ
अपज्जवसिअं =	અનંતું - અંત વિનાનું છે
इत्तो चेव =	એ જ કારણ માટે
इमं =	એ સુખ
उत्तमं =	સર્વોત્તમ છે
सव्वहा =	સર્વથા પ્રકારે
अणुस्सुगत्ते =	ઉત્સુકતારહિતપણું

अणंतभावाओ = ते सुખनुं अनंतपणुं छे माटे

एए = આ સિદ્ધો

लोगंतसिद्धिवासिणो = લોકને છેડે રહેલા સિદ્ધિક્ષેત્રમાં વસનારા છે

जत्थ = જ્યાં

एगो = એક સિદ્ધનો જીવ રહેલો છે

तत्थ निअमा = ત્યાં નિશ્ચે

अणंता = બીજા અનંતા સિદ્ધજીવો રહેલા છે

अकम्मुणो = કર્મરહિત તે સિદ્ધજીવની

गई = અહીંથી ત્યાં સુધી ગતિ થવી તે

पुव्वपओगेण = પ્રથમના પ્રયોગે કરીને તેમ જ

अलाउप्पभिइनायओ = અલાબુ-તુંબડું એ આદિના દૃષ્ટાંત વડે જાણવી

अओ चेव = આ દૃષ્ટાંતથી જ

अफुसमानगईए = કોઈને નહીં સ્પર્શ કરતી એવી ગતિ વડે

गमणं = સિદ્ધિક્ષેત્રમાં જવું એ

निअमो = નિયમ - નિશ્ચય છે

इअं = આ અસ્પૃશત્ ગતિ

उक्करिसविसेसओ = ઉત્કર્ષવિશેષથી વિશેષ પ્રકાની ઉત્કૃષ્ટ ગતિ હોવાથી સંભવે છે

भव्वाण = ભવ્ય પ્રાણીઓનું

अणंतभावेण = અનંતપણું છે માટે

अव्वुच्छेओ = ભવ્યનો વિચ્છેદ-રહિતપણું નહીં થાય

एअं = આ ભવ્યનું અનંતપણું

अणंताणंतयं = અનંતાનંતક છે

इत्थ = એમાં

समया = સમયો જ

नायं = દષ્ટાંત છે

पडिमाजुग्गदारुनिदंसणेण - પ્રતિમા યોગ્ય કાષ્ઠના દષ્ટાંત વડે

केसिंचि = કેટલાક જીવોને

भव्वत्तं = આ ભવ્યત્વ

जोगयामित्तमेव = યોગ્યતા માત્ર જ છે

ववहारमयं = વ્યવહારનયનો મત છે

एसोऽवि = આ વ્યવહારનય પણ

पवित्तिविसोहणेण = પ્રવ્રજ્યાદિક દેવાથી પરલોક સંબંધી પ્રવૃત્તિને વિશોધન કરનાર હોવાથી

अणेगंतसिद्धीओ = અનેકાંત-સ્યાદ્વાદ-મતની સિદ્ધિ થવાથી

निच्छयंगभावेण = નિશ્ચયનયનું અંગ હોવાથી

तत्तंगं = તત્ત્વાંગ-પરમાર્થ જે મોક્ષ તેનું અંગ છે

परिसुद्धो उ = પરિશુદ્ધ

निश्चय = નિશ્ચયનય તો

केवलं = ફક્ત, આજ્ઞાની અપેક્ષાવાળો પુષ્ટાલંબનરૂપ છે

एसा = આ બંને નયવાળી અથવા આ સર્વ પંચસૂત્રમાં કહેલી

भगवओ = ભગવાનની

आणा = આજ્ઞા

तिकोडिपरिसुद्धीए = કષ, છેદ અને તાપરૂપ ત્રણ કોટીની શુદ્ધિ વડે

समंतभद्दा = ચારે તરફથી સર્વથા નિર્દોષ છે અને

अपुणबंधगाइगम्मा = અપુનર્બંધાદિક જીવો વડે જાણી શકાય
તેવી છે.

ભાવાર્થ : આ પ્રમાણે સિદ્ધનું સુખ અનંતું છે. એ જ કારણ માટે ઉત્સુકતારહિતપણું અને અનંતપણું હોવાથી આ સિદ્ધિનું સુખ સર્વોત્તમ છે. આવા સુખવાળા તે સિદ્ધજીવો ચૌદ રજ્જુ પ્રમાણ લોકને અંતે રહેલા સિદ્ધિ નામના ક્ષેત્રમાં વસે છે. કેવી રીતે રહેલા છે ? તે કહે છે કે જ્યાં એક સિદ્ધનો જીવ રહેલો છે ત્યાં નિશ્ચે બીજા અનંતા સિદ્ધ જીવો રહેલા છે. તે વિષે કહ્યું છે કે - 'જ્યાં એક સિદ્ધ છે, ત્યાં ભવના ક્ષયથી મુક્ત થયેલા અનંત જીવો સુખને પામ્યા છે. અન્યોન્ય બાધા-પીડા રહિત સુખે કરીને રહેલા છે.' અહીં કોઈ શંકા કરે કે - કર્મરહિત થયેલા જીવોની લોકાંત સુધી ગતિ શી રીતે હોય ? ઉત્તર - કર્મરહિત થયેલા સિદ્ધની અહીંથી લોકાંત સુધી ગતિ તથાપ્રકારના સ્વભાવને લીધે પૂર્વપ્રયોગે થઈ શકે છે. (જેમ ધનુષથી છૂટેલું બાણ પૂર્વપ્રયોગે કરીને દૂર સુધી જાય છે) તથા અલાબુ-તુંબડાને આઠ માટીના લેપ કરી પાણીમાં મૂકીએ તો તે તળિયે જઈને બેસે છે. પછી તેના લેપ અનુક્રમે દૂર થવાથી તે ઉપર

આવતું જાય છે. અને આઠે લેપ દૂર થવાથી તે છેક પાણીની ઉપર આવી જાય છે. તેમ આઠે કર્મરહિત થયેલો જીવ લોકને છેડે પહોંચે છે. શંકા - સિદ્ધિક્ષેત્રથી પણ ઊંચે તેનું ગમન કેમ થતું નથી ? ઉત્તર - તે અલાબુના દૃષ્ટાંતથી જ જેમ તે જળ ઉપર આવ્યા પછી તેની ઉપર જતું નથી તેમ સિદ્ધના જીવો લોકાંતે પહોંચ્યા પછી આગળ ધર્માસ્તિકાય ન હોવાથી તેની ગતિ થઈ શકતી નથી. શંકા - ઉપરાઉપર મૂકેલા કમળના સો પત્રને વીંધવાના દૃષ્ટાંત વડે પણ એક સમયમાં તેની તેટલી મોટી ગતિ શી રીતે થઈ શકે ? ઉત્તર - સિદ્ધના જીવ અસ્પૃશદ્ ગતિ વડે - કોઈને સ્પર્શ કર્યા વિના જ સિદ્ધિક્ષેત્ર પ્રત્યે જાય છે. અને આ કમળપત્ર વીંધવાનું દૃષ્ટાંત તો સ્પર્શવાળી ગતિની અપેક્ષાએ છે. તેથી તે દૃષ્ટાંત અહીં ઘટતું નથી. શંકા - ત્યારે આવી અસ્પૃશદ્ ગતિ શી રીતે સંભવે ? ઉત્તર - વિશેષ પ્રકારની ઉત્કૃષ્ટ ગતિ હોવાથી આવી અસ્પૃશદ્ ગતિ સંભવે છે. શંકા - સિદ્ધના જીવ તો ફરીથી કોઈપણ વખત સંસારમાં આવવાના નથી અને કાળ અનાદિ છે તેથી પ્રાયે છ માસની અંદર (અર્થાત્ અમુક વખતે) અનેક જીવોની સિદ્ધિ થવાથી

ભવ્યજીવ કોઈ બાકી સંસારમાં રહેશે નહીં. ઉત્તર - તથાપ્રકારે-શ્રેણિબંધ ભવ્યજીવો સિદ્ધિમાં જાય છે. તો પણ અહીં જીવો અનંતાનંત હોવાથી ભવ્યનો વિચ્છેદ થશે નહીં. શંકા - વનસ્પત્યાદિકને વિષે અનંતકાળની કાયસ્થિતિ છે તો પણ તેનો ક્ષય થાય છે તેમ અનંતી ભવ્યરાશિનો પણ ક્ષય કેમ નહીં થાય ? ઉત્તર - આ ભવ્ય જીવોનું અનંતક સમયની જેમ અનંતાનંતક છે. એટલે કે જેમ ક્ષણે ક્ષણે સમયોનો અતિક્રમ થયા છતાં પણ અનંતાનંતક હોવાથી તેનો ક્ષય થવાનો નથી, તેમ ભવ્યજીવોનો પણ ક્ષય થવાનો નથી. શંકા - 'વીતી ગયેલી ઋતુઋતુઓ ફરી ફરીને આવે છે અને ક્ષય પામેલો ચંદ્ર ફરી ઉદય પામે છે, પરંતુ નદીનું જળ અને મનુષ્યનું આયુષ્ય એ ગયું છતું પાછું આવતું નથી.' આ પ્રમાણે પંડિતોએ કહ્યું છે. છતાં કેમ કહેવાય છે કે ગયો કાળ પાછો આવતો નથી ? ગયેલો કાળ તો પાછો આવે છે. ઉત્તર - એ તો માત્ર વ્યવહારથી જ કહેવાય છે કેમ કે તે જ કાળ પાછો આવતો નથી. માત્ર તે નામની ઋતુ વિગેરે આવે છે. જો કાળ પાછો આવતો હોય તો કાળનો સ્વભાવ બાલ્યાદિક અવસ્થા કરનાર હોવાથી તે

બાલ્યાદિક અવસ્થા જ નિવૃત્ત નહીં થાય. નિવૃત્ત થયેલી ફરીથી પાછી આવશે. માટે ગયેલો કાળ પાછો આવે છે એમ સમજવું નહીં.

વળી આ ભવ્યત્વ કેટલાક જીવોને યોગ્યતા માત્ર જ હોય છે. એટલે કે તેઓ ભવ્ય છતાં કદાપિ સિદ્ધિપદ પામવાના જ નથી. શંકા - જો એમ છે તો અભવ્યમાં અને તેવા ભવ્યમાં શો તફાવત ? ઉત્તર - જેમ પ્રતિમા કરી શકાય એવું ગાંઠ આદિ દોષરહિત કાષ્ઠ છતાં પણ તેવી સામગ્રી નહીં મળવાથી તેની પ્રતિમા થતી નથી. તેમ તેવા ભવ્યો (જાતિભવ્યો) સામગ્રી નહીં મળવાથી મોક્ષ સાધી શકવાના નથી. આ સર્વ હકીકત વ્યવહાર નયને આશ્રી કહે છે. આ વ્યવહારનય પણ અહીં તથાપ્રકારની યોગ્યતાની બુદ્ધિનું ઉત્તમ કારણ હોવાથી તત્ત્વાંગ-પરમાર્થનું (મોક્ષનું) અંગ છે. તેવા સ્વભાવનો વિશેષ ન હોય તો પ્રતિમા યોગ્ય કાષ્ઠની જેમ અયોગ્ય કાષ્ઠને વિષે પણ તેવી - અયોગ્યતાવાળી બુદ્ધિ નહીં થાય. ઈત્યાદિ સવિસ્તર અન્ય ગ્રંથથી જાણવું. અહીં તો શુદ્ધ ક્રિયાનુષ્ઠાનને આશ્રીને કહ્યું છે કે આ વ્યવહારનય પણ તત્ત્વાંગ છે. તે

વિષે કહ્યું છે કે - "જો તું જિનમતને અંગીકાર કરતો હો તો તું વ્યવહાર અને નિશ્ચય એ બંને નયને તજીશ નહીં. કારણ કે વ્યવહારનયનો ઉચ્છેદ થવાથી અવશ્ય નિશ્ચય નયનો (અથવા મતાંતરે તીર્થનો) પણ ઉચ્છેદ થશે." આથી વ્યવહારનય પણ મોક્ષનું અંગ છે. કેમ કે તે વ્યવહારનય પ્રવ્રજ્યાદિક આપવાથી પરલોક સંબંધી પ્રવૃત્તિને શુદ્ધ કરે છે અને એ જ પ્રમાણે નિશ્ચયનયના અંગપણાએ કરીને ન્યાયથી સ્યાદ્વાદ મતની સિદ્ધિ કરે છે. આવી વ્યવહારનયની પ્રવૃત્તિથી અપૂર્વકરણાદિકની પણ પ્રાપ્તિ થાય છે અને પરિશુદ્ધ (નિશ્ચય) નય તો માત્ર આજ્ઞાની અપેક્ષાવાળો પુષ્ટાલંબનરૂપ છે. આવી વ્યવહાર અને નિશ્ચય ગર્ભિત આ સર્વ પંચસૂત્રમાં કહેલી ભગવાનની આજ્ઞા અહીં કષ, છેદ અને તાપરૂપ ત્રણ કોટિની શુદ્ધિ વડે સમંતભદ્ર એટલે સર્વથા નિર્દોષ છે તથા અપુનર્બંધક માર્ગાભિમુખ અને માર્ગપતિત વિગેરે જીવોએ જ જાણી શકાય તેવી છે. જેઓ ઉત્કૃષ્ટ કર્મસ્થિતિને ખપાવે છે અને ફરીથી તેવી ઉત્કૃષ્ટ કર્મસ્થિતિને બાંધવાના નથી તેઓ અપુનર્બંધક (સમકિતદૃષ્ટિ) કહેવાય છે. તેઓ દૃઢ પ્રતિજ્ઞા

અને સત્ અસત્ નો વિચાર વિગેરે કરનારા હોય છે. તેથી તેઓ જ ભગવાનની આજ્ઞાને જાણી-સમજી શકે છે. પરંતુ જેમને કેવળ સંસાર જ પ્રિય છે એવા ભવાભિનંદી જીવો જાણી શકતા નથી. તેમને તો વિષયોનો જ પ્રતિભાસ થાય એવું જ્ઞાન થાય છે.

मूलम् : (५६) एयपियत्तं खलु एत्थ लिंगं, ओचित्तपवित्तिविन्नेयं, संवेगसाहगं नियमा । न एसा अन्नेसिं देया । लिंगविवज्जयाओ तप्परिण्णा । तयणुग्गहट्ठाए आमकुंभोदगनासनाएणं । एसा करुण त्ति वुच्चइ एगंतपरिसुद्धा अविराहणाफला तिलोगनाहबहुमाणेणं निस्सेयससाहिग त्ति । पव्वज्जाफलसुत्तं ॥ ५ ॥

छाया : (५६) एतत्प्रियत्वं खल्वत्र लिङ्गं, औचित्यप्रवृत्तिविज्ञेयं संवेगसाधकं नियमात् । नैषाऽन्येभ्यो देया लिङ्गविपर्ययात्तत्परिज्ञा । तदनुग्रहार्थमामकुम्भोदकन्यासज्ञातेन, एसा करुणेत्युच्यते । एकान्तपरिशुद्धाऽविराधनाफला त्रिलोकनाथबहुमानेन निःश्रेयससाधिका ।

इति प्रव्रज्याफलसूत्रम् ॥ ५ ॥

शब्दार्थ :

एअप्पिअत्तं = આ આજ્ઞાપ્રિયપણું

खलु = એ જ

इत्थ = અહીં અપુનર્બંધાદિકને વિષે

लिंगं = ચિહ્ન છે. તથા

ओचित्तपवित्तिविन्नेअं =
ઔચિત્ય-પ્રવૃત્તિ વડે તે લિંગ જાણી શકાય છે

निअमा = અવશ્ય

संवेगसाहगं = સંવેગને સાધનારું છે તેથી

एसा = આ ભગવંતની આજ્ઞા

अन्नेसिं = બીજાઓને, અપુનર્બંધકાદિકથી બીજાઓને, ભવાભિનંદી જીવોને

न देआ = આપવા લાયક નથી

तप्परिण्णा = તે ભવાભિનંદીની ઓળખાણ

लिंगविवज्जयाओ = અપુનર્બંધાદિકના જે લિંગ કહ્યા છે તેના વિપરીતપણાથી થઈ શકે છે. તેમને આ આજ્ઞા કેમ ન આપવી ?

तयणुग्गहट्ठयाए = તે ભવાભિનંદીના અનુગ્રહને માટે

आमकुंभोदगनासनाएणं =

કાચી માટીના ઘડામાં નાખેલા જળના દૃષ્ટાંતથી જળ નાંખવાની જેમ તેને આજ્ઞા યોગ્ય નથી.

एसा = તેમને આ આજ્ઞા ન આપવી તે

करुणत्तिवुच्चइ = કરુણા-દયા કહેવાય છે

एगंतपरिसुद्धा = એકાંતશુદ્ધ

अविराहणाफला = અવિરાધનાના ફળવાળી છે

तिलोगनाहबहुमाणेणं = ત્રિલોકનાથનું બહુમાન કરવાથી

निस्सेअससाहिगा = મોક્ષને આપનારી છે

त्ति = આ પ્રમાણે

पव्वज्जाफलसुत्तं = પ્રવ્રજ્યાના ફળને

કહેનારું આ પાંચમું સૂત્ર સમાપ્ત થયું.

ભાવાર્થ : જેને ભગવાનની આજ્ઞા ઉપર - પ્રવચન ઉપર પ્રીતિ હોય તથા જે તેનું શ્રવણ, અભ્યાસ વિગેરે કરતા હોય તે અપુનર્બંધકાદિક જાણવા. અર્થાત્ પ્રવચન સંબંધી

પ્રીતિ, શ્રવણ અને અભ્યાસ એ અપુનર્બંધકાદિકનું લિંગ-ચિહ્ન - લક્ષણ છે. તે આજ્ઞાપ્રિયત્વ પણ આજ્ઞાના આરાધન વડે તેનું બહુમાન કરવાથી ઉચિત પ્રવૃત્તિએ કરીને જાણી શકાય છે. ઉચિત પ્રવૃત્તિ વિના આજ્ઞાપ્રિયત્વ હોય તો તે મોહ જ કહેવાય છે. વળી તે આજ્ઞાપ્રિયત્વ અવશ્ય સંવેગને સાધનાર છે. જેને ભગવાનની આજ્ઞા પ્રિય હોય તેને અવશ્ય સંવેગ પ્રાપ્ત થાય છે. આથી જ આ ભગવાનની આજ્ઞા અપુનર્બંધકાદિક વિના બીજા ભવાભિનંદી જીવોને આપવા લાયક નથી - ઉપદેશ કરવા લાયક નથી. જેનામાં અપુનર્બંધકાદિકનાં ચિહ્ન વિપરીતપણે હોય - તેનાથી વિપરીત લક્ષણો હોય તે ભવાભિનંદી જીવ છે એમ જાણી શકાય છે. કહ્યું છે કે - 'ક્ષુદ્ર, લોભી, દીન, મત્સરવાળો, ભયવાન, શઠ, અજ્ઞાની અને નિષ્ફળ આરંભ કરનારો જીવ ભવાભિનંદી કહેવાય છે.' આ ભવાભિનંદીને ભગવાનની આજ્ઞા શા માટે ન આપવી ? તે ઉપર કહે છે કે - તેના પર અનુગ્રહને માટે, તેના હિતની ખાતર જ તે આજ્ઞા આપવી યોગ્ય નથી. જેમ કાચી માટીના ઘડામાં જળ નાંખ્યું હોય તો તે જળ તે ઘડાનો જ વિનાશ કરે છે.

તેમ અયોગ્ય માણસને આપેલું આગમનું રહસ્ય તેનો વિનાશ (અહિત) કરે છે. કહ્યું છે કે - જેની મતિ પ્રશાંત-સ્થિર ન હોય તેને જે શાસ્ત્રનું રહસ્ય કહેવું તે નવા જ્વરવાળાને ઔષધ આપવાની જેમ અહિતને માટે જ થાય છે. આ કારણથી અયોગ્યને આ આજ્ઞા ન આપવી એ તેના પરની કરુણા જ કહેવાય છે. કેમ કે આ કરુણા તેના અહિતનું નિવારણ કરવાથી એકાંત શુદ્ધ છે. અને તેથી જ સમ્યક્ વિચારને લીધે અવિરાધનાનું ફળ આપનારી છે. આવી કરુણા ત્રિલોકનાથનું બહુમાન થવાથી મોક્ષને સાધનારી છે. એટલે કે આગમનું રહસ્ય નહીં જાણનારને આવી કરુણા હોતી નથી. પરંતુ આગમરહસ્ય જાણનાર જ આવી કરુણા કરી શકે છે, તેથી તેનું ભગવાનને વિષે બહુમાન હોય છે અને તેથી જ સાનુબંધ શુભ પ્રવૃત્તિને લીધે તેવી કરુણા મોક્ષને સાધી શકે છે.

આ પ્રમાણે પ્રવ્રજ્યાફળ નામનું પાંચમું સૂત્ર સમાપ્ત થયું.

इति पंचसूत्र समाप्तम्